કુમાર


સંસ્થાપક • રવિશંકર રાવળ

પ્રતિબિંબિત આકાશ

નકશીદાર કાંગરી વચ્ચે મઢેલા દર્પણ જેવા ખાબોચિયામાં
દેખાતા અને ક્ષિતિજ સુધી વિસ્તરેલા ભૂમિપટ પર ઝળૂંબી
રહેલા આકાશની ભવ્ય વિશાળતા દાખવતું ચિત્ર

ફોટો • અશ્વિન મહેતા

▽



વર્ષ પરમું • અંક ૬ઠ્ઠો = જૂન ૧૯૭૫ • તંત્રી : બચુભાઈ રાવત

સળંગ અંક ૬૧૮



પ્રકાશની ગાયો

[કલાકાર: કૃષ્ણલાલ ભટ્ટ. જુઓ આ અંકની 'કલાવાર્તા']

सं ते गावः तम आ वर्तयन्ति ज्योतिर्यच्छन्ति।

ઋગ્વેદની આ ઋચા (૭ ૭૯ ૨) ચિત્રવસ્તુ પર પ્રકાશ પાડે છે. સંસ્કૃતમાં 'ગો' શબ્દનો 'ગાય' તથા 'સૂર્યનાં કિરણો' એમ બે અર્થ છે. વેદમાં ઋષિઓએ પોતાનાં અંતર્દર્શનમાં ગાયોને અંધકારમાં ચરતી — એટલે કે અવચેતનામાં પ્રકાશની ગતિ થતી — જોયાનાં વર્ણન છે. આ ચિત્રમાં આકાશમાંથી પ્રસરતાં સૂર્યકિરણો પૃથ્વી પર ગાયો રૂપે આવી રહ્યાં છે એવું સૂચન છે.

[શ્રી માતાજીના સંગ્રહમાંથી · શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ પોંડિચેરીના સૌજન્યથી]

અંકમાંનું

જૂન ૧૯૬૫ • અંક ૬૧૮

તંત્રી: બચુભાઈ રાવત • ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

ફરીને વાંચું છું ત્યારે પેલી કહેવત યાદ આવી જાય છે: 'પુત્રનાં લક્ષણ પારણામાંથી'. સર ફ્રાન્સિસ બચપણથી જ ઉદ્યમશીલ અને સાહસી છે. હિન્દુસ્તાનનો યુવાન વિદ્યા-અભ્યાસ કરતી વેળા કે પછી પણ પરોપજીવી વનસ્પતિ માફક વડીલો તરફ મુખ રાખે છે, જ્યારે સર ફ્રાન્સિસ કઠિન પરિશ્રમ કરી ૨૬ વર્ષની ઉંમરે ૧૦ હજાર પાઉંડની વાર્ષિક આવક કરતા થાય છે.

શારીરિક વ્યાધિઓની પીડા હોવા છતાં અપર્યાપ્ત સાધનો દ્વારા દરિયાઈ માર્ગે પૃથ્વીની પ્રદક્ષિણા કરી અજોડ વિક્રમ સર્જનાર સર ફ્રાન્સિસનો જીવનમંત્ર પણ પ્રેરણાદાયી છે: 'હું ધારું છું કે જેમાં કશો પુરુષાર્થ જ ન રહેલો હોય તેવું કંઈ પણ કરવાનો કોઈ અર્થ નથી.'

આવા સાહસવીરની આજની અને આવનાર પેઢીઓએ રાહ જોવાની જ રહી.

(વાત્સલ્યધામ) —જીવરાજભાઈ મૈયાણી

કૅલ્કેનિયલ સ્પર

૬૧૩મા અંકમાં ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીના લેખ 'ડૉક્ટરની સલાહ'માં નં. ૪ની પૃચ્છા વિષે એક સૂચન છે: કૅલ્કેનિયલ સ્પર Spur of Os Calcaneus (or Calcis) જો એક્સ-રેમાં નીકળે તો હોમિયોપથીની બે ત્રણ દવાઓ એ ફૂટતા ફણગાને ઓગાળી શકે એવી આપી શકાય. આમ શસ્ત્રક્રિયા ટાળી શકાય છે. મારી પાસે છ-સાત કેસ આવા દર વર્ષે આવ્યા કરે છે. છ-આઠ મહિનાની દવા પછી ફરી ઊથલો નથી ખાધો. છ સાત વર્ષ પછી પણ ફરી દર્દ ઊપડ્યું નથી એવા દાખલા છે. કોઈને પણ પ્રયોગ કરવો હોય તો હું એ દવાઓ તથા વિશેષ વિગતો લખી મોકલવાને તૈયાર છું. 'કુમાર'માં જ આપી શકશો જેથી બધા જ વાચકોને લાભ થાય.

(ખાર) —રજની પંડ્યા

મેઘાણી વિષે માહિતી

હું વડોદરા યુનિ૰માં 'મેઘાણી: લોકસાહિત્યના સંશોધક અને સંપાદક' એ વિષય પર સંશોધન કરું છું. મારા સંશોધનમાં ઝવેરચંદ મેઘાણીની અપ્રકટ કૃતિઓની હસ્તપ્રતો, પ્રકટ કૃતિઓની તેમ જ અપ્રકટ કૃતિઓની સૂચિ, તેમના પત્રો, તેમના સંપર્કમાં આવેલા મહાનુભાવોના તેમના જીવન વિષેના પ્રતિભાવો વગેરે સામગ્રીની અત્યંત જરૂર છે. જે સજ્જનો પાસે આવી કોઈ પણ પ્રકારની પ્રકટ કે અપ્રકટ માહિતી હોય તેઓ સંશોધન પૂરતી મને ઉપયોગ કરવા આપે તેવી નમ્ર વિનંતી છે. એ નિમિત્તે કોઈ ઇચ્છે તો તેમને રૂબરૂ મળવાનું પણ હું ગોઠવીશ. મને આપેલી સામગ્રી ઉપયોગ થઈ રહ્યે પરત કરવાની અહીં લેખિત બાંહેધરી પણ આપું છું. આશા છે કે સંશોધનપ્રેમી સારસ્વતોનો યોગ્ય પ્રત્યુત્તર મળશે જ. (નિવાસ ૬, સી. કે. બિલ્ડિંગ, ત્રીજે માળ, ઠારવાલા જિન સામે, પેટલાદ—૩૮૮૪૫૦, (જિ. ખેડા.)

(પેટલાદ) —(પ્રા.) નલિન દેસાઈ

ફરી થોડી ભૂલો

જાન્યુઆરી '૭૫ના અંકમાં ફરી એક વાર ક્ષતિઓ જોઇ રંજ થયો.

પૃષ્ઠ ૩ ઉપર 'ક્યાં સુધી?'માં કવિશ્રી 'ફકીરમહંમદ મનસૂરી' છે તે ખરેખર 'ફકીરમોહંમદ મન્સૂરી' જોઈએ. 'મોહંમદ' અને 'મન્સૂરી' અરબી ભાષાના શબ્દો છે. પૃષ્ઠ-૧૮ 'કલાવાર્તા'માં મહૂમ બેગમ અખ્તર અબ્બાસી'માં 'મરહૂમ' અથવા 'મર્હૂમ' જોઈએ.

પૃષ્ઠ-૨૩ 'અંગ્રેજી સાહિત્યનું આચમન'માં 'વીનસ અને અડોનીસ'...ઉમરાવ Henry Wriothlesleyને અર્પણ કરી હતી તેમાં Wriothesly જોઈએ. બીજી કાવ્યકૃતિ 'ધ રેઈપ ઑવ લ્યૂક્રીસ' પણ શેક્સપીઅર Henry Wriotheslyને જ અર્પણ કરી હતી.

(કડી) —એમ. આર. મન્સૂરી

[*આપની ઝીણવટ માટે આભાર. મુહમ્મદની જોડણી મોહમ્મદ, મહમદ, મહમુદ એમ અનેક રીતે થતી જાણી છે. મૂળ અરબીમાં 'મીમ' ઉપર 'પેશ' હોવાથી મુહમ્મદ લેખી શકાય. 'મર્હૂમ'માં મુદ્રણ વખતે ઉપરનો રેફ ઊડી ગયો છે એટલું આપે ઉદારતાથી સમજી લેવું જોઈતું હતું. ફરી આભાર.]

જયશંકર અને બાલગંધર્વ

ફેબ્રુ. અંકમાં સ્વ. જયશંકર ભોજક (સુંદરી) વિષેનો લેખ ખૂબ સારો છે. એ વાંચતો હતો ત્યારે મનમાં સાથેસાથે યાદ કરતો હતો મહારાષ્ટ્ર રંગભૂમિના નટાધિરાજ બાલગંધર્વને!

મહારાષ્ટ્રના બાલગંધર્વ ને ગુજરાતના જયશંકર સુંદરી આ બંનેને નાટ્યસૃષ્ટિમાંના 'યુગ પ્રવર્તકો' જ કહી શકાય. જેમ શેક્સપીઅર માટે કહેવાય છે તેમ આ બંને માટે કહી શકાય: 'They were not for an age, but for all times'-એમને કોણ ભૂલી શકે?

મહારાષ્ટ્ર તેમજ ગુજરાતમાં આ બંને નટશ્રેષ્ઠોને રંગભૂમિ પર અભિનય કરતા જેમણે જોયા છે એવા લોકો પોતાને ભાગ્યશાળી ગણતા હોય એમાં નવાઈ નથી. 'રુક્મિણી સ્વયંવર' નાટકમાં બાલગંધર્વને 'રુક્મિણી'ના પાત્રમાં અથવા જયશંકરને 'સુંદરી'ના અભિનયમાં જોનારના મુખમાંથી સંસ્કૃત કવિના ઉદ્ગાર જ નીકળ્યા હશે.

'मम तु यदियं यातालोके विलोचन चन्द्रिका
नयनविषयं जन्मन्येकः स एव महोत्सवः' ॥

અને એક બીજી વાત લખવાજોગ લાગે છે: બાલગંધર્વ અને જયશંકર બંને એકબીજાના પ્રશંસક અને પ્રેમાળ મિત્રો હતા. એક મહારાષ્ટ્રીય લેખકે લખ્યું છે કે જ્યારે 'આકાશવાણી' દ્વારા બાલગંધર્વ ને જયશંકરનો પરસ્પર વાતચીત અને મિલનનો કાર્યક્રમ મુંબાઈમાં રેડિયો પર યોજાયો હતો ત્યારે બંને એકબીજાને મળીને ગળગળા થઈ ગયા હતા. બાલગંધર્વે મરાઠીમાં કહ્યું: 'જયશંકર, કિતિ દિવસાની ભેટતો આપણ!' ખરેખર એ હરિ-હર-મિલાપનું પવિત્ર દૃશ્ય જેમણે જોયું હશે તે ભાગ્યવાન!

(નવસારી) —શ્રીપાદ ફળણીકર

ગતિમાન વસ્તુની ફોટોગ્રાફી

અંક ૬૧૪માં પ્રકટ થએલાં 'ઘોડદોડ' અને 'પકડદાવ' બંને ચિત્રો–ફોટો લેનારનું કૌશલ્ય દાખવે છે. શ્રી ગિરીશ પરીખના ફોટો 'પકડદાવ'ના સંદર્ભમાં નીચેની વિગતો નોંધું છું:

ગતિમાન વસ્તુની ગતિ દર્શાવવા માટે ફોટોગ્રાફીની એક ટૅકનિક પૅનિંગ (Panning) છે. તે અંગે આપે રજૂ કરેલી વિગતો યોગ્ય છે; પરંતુ પ્રસ્તુત ચિત્રમાં પાત્રો અસ્પષ્ટ દેખાય છે તેથી આ ચિત્ર પૅનિંગની ટૅકનિકથી લેવાયું નથી તેમ માનું છું. પૅનિંગ ઉપરાંત ગતિમાન વસ્તુના ફોટો બે રીતે લઈ શકાય છે: ફોટોમાં પાત્ર મહત્ત્વનું ન હોય અને ગતિ જ મહત્ત્વની હોય તો ૧/૬૦, ૧/૩૦ સેકન્ડ જેવી સ્લો શટર સ્પીડ રાખીને ચિત્ર લઈ શકાય. 'પકડદાવ' ચિત્ર આ પ્રકારનું લાગે છે. ઉપરાંત ૧/૫૦૦ સેકન્ડ જેવી હાઈ શટર સ્પીડ રાખીને પણ

ગતિમાન વસ્તુની ગતિ અટકાવી શકાય.

ફોટોગ્રાફીના ઊંડા અભ્યાસીઓ આ અંગે વધારે સ્પષ્ટતા કરી માર્ગદર્શન આપે તેની અપેક્ષા સાથે—

(સાન્ટાક્રુઝ) —(કુ.) મૃદુલા શાહ

સોમપુરાનું પ્રથમ સંસ્કારી કુટુમ્બ

અંક ૬૧૩માં સ્વ. કાંતિલાલ ફૂલચંદ સોમપુરા વિષે જણાવ્યું છે કે તે સોમપુરા જ્ઞાતિમાં સૌપ્રથમ ગ્રૅજ્યુએટ થયા. પરંતુ જ્યારે કાંતિલાલનો જન્મ પણ નહોતો થયો ત્યારે સમસ્ત સોમપુરા જ્ઞાતિમાં પાલીતાણામાં કેળવાએલું ને સંસ્કારી કુટુંબ શ્રી ઓઘડભાઈ ભવાનજીનું હતું તેમના પુત્ર સ્વ. રેવાશંકરભાઈ આજથી સાઠ વર્ષ પર પહેલવહેલા ગ્રૅજ્યુએટ થએલા. તેમના પુત્ર શ્રી ભાનુશંકરભાઈ ગુજરાત રાજ્યની હાઈ કોર્ટના જજ હતા. તેમના ભાઈ શ્રી ગુલાબરાય અમેરિકા સિવિલ એન્જિનીઅર થઈ આવેલા. શ્રી રેવાશંકરભાઈના નાના ભાઈ પદ્મશ્રી પ્રભાશંકરભાઈ ભારતના પ્રાચીન શિલ્પ-સ્થાપત્યના અગ્રગણ્ય પ્રખર વિદ્વાન છે. તેઓ આજે ૮૦ વર્ષે પણ તંદુરસ્ત હોઈ, ભવ્ય શિલ્પસ્થાપત્યનાં નિર્માણ કરી રહ્યા છે. તે કુટુંબના સભ્યો વિદેશોના યુરોપ, અમેરિકાની યાત્રા પણ કરી આવ્યા છે. શ્રી પ્રભાશંકરભાઈના પુત્ર વિનોદરાય અમેરિકાની ઉચ્ચ એન્જિનીઅરિંગની પરીક્ષા પાસ કરી ત્યાં જ સકુટુંબ સ્થાયી થઈ રહ્યા છે. અમારી જ્ઞાતિમાં સંસ્કાર અને કેળવણીના ક્ષેત્રે પ્રથમ સ્થાન શ્રી ઓઘડભાઈ ભવાનજીના કુટુંબનું આજે પણ ગણાય છે.

(અમદાવાદ)—મનસુખલાલ લાલજી સોમપુરા

શતરંજ અંગે

'કુમાર'માં શ્રી સુરેશ મોદીના લેખો શતરંજની રમત અંગે ઘણું જ્ઞાન આપી જાય છે. 'કુમારે' તેમાં ખાસ રસ લઈને પુસ્તિકા પ્રકટ કરેલી છે તે ઘણું ઉત્તમ છે.

શતરંજ વિષે હમણાં જ 'વિજ્ઞાનદર્શન'ના માર્ચ '૭૫ના અંકમાંથી વાચકોને આશ્ચર્ય પમાડે તેવી માહિતી મળી, કે શતરંજની કરોડો ચાલ છે તેમાં પ્રથમ ૧૦ ચાલની જુદી જુદી ૫૧૮,૯૨૯,૧૦૦,૫૪૪,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ રીતે રમી શકાય છે! આ શતરંજની રમતમાં બુદ્ધિ શક્તિ કેમ વિકાસ પામતી હશે તેની સાબિતી છે. આટલી ચાલમાંથી ખેલાડીએ પોતાની રીતે પસંદ કરી ચાલવાનું હોય છે. સ્વાભાવિક રીતે જ તેમાં તર્કશક્તિની કસોટી છે.

(રાજકોટ) —સ્વજીભાઈ ડોબરિયા

તળાવકાંઠાનો ઓટલો

અંક ૬૧૩માં 'ગુજરાતમાં કલાનાં પગરણ' એ શ્રી રવિશંકર રાવળના આત્મકથાનકમાં શ્રી રાવળે ગુજરાતમાં પ્રથમ કલાપ્રદર્શન માટે બે ચિત્રો આલેખેલાં: (૧)નાનાલાલનું ગુર્જરસુંદરી (૨) 'સરસ્વતીચંદ્ર' માંથી આરંભનો પ્રસંગ 'તળાવકાંઠાનો ઓટલો'. તેમાં છાતી પર ચોપડી રાખી સૂઈ ગએલો અજાણ્યો લાગતો સરસ્વતીચંદ્ર અને બાગમાં ફરવા આવેલી કુમુદ, કુસુમ અને વનલીલા નિરૂપ્યાનું વિધાન છે. એ બાબતે હું ધ્યાન પર લાવવા માગું છું કે સુવર્ણપુરમાં રાજેશ્વર મહાદેવનાં દર્શને અમાત્ય બુદ્ધિધનના પરિવારમાં કુમુદ અને અલકકિશોરી, વનલીલા વગેરે છે. પણ કુસુમનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે બિહૂદું છે. કુમુદ અહીં સાસરે આવી છે, પણ કુસુમ તો રત્નનગરીમાં જ છે.

(કડાછલા, વાયા આણંદ) —અજિત છ. ગઢવી

[*આપ સાચા છો.]

કરકસર અને બીજું

૬૧૧મા અંકમાં લખ્યા મુજબ જૂની ગળી ગએલી ચાદર, પંચિયુ કે ધોતિયું વચ્ચેથી ફાડી બીજા છેડેથી સાંધી ઓઢી લેવાતાં 'ડાંડિયું' કર્યું કહેવાય છે. રૂમાલ, લંગિયા, ગંજી જથ્થાબંધ લેવામાં કરકસર માનનાર વ્યક્તિને કરકસર કરવાની જરૂર નથી. કરકસર તો મધ્યમવર્ગીએ કરવાની છે.

'કરકસર—મંતવ્ય': ગૃહિણીએ રસોઈમાં વપરાતું અનાજ ઘરના વપરાશ મુજબ લઈને તેમાંથી એક મુઠ્ઠી બચાવી પાછું મૂકવું તે કરકસર. 'રાંધ્યું વધે ને બોલ્યું બહાર પડે' એ કરકસર માટેનું મોટું સૂત્ર છે. બોલવામાં પણ કરકસર એટલી જ જરૂરી છે.

કરકસર તો ગૃહિણી જ કરી શકે. સરકાર પણ ગૃહિણી જ ગણાય. ભસવું ને લોટ ખાવો બંને એકસાથે ન થાય. કિસાનોને રાજી રાખવા છે એટલે ભાવ વધારો, અને પ્રજા મરી રહી છે તો મોંઘાઈ સામે પગલાં લો!

'સોલંકી સંવત' ॐ राजावली पूर्व्व वत् ॥ संवत ९३ चैत्र सुदी ११ रवौ' એ મુજબ સંવત ૧૯૮૩ના ચૈત્ર સુદિ ૧૧ના રોજ રવિવાર હતો? એ પચાંગમાં જોઈ નક્કી કરીએ તો ફેર ન પડે?

લાડનુ (રાજસ્થાન)માં આચાર્ય તુલસીએ કહ્યું કે જનતા અપરિગ્રહી બને. ધર્મ ક્યાં છે! ધર્મને પુસ્તક કે મંદિરમાં કેદ ન કરી શકાય, ધર્માધિકારીઓએ ધર્મનું જે સ્વરૂપ બનાવી દીધું છે તે આ વૈજ્ઞાનિક યુગમાં સ્વીકાર્ય નથી.'

ધર્માધિકારીઓ, મહંતો, મઠાધીશો કે સંન્યાસીઓ કે શંકરાચાર્ય કે અન્ય આચાર્યોએ માત્ર 'ઈશ્વરને ઓળખો' પર ભાર દીધો છે, પણ એથી વધારે મહત્ત્વનું છે આજુબાજુની કુદરતને ઓળખો. રાજકોટથી ભાઈ કિશોર ગોહિલ લખે છે તેમ સ્થાન, પશુપક્ષીને, વનસ્પતિને

ઓળખો, સંશોધન કરો. તારકવૃંદને જુઓ ને તેના પર વિચારો. પુરાણોની કથા નક્ષત્રમંડળો પરથી તે રચાઈ છે તે ભુલાવું ન જોઈએ.

'હાઈકુ' માટે 'ક્ષણિકા' શબ્દ હિંદીમાં પ્રચલિત થતો જાય છે.

(ઝરીઆ) —ત્રિપુરાશંકર જટાશંકર ત્રિવેદી

ઘરેડ (?)

ફેબ્રુઆરીનો અંક 'કુમાર'નું ધોરણ જાળવી રાખે છે; ઊંચો નથી ઊઠતો. 'વાચકો લખે છે' વિભાગ હમેશા મુજબ રસપ્રદ રહ્યો. ભાઉ દાજીનો પરિચય પ્રેરક છે. નર્મદા–યોજનાના સળગતા પ્રશ્નો અંગે શ્રી અમૃત પંડ્યાની શાસ્ત્રીય છણાવટ સચોટ છે. વર્ષો બાદ આ વરિષ્ટ વિદ્વાનની કલમ 'કુમાર'ના પાને ચમકી છે. મંગળ પરનો શ્રી ચ. ગુ. નાયકનો માહિતીલેખ પણ સુંદર છે. 'કુમાર' તેની પોતાની ઘરેડમાં ન ફસાય તો સારું.

(પેટલાદ) —દેવપ્રસાદ શુક્લ

'કુમાર' વિષે

શ્રી ગિરીશ પરીખના ફોટોગ્રાફ અને શ્રી બેન્દ્રેનાં ચિત્રો જોઈ મધુર પ્રસન્નતાની એક લાગણી થઈ. 'વનફૂલ'નાં લખાણો વાંચવાં એ એક વિશેષ લહાવો લાગે છે. એમનાં કોઈ લખાણો ગુજરાતીમાં ગ્રંથસ્થ થયાં હોય તો એ વિષે માહિતી આપી આભારી કરશો.* મારી જેમ બીજા અનેક વાચકોને એનું આકર્ષણ હશે.

શ્રી રવિશંકર રાવળનું આત્મકથાનક ખૂબ સરળ અને માહિતીપ્રદ હોઈ ગમે છે. લઘુકથા વાંચીને દિલ ભરાતું નથી—contrived લાગે છે. ફેબ્રુઆરીમાં સંધ્યા સમય પછી બે ગ્રહોની યુતિ ઘણો સમય દેખાઈ. એ વિષે 'માસમાસના આકાશમાં' માહિતી જાણવાની ઘણી ઉત્સુકતા હતી. હજી પણ એ વિષે જણાવી શકાય તો સારું. લાગણી, ભાવના અને વિચારની દુનિયામાં કેટલા કલાકારો જુદાજુદા માર્ગે વિહરી શકે છે અને બીજાને પણ એનો લાભ આપી શકે છે એનો પ્રત્યક્ષ પુરાવો 'કુમાર' છે.

(અમદાવાદ) —જગદીશ પરીખ

[* વર્ષો પહેલાં સ્વ. મેઘાણીએ 'ફૂલછાબ' કાર્યાલયમાંથી એમની ટૂંકી વાર્તાઓના અનુવાદનો સંગ્રહ 'તણખલાં' નામે પ્રકટ કર્યાનું યાદ છે.]

૪૫ હજાર મીટરની ઊંચાઈ

અંક ૬૨૫–પાના નં. ૧૨૧ ઉપર નીચેનું લખાણ વાંચ્યું: 'આમાં તાલીમાર્થીએ ૪૫ હજાર મીટરની ઊંચાઈ એથી હેલીકૉપ્ટરમાંથી કૂદકો મારવાનો હોય છે.'

આમાં '૪૫ હજાર મીટર'ની ઊંચાઈ બરાબર લાગતી નથી. ૪૫ હજાર મીટર એટલે લગભગ ૧,૪૭,૫૫૫ ફૂટ થાય. આટલી ઊંચાઈએ હેલીકોપ્ટર ન જઈ શકે. (બોઇંગ વિમાનો લગભગ ૩૫,૦૦૦ ફૂટ ઊંચે જાય છે.)

બીજું આટલી ઊંચાઈએ બહારનું ઉષ્ણતામાન ખૂબ જ નીચું હોય એટલે ઠેકડો મારનારે જો અવકાશયાત્રી પહેરે છે તેવાં કપડાં પહેર્યાં ન હોય તો થીજી જાય. આમ, આમાં કંઈક ભૂલ લાગે છે.

(અમદાવાદ) —એ. એફ. ભાયાણી

'કુમાર'

'કુમાર' સંસ્કૃત શબ્દ 'આપ્ટે કોશ' પ્રમાણે પુત્ર, બાલક અને યુવાન અર્થ બતાવે છે. પાંચ વરસથી નાનો કુમાર. રાજકુમારને કુમાર કહે છે. કાર્તિકેય જે યુદ્ધના દેવતા તે પણ કુમાર કહેવાય છે. તે બ્રહ્મચારી રહ્યા છે. અગ્નિ, પોપટ અને સિન્ધુ નદીના અર્થમાં પણ 'કુમાર' શબ્દ વપરાએલો છે.

'કુમાર'ના અક્ષરોને જુદાં એકમ તરીકે લઈ સમગ્ર ભાવ નીરૂપતાં, 'ક' એટલે આત્મા, 'ઉ'= પરમાત્મા, 'મ'=બ્રહ્મા, 'આ'=ગતિ તરવરાટી, 'ર'=તેજસ્વિતા. વેદ-પ્રણાલિમાં પુલ્લિંગમાં સ્ત્રીલિંગ સમાઈ જાય, ને એકવચનમાં અનેકવચન. એટલે આમાં કુમારીઓ સમાવિષ્ટ છે.

'કુમાર'ના મુખપૃષ્ઠ પર અક્ષરનું મરોડથી કલાત્મક સ્ફૂર્તિનું નિતનવીન દર્શન, સ્વચ્છ અને સુંદર છપાઈ વડે સરસ્વતીનાં વિવિધ ક્ષેત્રોના છટાદાર શૈલીના લેખો, કાવ્યો, ચિત્રવાર્તા, સંગીત, નૃત્ય, શિલ્પ, રાષ્ટ્રીય ઇતિહાસ, અંગ્રેજી ભાષાનું આચમન વગેરે અતિ વિશાળ ફલક ઉપર ગુજરાતનાં બાળકોનું જાણે 'પોથી વિદ્યાલય'! 'કુમાર' સર્વતોભદ્ર છે. આધેડ વયે પહોંચ્યા છતાં સુકુમાર જ રહ્યું છે. 'કુમાર' પ્રજાઘડતર માટે હાર્દશ્રીડ બિચારણ છે.

सत्यं 'कुमारं' सुन्दरम्, संस्कृतिसभरं वरम्।
काव्यशिल्पैतिह्यप्रभं, नानारत्नोपशोभितम् ॥

'ધ્યાન' વિષે

'ધ્યાન' ઉપરના લેખ વિષે યોગના ઠીકઠીક અનુભવને આધારે કહું કે–

(૧) દાઢીને છાતી-ગળાના ખાડામાં અડાડી પછી શ્વાસ અંદર લેવો—પૂરક કરવો એ બરાબર નથી. આ જાલંધર બંધ કહેવાય, જે પછી કુંભક માટે ટેકા રૂપ છે. પાણીનો બંધ બાંધે તેમ યોગમાં બંધ ને મુદ્રાઓ હોય છે. મુદ્રાને કૅનાલ સાથે સરખાવી શકાય. દા.ત. પેટુને અંદર ખેંચવી તે તડાગી મુદ્રાથી કુંડલિની જાગ્રત થવામાં વાર લાગતી નથી.

(૨) ધ્યાન માટે આસન-પ્રાણાયામની પૂર્વભૂમિકા બતાવી છે તે સ્તુત્ય છે. સીધું ધ્યાનને શક્તિપાત કરતાં આવી પદ્ધતિ જ સ્તુત્ય છે. વિનોદમાં જોડેલો એક શ્લોક મોકલું છું.

भोगा न भुक्ता वयमेव भुक्ता,
भोगा न सिद्धा वयमेव सिद्धाः
ध्यानं न ध्यातं वयमेव ध्याताः
ज्ञेयं न ज्ञातं वयमेव ज्ञाताः ।

(રાજકોટ) —હરસુખ ભચ

ટીંબો/ભાનુપ્રસાદ પંડ્યા

• શિખરિણી-સૉનેટ •

ઢળ્યો આડો વ્હેતા સમીરની થઈ ઠેસ, ભૂખર
કવેળાનું વીંટી જીરણ વરવું વસ્ત્ર, વગરે
અકાળે પોઢેલાં કંઈક સુખની લાંબી કબર
સમો ટીંબો. રોડાં, કરચ નળિયાં—હાંડલી તણી
વિખેરાયાં વાંછા ત્રૂટિત સરખાં, ને અધપડી
ખડી દેરી—સંજ્ઞા અતીતરચી પ્રશ્નાર્થની વડી!
'દટાયું'તું આખું અમ જૂનું અહીં ગામ'—ઘરડાં
કહેતાં. ત્યાં બેસી નીરખું બધું ને સાંજ ઢળતી.

શિલાઓ આઘેરી વળતી લહું ટોળે-ધણ ઘસી
રહ્યું? વાંસે નાનાં તરુ ય દૃય-ગોવાળ ઝૂમતા!
ઝબૂક્યા તારા બે ચકમકની શું કાંકરી ઝગી?
ગડાકુની ગંધે મઘમઘી રહ્યાં સીમ-વગડો.
સુણાતી શેડ્યો યે પયની, અવ લ્યો ઝાલર બજી!
ગલી ગૂંજી,—ગોતું મુજ ઘર જડે ના કયમ હજી?

અસ્તિત્વ/દિનેશ મોદી

અનેક પરિવર્તનો અવં નિહાળું આ ગામમાં,
હતો તડપતો કંઈ વરસથી જ જે દર્શવા.
ખરે, નીરખી જે શિશુવય મહીં ભૂમિ—એ શું આ?
-નહિ, ન જ બને: જુદી દીસત કો. દગો વિસ્મિત;
ન શક્ય સ્મૃતિની મુદા અવ, હતી અપેક્ષિત જે;
સફર વ્યર્થ શું માહરી?:
તળાવતીર પે રહ્યાં નવનવાં મકાનો ઊગી,
ક્રીડાંગણ જહીં રમ્યા દિવસરાત—ક્યાં ગાયબ?!
હવે ધૂળભરી ગલી મહીં ભમાય?—એ ગૈ મજા;
—પગો સજડ ચોંટતા ડામરે;
અજાણ! મૂક! બૅંક, થે'ટર, ધમંત ઑફિસું યે!
'...હતું નજરને પરિચિત જ ગામ ક્યાં ગોતવું...?
ચલો નહિ મળે...' થઉં પરત: ત્યાં ભરાતો દગે
પ્રચંડ ધ્વનિ: થાય લુપ્ત દગ માંહ્યલું મૌન સૌ—
દીસે ઊડત આકૃતિ ધસતી ભોમથી ચક્ષુએ
ધરિત્રી-જનની તણી; વદતી આર્દ્ર હૈયે—સ્વરે
(નદી નિકટની, અને પવન, વ્યોમ સંગે વદે:)
...'દિનેશ! બદલાયલાં નથી અમે, છીએ જે હતાં:
નદી, પવન, વ્યોમ ને જમીન એ જ; છે સાચવી
હજુ ચીવટથી સ્મૃતિ તવ તણી અમારી કને—
—અમ મહી શકે ખોળા તું;
જનમ જ્યારનો તેં લીધો
તને ઠીકથી જાણીએ, યદપિ તું ગયો શે ભૂલી...?'
મથું પકડવા છતાં સમજ ના પડે ક્યાંથી આ
મધુર પરિચિત નાદ શ્રવણો ભરી દોડતો..
હવે અવશ માહરાં ડગ વળે પુનઃ ગામમાં...

ઉદાસ છે/મહેન્દ્ર સમીર

• ગઝલ •

હું પણ ઉદાસ છું અને તું પણ ઉદાસ છે,
આપણને જોઇ જોઇને દર્પણ ઉદાસ છે.

આ મૌન તણા સ્પર્શને આપો કંઈ અવાજ,
આ મૌન તણા સ્પર્શથી કંકણ ઉદાસ છે.

ના કાફલાનું દર્દ હતું કાફલા સુધી,
જો કાફલા ગયા તો હવે રણ ઉદાસ છે.

શહનાઈ તણા સૂરને એની ખબર નથી,
તૂટી ગએલ કોઈનું સગપણ ઉદાસ છે.

એને ય કૈંક એની હતી આપદા 'સમીર',
ગુલશનમાં જઈને જોયું તો કણકણ ઉદાસ છે.

છેવટ સુધી/હનીફ સાહિલ

• ગઝલ •

એટલે કરતા રહ્યા એનું જતન છેવટ સુધી,
લાવશે રંગ કોઈ દી મારું જીવન છેવટ સુધી.

અંત વેળા દૂર તક મુજને જતો જોતા રહ્યા,
પણ કરી એ ના શક્યા મુજથી કથન છેવટ સુધી.

શેખની વાતોને મસ્જિદમાં સમર્થન સાંપડ્યું,
ને સુરાલયમાં રહ્યું મારું જીવન છેવટ સુધી.

તું ભલેને લાખ પરદાઓમાં સંતાઈ રહે,
તુજને શોધી કાઢશે મારાં નયન છેવટ સુધી.

એક તું કે જે સદાયે ગર્વમાં રાચી રહ્યો,
એક હું કરતો રહ્યો તુજને નમન છેવટ સુધી.

શોધમાં એની હજારો કાફલાઓ ગુમ થયા,
કોઈ પણ પામી શક્યું ના એ સદન છેવટ સુધી.

મેં સતત 'સાહિલ' વિમુખતા એમની કીધા કરી,
તે છતાં એની રહી મુજ પર લગન છેવટ સુધી.

ક્યાં સુધી?

રાજેન્દ્રસિંહ જાડેજા

ક્યાં સુધી ફેલાઉં હું?-
ચાર ખંડો, સાત સમંદર.

ક્યાં સુધી ફેલાઉં હું?-
દસ ગ્રહોનું સૂર્ય-મંડળ.

ક્યાં સુધી ફેલાઉં હું?-
સ્વર્ગ-ગંગા પાંચ-પંદર

ક્યાં સુધી ફેલાઉં હું?-
વિશ્વ આખું મારી અંદર.

હાઇકુ

જયંત મોઢા

•

ગોરજ ટાણે,
પાદરનો પાળિયો
ગાયો ગણે છે!

ગુગર ચાલ્યો
દરિયાને મળવા
વાંકળા રસ્તે!

હાઈકુ

'અઝીઝ' ટંકારવી

•

લીલા ઝાડની
ડાળીઓ પર ફૂટ્યું
શ્વેત આકાશ.

ટીંબો: ગામથી દૂર જૂના ગામનો ટીંબો સાંઝુકી વેળા જોતાં થએલું અતીતનું સ્મરણ આ કાવ્યનું સ્પંદન બન્યું. સાંજ વેળાએ જાણે એ ટીંબો ફરી વસતો અનુભવ્યો: દૂરની શિલાઓ ધણ જેવી લાગી, પાછળનાં નાનાં તરું ગોવાળિયા જેવાં ...ને પછી તો ક્યાંક ગાય દોહવાવાની શેડ્યો અને ઝાલર પણ સંભળાયાં. તો પછી મારું ઘર કેમ જડતું નથી? એ પ્રશ્ન સાથે ટીંબાના જીવંત અસ્તિત્વ સાથે જાણે એકરૂપ થવાની અનુભૂતિ આ રચનામાં વ્યક્ત થઈ છે.

અંજ્ઞાત તરફ વીરતાભરી સાગરખેડ કરીને જેણે નવી દુનિયાનાં દ્વાર ખોલ્યાં



ઍન્ગ્રેવિંગ : હેન્રી લેફૉર્ટ△

લેખક : ધીરુભાઈ પરીખ

ક્રિસ્ટોફર

કોલંબસ

ગરીબાઈમાં જન્મી, મામૂલી શિક્ષણ છતાં ય અપાર પુરુષાર્થ અને અમાપ આત્મવિશ્વાસ વડે જેણે પોતાના જીવનનું ઘડતર કર્યું હતું, હિમ્મત અને કુનેહથી અનેક સંકટોનો સામનો કરી જેણે સહજભાવે અપનાવેલાં સાહસોને પાર પાડયાં હતાં, વિશાળ અજ્ઞાત મહાસાગરમાં નવી જ કેડી આંકી જેણે ભાવિ પેઢીઓને સમૃદ્ધિ તથા ભવ્ય સાહસ-સંજીવનીની ભેટ ધરી હતી.

યુરોપના સાગરપારનાં વિસ્તરણની કથાનું એ એક કેન્દ્રવર્તી પાત્ર હતો.

તબડક! તબડક! તબડક! તબડક!

ફીણના ફિસોટા ને ધૂળના ગોટા ઉડાડતો એક ઘોડો છલંગો મારતો આગળ વધી રહ્યો હતો. એની પીઠ પર બેઠેલા દરબારી અસવારની આંખો માર્ગમાં ચારે તરફ કોઈ ને શોધી રહી હતી વચ્ચે એક ધર્મશાળા પાસે તે થોભ્યો અને રખેવાળને પૂછ્યું: 'કોઈ ધોળા વાળવાળો, ઊંચો માણસ આ તરફ આવ્યાની કંઈ ખબર છે?'

'હા, થોડી વાર પહેલાં જ એવો એક માણસ અહીં થઈ ને નીકળ્યો હતો ખરો.'

પેલા દરબારીએ તુરત ઘોડાની રાંગ વાળી અને એડી અડતાં જ ઘોડો ઊપડ્યો. આગળ એક બીજી ધર્મશાળા આવતાં ત્યાં પણ પૂછી જોયું. રખેવાળ ડોશીએ કહ્યું કે એકાદ પહોર પહેલાં જ એવો એક જણ ત્યાંથી આગળ ગયો હતો.

તબડક...તબડક... અને ફરી અસવારે ઘોડાને મારી મૂક્યો. અંતે દૂર એક નાળા પાસે એણે એક ખચ્ચર જોયું એને નાળા પર મૂકી વહેતાં પાણીને નીરખી રહેલા એક મુસાફરને જોયો. 'એ જ!' અસવાર મનોમન બોલી ઊઠ્યો. તરત જ એણે પેલા મુસાફરને કહ્યું: 'રાણીસાહેબ આપને બોલાવે છે. આપને દરબારમાં પાછા લઈ જવા એમણે મને મોકલ્યો છે.'


રાજદરબારમાંથી ચાલી નીકળેલા જીનોઆના એક સામાન્ય વણકરના એ સાગરખેડુ દીકરાને સ્પેઈનની રાણી ઈઝાબેલા દરબારમાં પાછો બોલાવી રહી હતી. કારણ? રાજા ફર્ડિનાન્ડ અને રાણી ઈઝાબેલા સમક્ષ એણે જે શોધસફરની યોજના રજૂ કરી હતી એ જો પાર પડે તો પૂર્વના જાહોજલાલ દેશો સાથે સીધો વ્યાપાર-વ્યવહાર સ્થાપીને સ્પેઈન ન્યાલ થઈ જાય એટલું જ નહિ, યુરોપભરમાં એનો રાજપ્રભાવ વધી જાય.

પણ સ્પેઈનને ન્યાલ કરવામાં એ ઈટાલિયન વણકર પુત્રને શો લાભ હતો? પહેલો તો એ કે એ વણકરનો દીકરો હોવા છતાં દરિયાનો આશક હતો. ભૂમધ્ય સાગરની નાનીનાની ખેપો ને થોડી એ બહારની સફરો પછી એને હવે આટલાંટિક મહાસાગર પર પોતાનાં સુકાન ફેરવવાં હતાં. પશ્ચિમ દિશામાં એકધાર્યા આગળ વધી જળમાર્ગે પૂર્વના દેશોમાં પહોંચી શકાય એમ એ માનવા લાગ્યો હતો અને પોતાની આ માન્યતાની ચકાસણી કરવા એને આ મહાસાહસ ખેડવું હતું. પંડે તો એ આવા મોટા સાહસનો ખર્ચ વેઠી શકે તેમ નહોતો, એટલે રાજ્યાશ્રય માટે ભટકતો હતો. જે નવી ભૂમિ એ ખોળી કાઢે એના પર એના આશ્રયદાતા રાજાની એ આણ વરતાવે, ત્યાં એ રાજ્યનો વ્યાપાર-વહેવાર સ્થાપી આપે અને રાજ્યનો એ રીતે વિસ્તાર અને સમૃદ્ધિ વધારી આપે. બદલામાં એ રાજ્ય એને પોતાનો ઉમરાવ બનાવે અને પ્રથમ નૌસેનાપતિ-પદ આપે, પોતે શોધી આપેલા પ્રદેશો ઉપર વંશપરંપરાગત શાસનાધિકાર આપે અને એ નવા પ્રદેશોમાંથી રાજને જે આવક થાય તેમાંથી દસમો ભાગ આપે. જરા વધુપડતી મહત્ત્વાકાંક્ષી આ શરતો હતી. એટલે જ તો એનો સ્વીકાર કરતાં સ્પેઈન પણ ખચકાયું અને પેલો મહત્ત્વાકાંક્ષી સાગરખેડૂ રાજદરબાર છોડી ચાલી નીકળ્યો.

પણ જો એની શોધસફર પાર પડે અને એ કહે છે તેમ નવા દેશો પર સ્પેઈનની સીમા વિસ્તારે ને એની આણ વર્તે, ને ત્યાંની સમૃદ્ધિ સ્પેઈનમાં ઊતરે તો?...એની શરતો પાછળ પોતાના સાહસની સફળતાની પૂર્ણ શ્રદ્ધા હતી, અને એ શ્રદ્ધાના બળે જ એ આટલાંટિક પાર કરવા થનગની રહ્યો હતો. એના આત્મવિશ્વાસ પાછળ અનેક દરિયાઈ સફરોનો એનો અનુભવ અને પોતે જે કંઈ જાણતો હતો તેને આધારે કરેલી ગણતરીઓ હતી. એની સફળતામાં સ્પેઈનનું હિત સ્પષ્ટ હતું. રાતભર વિચાર કરી રાણી એને રાજસહાય આપવા તૈયાર થઈ ગઈ અને સવાર પડતાં જ એને પાછો વાળવા રાજદરબારીને દોડાવ્યો.

હા. જીનોઆ (ઈટલી)ના એક ગરીબ વણકરનો એ પુત્ર હતો. ક્રિસ્ટોફર કોલંબસ એનું નામ. એના જન્મની ચોક્કસ તારીખ મળતી નથી, પરંતુ એટલું નક્કી છે કે ઈ. સ. ૧૪૫૧ના ઑગસ્ટથી ઑક્ટોબર દરમિયાન એનો જન્મ થએલો. પિતાએ એને ભણાવવાની કોશિશ કરેલી, પણ ભાઈનો જીવ ભણવામાં લાગેલો નહિ. જો કે મોડેમોડે એ લૅટિન વાંચતાં અને સ્પૅનિશ લખતાં શીખેલો ખરો. પણ એનો ખરો શોખ તો નાનપણથી જ દરિયાકિનારે ભટકવાનો અને ખારવાઓની દરિયાઈ વાતો સાંભળવાનો. પરદેશથી આવતાં જહાજોને એ એકીટશે જોઈ રહેતો અને પોતે પણ મહાન સાગરખેડુ બનવાના સ્વપ્નમાં ખોવાઈ જતો. સાગર ખેડવાનું એનું આ સ્વપ્ન સાકાર થયું એની લગભગ ૧૪ વર્ષની વયે. આમ છતાં ય એની નોંધપાત્ર પ્રથમ સાગરસફર તો એક દસકા પછી ઈ. સ. ૧૪૭૫ની. ત્યારે એણે કાઈઑસના ઇજિયન ટાપુનો વ્યાપારી પ્રવાસ પોતાને માથે ખેડેલો. વળી, પછીને જ વર્ષે, ૧૪૭૬માં જ્યારે એ જિબ્રાલ્ટરની સામુદ્રધુનીમાંથી એક જહાજ લઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે ફ્રાન્સના નૌકાકાફલાએ એના જહાજ પર હલ્લો કર્યો. જહાજ ડૂબ્યું ને એક હલેસાનો સહારો લઈ કોલંબસ એ દરિયો તરીને લિસ્બન (પોર્ટુગલ) પહોંચ્યો હતો.

અને પછી તો એ પોર્ટુગલમાં સ્થાયી થયો. ત્યાં પૅાર્ટો સાન્ટો ટાપુના માલિકની પુત્રી ફિલિપા પિરિસ્ટ્રેલો સાથે તેણે લગ્ન કર્યું. થોડા સમયના સુખી દામ્પત્યજીવન બાદ ડીએગો (Diego) નામક પુત્રને જન્મ આપી ફિલિપા મૃત્યુ પામી. પત્નીના મૃત્યુ પછી કોલંબસનો દરિયાઈ જીવ ફરી સળવળવા લાગ્યો અને સાગરપારના નવા પ્રદેશોની શોધ-યોજનાઓ ઘડવા માંડી. એમાં તેની વિધવા સાસુએ પોતાના મૃત પતિના અમુક દસ્તાવેજો તેને બતાવ્યા, જેમાં આટલાંટિક મહાસાગરની પશ્ચિમે આવેલા કેટલાક પ્રદેશોની વાત હતી. કોલંબસની કલ્પના આનાથી ઉત્તેજાઈ. પછી તો એણે સેનેકા, પ્લિની, ટૉલેમી, માર્કો પોલો આદિનાં લખાણો વાંચ્યાં. કૅથે અને જાપાન વિષે એણે જાણકારી મેળવી. વળી, લિસ્બનના ફ્નોએ માર્ટિન્સ પર લખેલા પોતાના પત્રમાં વિજ્ઞાની પાઓલોએ



◁ સાન્ટા મારિયા, પિન્ટા અને નિના. અસીમ અજાણ મહાસાગરની સફર માટે તદ્દન સામાન્ય આ જહાજોમાં કોલંબસે આટલાંટિક મહાસાગર પાર કરેલો. ત્રણેમાં મુખ્ય સાન્ટા મારિયા વળતી સફરના આરંભમાં જ ડૂબી ગએલું.

કોલંબસની શોધ

માર્કો પોલોનાં પ્રવાસવર્ણનોએ કૅથે* અને ત્યાંની સમૃદ્ધિનું યુરોપમાં એક અજબ કુતૂહલ પ્રકટાવ્યું હતું. મધ્ય એશિયાને માર્ગેથી આવતી હિંદુસ્તાનની જાહોજલાલીની વાતોએ લોકોની કલ્પનાને બહેલાવી મૂકી હતી. પૂર્વના દેશોની અઢળક સમૃદ્ધિ એમને સાહસો માટે ઉત્તેજી રહી હતી. એ જ વખતે કૉન્સ્ટેન્ટિનોપલનું પતન થઈ પૂર્વ તરફ જવાના માર્ગો પર બળિયા મુસલમાન તુર્કોનો કાબૂ આવી જતાં પશ્ચિમ યુરોપના ખ્રિસ્તી વેપારીઓ અને રાજ્યો સમસમી ગયાં.

એક એવો વિચાર પણ પ્રકટયો કે માર્કો પોલો જેવો કોઈ મહાન સફરી કૅથેના ખાન પાસે પહોંચી જાય, કદાચ એને ખ્રિસ્તી પણ બનાવે, પછી એને આ માર્ગ અવરોધી રહેલા તુર્કો પર પૂર્વમાંથી ચડાઈ કરવા પ્રેરે અને અહીં પશ્ચિમમાંથી યુરોપનાં રાજ્યો તુર્કોને ભિડાવે તો એ ભીંસમાં તેઓ ખલાસ થતાં ફરી પૂર્વમાં પહોંચવાનો માર્ગ મોકળો થઈ જાય.

સાગરખેડનો હજી અનુભવ લઈ રહેલો, જીનોઆ (ઈટાલી)ના વણકર ડોમિનિકો કોલમ્બોનો પુત્ર ક્રિસ્ટોફેરો કોલમ્બો (સ્પેનિશ: ક્રિસ્ટોબાલ કોલોન) એટલે કે યુવાન ક્રિસ્ટોફર કોલંબસ પણ આ બધું સાંભળવા પામતો. પણ એ જાણતો હતો કે ભૂમિમાર્ગે ચીન પહોંચવું હવે તુર્ક અવરોધોને કારણે શક્ય નહોતું. પણ માર્કો પોલોને જેની ખબર નહોતી એ બાબત એ જાણતો હતો. કેટલાક નિષ્ણાતોની રજૂઆતો પરથી એ પણ માનતો હતો કે પૃથ્વી ગોળ છે; અને જો એ હકીકત ખરી હોય તો પશ્ચિમ તરફ આગળ ને આગળ જતાં ચીન કે હિંદુસ્તાન પહોંચવાનો સંભવ ખરો. બીજી બાજુ એક વર્ગ આફ્રિકાની પ્રદક્ષિણા કરીને હિંદ પહોંચવાની શક્યતામાં પણ માનતો હતો. ભૂમધ્ય અને રાતા સમુદ્રને જોડતો કોઈ જલમાર્ગ તો ત્યારે હતો નહિ. એટલે જમીનમાર્ગે જ ત્યાંનો વહેવાર ચાલતો, જે અગવડ ભર્યું હતું, અને મીસર અને સીરિયા પણ તુર્ક કબજામાં હોઈ એ વધુ કપરું બની ગયું હતું.

*કૅથે એ લગભગ ઈ. ૧૧૦૦ સુધી ચીનના ઉત્તર ભાગમાં સત્તા ભોગવતી એક મંગોલિયન જાતિ ખૈતાન પરથી માર્કો પોલોએ ચીન દેશ માટે વાપરેલું નામ છે: Catbay–Catain.

છતાં કેટલાંક રાજ્યો સાહસ કરી નવાનવા પ્રદેશો શોધવા પ્રવૃત્ત થયાં હતાં. પોર્ટુગાલ અને સ્પેઈન એમાં અગ્રગણ્ય હતાં. પોર્ટુગાલ પાસે આટલાંટિક મહાસાગરની કંઠાર પર લિસ્બન જેવું સગવડ ભર્યું ધીકતું બંદર હતું. પોર્ટુગીઝો પોતે સારા સાગરખેડુ પણ હતા અને એમનો રાજા પ્રિન્સ હેન્રી જ્ઞાનવિજ્ઞાન ઉપરાંત સાગરી શોધસફરોમાં બહુ રસ લેતો હોઈ સાહસિકોને ઘણું ઉત્તેજન આપતો. 'પ્રિન્સ હેન્રી ધ નૅવિગેટર' તરીકે એટલે જ તો એ ઓળખાતો. એની સહાયથી જ તો એઝોર્સ ટાપુ ને કેઈપ વર્ડે શોધાયાં હતાં. આફ્રિકાની પશ્ચિમ કંઠારેથી પોર્ટુગીઝો સોનું, હાથીદાંત અને મરી લઈ આવતા: પણ ત્યાંની ગરમી એમને માટે અસહ્ય હતી. વળી, સોનું વગેરે મેળવવા કરતાં આફ્રિકાના હબસીઓને પકડી લાવીને ગુલામ તરીકે વેચવાનું એમને વધુ સરળ લાગેલું. કોલંબસ પણ ત્યાંની એક સફર કરી આવેલો.

પણ એના મનમાં તો પશ્ચિમને માર્ગે સાગર ખેડીને કૅથે ને હિંદુસ્તાન પહોંચવાના વિચારો ઘોળાતા હતા. પણ દરિયાપાર કેટલે દૂર કૅથે હશે એની એને કલ્પના નહોતી. છતાં પોતાના સાહસમાં પ્રિન્સ હેન્રી પાસેથી મદદ મેળવવાની એને આશા હતી. પણ પ્રિન્સનું અવસાન થયું.

બીજી બાજુ ઍરેગોનના ફર્ડિનાન્ડ અને કૅસ્ટાઈલની ઈઝાબેલાના લગ્નથી ખ્રિસ્તી સ્પેઈનની એકતા સધાઈ. ગ્રૅનેડામાંથી પણ રહીસહી અરબોની સત્તા એમણે દૂર કરી અને યુરોપનું એ એક મહાન ખ્રિસ્તી રાજ્ય બની રહ્યું, એટલે હવે નવાનવા મુલકો શોધી પોતનો રાજવિસ્તાર

જણાવેલું તેના મનમાં વસી ગયું કે આટલાંટિકમાં થઈને પશ્ચિમમાં આગળ વધવું એ પૂર્વના દેશો તરફ પહોંચવાનો ટૂંકો માર્ગ છે. કોલંબસે એ પત્રની નકલ મેળવી અને પોતાના વિચારો સાથે એ મંતવ્યને સરખવી જોયું. એની ગણતરી પણ એ જ હતી કે પૃથ્વી જો ગોળ છે, તો પશ્ચિમ દિશામાં સીધા ને સીધા હંકારી જવાથી પૂર્વના સમૃદ્ધ દેશ કૅથે અને ત્યાંથી ઇન્ડિયા (હિંદ) પહોંચી શકાય...અને એણે હવે નિરધાર કર્યો કે આટલાંટિક દ્વારા પૂર્વના એ સમૃદ્ધ પ્રદેશ પર અચૂક પહોંચવું.

પણ એમાં થનારો અઢળક ખર્ચ એ એક સામાન્ય સાગરખેડુના ગજા બહારની વાત હતી. ખૂબ મનોમંથન પછી એણે (ઇ. ૧૪૮૪માં) પોર્ટુગલના રાજા જૉન પાસે મદદની માગણી મૂકી. રાજાએ એની માગણીનો અસ્વીકાર કર્યો. આ અસ્વીકારની પાછળ પોર્ટુગલના રાજાની



કોલંબસની શોધના ખબર એ કાળે પણ અજબ વેગે સર્વત્ર પ્રસરી ગયા હતા. એની પહેલી સફર પૂરી થયાના વર્ષમાં જ એ વિષે પ્રકટ થએલા આ તદ્દન કાલ્પનિક ચિત્રમાં કોલંબસને હિસ્પાનીઓલાની ભૂમિ પર ઊતરતો દર્શાવ્યો છે. ટાપુ પરના નિર્વસ્ત્ર લોકો અને કોલંબસના જહાજના વૈભવમાં એ કલ્પનાનો બહેલાવ જોવા મળે છે.

મેલી મુરાદ હતી. કોલંબસના નકશાનો ઉપયોગ કરી એ રાજાએ પોતાના ચુનંદા નાવિકોને એ નવા પ્રદેશની શોધમાં મોકલી દીધા. પરન્તુ માર્ગમાં જે સંકટોનો સામનો કરવો પડયો તેથી ગભરાઈને એ નાવિકો પાછા ફર્યા. આ વાતની ખબર જ્યારે કોલંબસને પડી ત્યારે એ ગુસ્સે ભરાયો અને ખિન્ન થયો. એથી વધુ એ બીજું કરી પણ શું શકે? પણ તેણે હજી પોતાના પ્રવાસની આશા છોડી નહોતી. ઈ. સ. ૧૪૮૫માં નસીબ અજમાવવા એ સ્પેઈન ગયો. ત્યાં રાણી ઈઝાબેલા અને રાજા ફર્ડિનાન્ડના દરબારમાં પોતાની યોજના રજૂ કરી મદદ માગી. એની મહત્ત્વકાંક્ષી અને માતબર યોજનાથી રાજારાણીનાં મન લલચાયાં. પણ એ કંઈ નાનીસૂની યોજના ન હતી. એની સાથે અનેક પ્રશ્નો સંકળાએલા હતા. હા, એટલું ખરું કે રાજા અને રાણીને તેની યોજના દ્વારા પ્રાપ્ત થનાર ભાવિ સમૃદ્ધિમાં રસ પડયો હતો. એટલે નજીવું વર્ષાસન બાંધી આપી એમણે ક્રિસ્ટોફરને સ્પેઈનમાં રોકી રાખ્યો ને એની યોજનાને ચકાસી જોવા એક વિદ્વદ્-સમિતિ નીમી. પાંચ વર્ષને અંતે સમિતિએ અહેવાલ આપ્યો કે 'આ સફર લગભગ ત્રણેક વર્ષ જેટલી ચાલશે, ને પશ્ચિમને માર્ગે એશિયા જતાં આગળ શી શી મુશ્કેલીઓ ઊભી થશે એ કહી શકાય નહિ. વળી, કદાચ એ ત્યાં પહોંચી જાય તો યે એ પૃથ્વીની બીજી બાજુએ હશે, જ્યાંથી પાછા ફરવું ક્રિસ્ટોફર માટે અશક્ય હશે.'...અને આ નિષ્ણાતોના મનનું સમાધાન કરાવતાં ક્રિસ્ટોફરને બીજાં બે વર્ષ લાગ્યાં! આ જંગી સાહસનું જોખમ ઉઠાવવા હજી રાજારાણી ઢચુપચુ હતાં.

દરમિયાનમાં વિધુર કોલંબસ બીઆટ્રીઝ નામની એક સ્ત્રીના પરિચયમાં આવ્યો. એની સાથે એણે લગ્ન તો નહોતું કર્યું, પરંતુ તેનાથી એને પુત્ર થએલો. આ બીજા પુત્ર ફર્ડિનાન્ડે સ્પેઈનની ભૂગોળ લખેલી.

એક તરફ રાજસહાયનો કોઈ ચોક્કસ ઉત્તર મળતો નહોતો તો બીજી

કરવામાં એણે પણ ઝંપલાવ્યું. દરમિયાન વર્ડેની ભૂશિરથી આગળ બાર્થોલોમ્યુ ડિયાઝ નામે એક ફિરંગી (પોર્ચુગીઝ) ૧૪૮૬માં આફ્રિકાની છેક દક્ષિણે હાલના 'કેઈપ ઑાવ ગુડ હોપ' સુધી જઈ આવતાં એ માર્ગે જઈ પૂર્વમાં વળીને હિંદુસ્તાન પહોંચવાની શક્યતા વધી ગઈ હતી. આ તરફ પોર્ટુગાલની સહાયની શક્યતા ન રહેતાં પોતાના ભાઈ બાર્થોલોમ્યુ દ્વારા કોલંબસે ફ્રાંસ અને ઇંગ્લૅન્ડનો પણ ૧૪૮૯માં હાથ દાબી જોયો, પણ છેવટ ઈ. ૧૪૯૨માં એને સ્પેઈનની સહાય મળી.

પશ્ચિમને તદ્દન અજાણ માર્ગે આટલાંટિક મહાસાગર પાર કરી, જેની પોતાને કશી જ જાણ નહોતી એટલા અંતરે અને પોતે ક્યાં પહોંચશે તેની નિશ્ચિત ખબર વગર, કેવળ પોતે સ્વીકારેલા એક ખયાલ અને અખૂટ આત્મશ્રદ્ધાના બળે એણે આ સાહસમાં ઝુકાવ્યું હતું. એની સફરને અંતે એણે હિંદનો જળમાર્ગ શોધ્યો છે એમ જ મનાતું હતું. યુરોપભરમાં એથી એક ઉત્તેજના પ્રસરી વળી હતી. આફ્રિકાને માર્ગે વાસ્કો ડા ગામા હિંદુસ્તાન પહોંચવા નીકળી ચૂક્યો. નવા મુલકો પર સત્તા બેસાડવા સ્પેઈન ને પોર્ટુગાલ વચ્ચે હરીફાઈ ચાલી. એમાં પોપ વચ્ચે પડ્યો અને એણે ઈ. ૧૪૯૩માં એક 'બુલ ઑાવ ડિમાર્કેશન' (સીમા નિર્ણયનું ફરમાન) બહાર પાડ્યું કે એઝોરેસથી સોએક લીગ પશ્ચિમે દર્શાવેલી એક હદ આગળના બધા અખ્રિસ્તી પ્રદેશો સ્પેઇને ને એની પૂર્વેના બધા અખ્રિસ્તી દેશો પોર્ટુગાલે હાથ કરવા. આ રીતે ઉત્તર દક્ષિણ અમેરિકા ખંડ અને અન્ય ટાપુઓ સ્પેઈનને અને હિંદુસ્તાન, ચીન, જાપાન વગેરે તથા આફ્રિકા ખંડ પોર્ટુગાલને ભાગે આવ્યા. અને બંને દેશોએ આ મુલકો કબજે કરવા માંડ્યા. ગોવા, મલાક્કા, જાવા અને છેક ચીન સુધીનો ફિરંગી (પોર્ચુગીઝ) પથારો આ ફરમાનને આભારી છે.

બીજી બાજુ કોલંબસે આંકેલા માર્ગે સ્પૅનિયાર્ડોએ અમેરિકા—ખાસ કરીને મધ્ય અને દક્ષિણ અમેરિકાની તળભૂમિ પર પહોંચી જઈ ત્યાંની 'મય' અને 'ઈન્કા' સંસ્કૃતિ તથા તેનાં મહારાજ્યો ધમરોળી નાખીને અઢળક સોનું હાથ કર્યું. કોલંબસે જીવનભર ભલે કબૂલ ન કર્યું, પણ અન્ય સાહસિકો હવે સમજી ગયા હતા કે કોલંબસે જે ભૂમિનાં દ્વાર ખોલ્યાં હતાં એ એશિયા નહિ પણ કોઈ નવો જ ખંડ હતો. અને ત્યાંથી એમને મળેલી સંપત્તિથી સ્પેઈન યુરોપભરમાં પ્રભાવક બની ગયું. ઈ. ૧૫૧૩માં બાલ્બોઆએ પનામાના પર્વતો ઓળંગી એની પેલી પાર નવા મહાસાગરની શોધ કરી હતી. પછી ફર્ડિનાન્ડ મૅગેલન ફિરંગી હોવા છતાં સ્પેઈનનો નાગરિક બની પશ્ચિમના માર્ગે અમેરિકાને વળોટી પૂર્વમાં જવા નીકળ્યો અને બાલ્બોઆએ જોએલા મહાસાગરને પ્રશાંત (પૅસિફિક) મહાસાગર નામ પણ એણે જ આપ્યું. ફિલિપાઈન્સ ટાપુઓમાં એ મરાયો, પણ એના માણસોએ એણે આંકેલી સફર જારી રાખી અને ઈ. ૧૫૧૯માં નીકળેલાં પાંચ વહાણ તથા ૨૭૦ માણસોના એમના કાફલામાંથી ઈ. ૧૫૨૨માં એક જ વહાણ અને ૧૮ માણસો પૂર્વમાંથી પાછા ફર્યા. પૃથ્વીની એ પહેલી પ્રદક્ષિણા હતી.

કોલંબસે પશ્ચિમનાં દ્વાર ખોલ્યાં એ પરથી ને શોધ સફરોમાં પોર્ટુગાલ તથા સ્પેઈનને મળેલી સફળતાઓથી પ્રેરાઈ ને ફ્રાંસ, ઇંગ્લૅંડ અને હૉલૅન્ડે પણ શોધસફરો આદરી. એમાં અમેરિકાની ઉત્તરેથી ધ્રુવપ્રદેશના બરફીલા વાયવ્ય માર્ગે થએલાં સાહસો અત્યંત ઉત્તેજક બની રહેલાં, જેની પ્રેરક કથાઓ અગાઉ 'કુમાર'માં પ્રકટ થઈ ચૂકી છે.

આમ, કોલંબસની પોતાની સિદ્ધિ કે દેણગીનું અન્ય સફળ સાહસોની સરખામણીમાં ભલે મહત્ત્વ ઓછું ગણાય, પણ અજ્ઞાત જળરાશિમાં નવી કેડીઓ આંકવાના એના આત્મશ્રદ્ધાભર્યા ખમીરે અને સાહસે જે નવી શક્યતાઓ પ્રકટ કરી એથી, એના વિષે અનેક ટીકાઓ થવા છતાં યે, યુરોપના સાગર પારના વિસ્તરણની કથામાં એ એક કેન્દ્રવર્તી પાત્ર બની રહ્યો છે. (સંપાદકીય)


તરફ દૂર દૂરની અજ્ઞાત ભોમના પ્રવાસે નીકળી પડવા એનું મન તીવ્રતાથી તલસી રહ્યું હતું. અંતે રાણીના આગ્રહથી રાજા મદદ આપવા તો તૈયાર થયો, પણ કોલંબસની શરતો એને વધુપડતી લાગી. આથી તેની યોજનાનો અસ્વીકાર થયો. એટલે કોલંબસનું ધ્યાન હવે ગયું ફ્રાન્સના રાજા ચાર્લ્સ આઠમા તરફ, અને સ્પેઈનને અલવિદા કરી એ નીકળી પડ્યો. કોલંબસના ચાલ્યા ગયા પછી પિરેઝ નામના એક પાદરી સલાહકારની જોરદાર દલીલો અને સમર્થ સમજાવટથી રાણી ઈઝાબેલા કોલંબસને મદદ આપવા તૈયાર થઈ અને કોલંબસને પાછો તેડાવ્યો.

હવે કોલંબસને પોતાના પુરુષાર્થનો પરચો બતાવવાની તક મળી. સ્પેઈનના રાજાએ એને 'સાન્ટા મારિયા', 'પિન્ટા' અને 'નિના' નામે ત્રણ નાનાં વહાણો આપ્યાં. આમાંના ૧૧૭ ફૂટ લાંબા સૌથી મોટા 'સાન્ટા મારિયા'ને કોલંબસે કાફલાનું મુખ્ય જહાજ બનાવ્યું ને એને એણે ખુદ પોતાના અધિકારમાં રાખ્યું. સામાન્ય કક્ષાનું એ એક વ્યાપારી જહાજ હતું. આટલાંટિકની સુદીર્ઘ સફર માટે એના પર જરૂરી મરામતો કરી હતી. કોલંબસે પોતે નોંધ્યા પ્રમાણે એને પાંચ સઢ હતા. સંરક્ષણ માટે એના પર એક જ તોપ અને એક વધારાની હોડી હતી. લગભગ ચાળીસ જેટલા માણસો એના પર હતા. 'પિન્ટા' અને 'નિના' તો એથી યે નાનાં સામાન્ય કક્ષાનાં વહાણો હતાં. 'પિન્ટા'નું સુકાન માર્ટિન આલોન્સો પિન્ઝૉન અને તેના ભાઈ ફ્રાન્સિસ્કો માર્ટિન પિન્ઝૉને તથા 'નિના'નું વિસેન્ટ યાનેઝ પિન્ઝૉને સંભાળ્યું. જરૂરી પૂરવઠો અને સંરક્ષણ માટેની પૂરતી સામગ્રી આ વહાણોમાં ચડાવાઈ. રાજા ફર્ડિનાન્ડે રોકડ નાણું ઠીકઠીક આપ્યું ને કોલંબસે ગાંઠનું પણ કેટલુંક એમાં ઉમેર્યું.

ઈ. ૧૪૯૨ના ઑગસ્ટની ત્રીજી તારીખના સૂર્યોદયને હજુ અર્ધોએક કલાકની વાર હતી. સ્પેઇનના પૅલૉસ બંદરે વિદાય આપનાર લોકોની ભીડ જામી. એકબીજાને ભેટી સૌએ અશ્રુભીની વિદાય આપી અને આ નાનકડો નૌકાકાફલો અનિશ્ચિત ભાવિના ગર્ભમાં જાણે ગરક થવા ઊપડ્યો! કોઇ જાણતું નહોતું કે એ ક્યારે પાછો ફરશે, અરે, પાછો ફરશે કે નહિ એની પણ શંકા હતી; સાદાં હલેસાં અને સઢની મદદથી પવનદેવની દયાદૃષ્ટિ પર આગળ વધવાનું હતું! દરિયાઈ તોફાનો સામે ઝઝૂમવાની કોઈ સામગ્રી નહિ. ભયાનક જળચર પ્રાણીઓનો પણ એવો જ ભય. ચાંચિયાઓનો પણ ત્રાસ કંઈ જેવોતેવો નહિ. વળી, ભૌગોલિક જ્ઞાનનો પણ અભાવ. આવાં અનેક સંકટોની શક્યતા વચ્ચે કોલંબસે ઝંપલાવ્યું હતું સાચા સાહસનું લક્ષણ જ એ છે કે તે અખૂટ શૌર્ય અને અજોડ હિમ્મત બક્ષે. એટલે અલ્પ સાધનસામગ્રી અને અનલ્પ આત્મવિશ્વાસથી કાફલો આગળ વધ્યો.

બારમી ઑગસ્ટે તેઓ કૅનેરી ટાપુઓ પર પહોંચ્યા. ત્યાં છઠ્ઠી સપ્ટેમ્બર સુધી રોકાયા અને પછી પશ્ચિમ વરફ આગળ પ્રયાણ આદર્યું. છેક દૃષ્ટિમર્યાદાના છેડા સુધી ક્યાયે જમીન દેખાતી નહોતી. ચોતરફ બસ પાણી જ પાણી! ઊછળતા લોઢે લોઢ! પશ્ચિમ તરફ હંકાર્યે જવા સિવાય જહાજો પર હવે કંઈ ખાસ કામગીરી રહી નહોતી. ઉપર આકાશ ને નીચે પાણી વચ્ચે નવરા ખલાસીઓ હવે કંટાળવા લાગ્યા. કોલંબસ શોધવા નીકળ્યો હતો એ દેશ ક્યાં હશે ને ત્યાં ક્યારે પહોંચાશે એ ખુદ એમનો નાખુદો પણ જાણતો નહોતો. ધીરેધીરે આ સફરની સફળતા વિષેની શ્રદ્ધા ઓસરવા લાગી અને અનિશ્ચિત ભાવિની કલ્પનાએ સૌ ખલાસીઓમાં હતાશા પ્રકટાવવા માંડી. કોલંબસની અહીં જ ખરી કસોટી હતી. ત્રણ જહાજમાં વહેંચાએલા બધા પર એણે કાબૂ રાખવાનો હતો.

બહુ કુનેહથી એણે નિરાશ સાથીઓમાં આશાનો સંચાર કર્યો, નાહિમ્મતને હિમ્મત બંધાવી, અને કહ્યું: '૭૦૦ લીગનું (આશરે ૩૫૦૦



પૃથ્વી ગોળ છે એટલે યુરોપને પશ્ચિમ કિનારેથી–પોર્ટુગાલ કે સ્પેઈનથી જો સીધા પશ્ચિમ તરફ સાગરસફર કરતા રહીએ તો પૂર્વના દેશો જાપાન, કૅથે (ચીન) અને હિંદુસ્તાન પહોંચાય એવી કલ્પનાથી તોફાની આટલાંટિક મહાસાગરમાં જીવનની બાજી લગાવીને નીકળેલા કોલંબસને ખયાલ ન હતો કે વચ્ચે અનેક નાનામોટા ટાપુઓ ઉપરાંત અમેરિકાનો વિરાટ ખંડ પડેલો છે; એટલે ઈ. ૧૪૯૨થી ૧૫૦૪ સુધીની (આ નકશામાં બતાવેલી) પોતાની ચાર સફરોમાં એણે બહામા જૂથના ટાપુઓ, જેને પ્રથમ એ જાપાન સમજેલો એ ક્યૂબા, જેની ફળદ્રુપ ભૂમિ અને સુંદરતાથી એ પ્રભાવિત થયો અને જ્યાં પોતાનું મુખ્ય જહાજ ડૂબી જતાં કેટલાક માણસોને ત્યાં જ રાખી એને પાછા ફરવું પડ્યું એ હિસ્પાનીઓલા (હાઈતી) ટાપુ, સાન ડોમિનિકા અને આસપાસના ઘણા નાના ટાપુઓ જમેકા, ટ્રિનિડાડ અને ત્યાંથી આગળ જતાં દ. અમેરિકાની તળભૂમિ એણે જોઈ. ટ્રિનિડાડ પાસે એને મોતી મળ્યાં. દરિયામાં દૂર સુધી વહેતી ઓરીનોકો નદીનો મીઠા જળનો પ્રવાહ જોયો. થોડાક સોના સાથે આ તરફના કેટલાક મૂળ વતનીઓને તેમજ કોકોનાં બીજ, તમાકુ અને થોડીક નવી વનસ્પતિઓ, વગડાઉ કપાસ, પોપટ અને કેટલાંક નવતર પંખીઓ અને અમુક અંશે સિફિલિસ- ફિરંગ) રોગ–નો ચેપ એ યુરોપ લઈ આવ્યો. પોતે શોધેલા ટાપુઓ પર એણે વહીવટી સત્તા ભોગવી અને એના ગેરવહીવટ અંગેની ફરિયાદોથી એને હાથકડી યે પહેરવી પડી. જેની શોધનો એને યશ અપાય છે એ ઉત્તર કે દક્ષિણ અમેરિકાની તળભૂમિ સુધી તો એ પહોંચ્યો યે નહોતો. પશ્ચિમ દિશાની સાગર-સફરમાં પોતે ક્યાં પહોંચશે એની જેમ એને આરંભમાં ખબર નહોતી તેમ પોતે હકીકતે ક્યાં પહોંચ્યો છે કે ક્યાં જઈ આવ્યો છે એની પણ એને ખબર નહોતી. એ તો જીવનભર એમ જ માનતો હતો કે પોતે એશિયા ખંડની તળભૂમિ પાસેના ટાપુઓ શોધી કાઢ્યા છે. પોતે પ્રથમ કૅથે (ચીન) પહોંચશે એવો એને ખયાલ હતો, પણ પહોંચ્યા પછી એને ત્યાંના લોકોને જોતાં લાગ્યું કે તેઓ ચૂંચી આંખ, ચીબા નાક ને પીળી ચામડીવાળા ઠીંગણા ચીનાઓ જેવા તો નહોતા પણ ઊંચી અને તામ્રવર્ણી કાયા જોઈ એમને હિંદીઓ માન્યા. એટલે તો અમેરિકાના મૂળ વતનીઓ 'ઇંડિયન' ને એ ટાપુઓ 'વેસ્ટ ઇંડીઝ' તરીકે ઓળખાતા થયા. આમ અજાણતાં કોલંબસે નવી જ દુનિયાનાં દ્વાર ખોલ્યાં.

કિલોમીટર) અંતર કાપ્યા પછી આપણે હવે રાત્રે સફર નહિ કરીએ, કેમ કે હવે ભૂમિ હાથવેંતમાં જ હશે.' પણ આવા સધિયારા આપવામાં પણ પખવાડિયું વીતી ગયું. વાતાવરણ ઘડીમાં પ્રતિકૂળ તો ઘડીમાં અનુકૂળ; ઘડીમાં સાથીઓનો મિજાજ ઠેકાણે તો ઘડીમાં એ વટકી બેસે. પચ્ચીસ-મી સપ્ટેમ્બરે તો ખુદ કોલંબસને પણ આશંકા પડી કે જમીન નહિ જડે કે શું? પિન્ઝૉનની એણે મદદ માગી. તે સાંજે જ જાણે પિન્ઝૉને દૂર દૂર ભૂમિનો અણસારો જોયો. ને એ ભૂમિને પ્રાપ્ત કરવા કોલંબસે પોતાનું વહાણ નૈઋત્ય દિશામાં વાળ્યું. અરે, પણ ભૂમિ ક્યાં? કહે છે કે એ તો વાદળ હતું: હટી ગયું! હતોત્સાહ સાથીઓ હવે બળવાનો પ્રપંચ ગોઠ-વવા લાગ્યા. પણ પિન્ઝૉનની સમજાવટથી મામલો થાળે પડયો. પછી છઠ્ઠી ઑક્ટોબરે પિન્ઝૉને ફરી નૈઋત્ય તરફ વહાણ હંકારી જવા કહ્યું, પરન્તુ કોલબસના હુંકારે એને એ તરફ હંકારતા રોક્યો. ત્યાં તો બીજે દિવસે નૈઋત્ય દિશા તરફ જતાં પંખીઓ દેખાયાં; ને જ્યાં પંખીઓ જાય ત્યાં જમીન હશે એમ ધારી કોલંબસને તે દિશામાં વહાણ હંકારવું પડયું.

આખરે ૧૨મી ઑક્ટોબરની મધરાત પછી 'પિન્ટા'ના પિંજરા પરથી રૉડ્રિગો નામના ખલાસીએ જમીન દેખાયાની બૂમ પાડી. સહુ રાજીના રેડ થઈ ગયા. સહુની આંખે હર્ષાશ્રુથી છલકાઈ ગઈ. અંતે ભૂમિનાં દર્શન થયાં. ઘૂંટણિએ પડી સહુએ વંદના કરી. કોલંબસે સ્પેનનો શાહી વાવટો ત્યાં કિનારા પર ખોડયો. ભૂમિને નામ આપ્યું: 'સાન સાલ્વાડોર'. પણ એમને જોવા એકઠા થએલા ત્યાંના પ્રાકૃત વતનીઓનો વાન જોઈ કોલં-બસને લાગ્યું કે પોતે પૂર્વના—હિંદ તરફના ટાપુઓમાં આવી પહોંચ્યો હતો. તેથી તે મૂળ વતનીઓને 'ઇન્ડિયન્સ' તરીકે તેણે ઓળખાવ્યા.

તેને લાગ્યું કે પોતે જેની શોધમાં છે તે જ આ સુવર્ણભૂમિ છે. પણ અહીં એને ક્યાંય સુવર્ણ મળ્યું નહિ. એટલે સોનાની શોધમાં તેઓ આ-ગળ ને આગળ હંકારી આજના ક્યૂબા ટાપુ પર પહોંચ્યા. ત્યાંથી તેઓ એક નવા ટાપુ (આજના હાઈટી) પર પહોંચ્યા. ત્યાંની (અનુ૦ પૃષ્ઠ ૨૪૬)

○ ○ ○ પ્રાચીન સિક્કા ૬

લેખક - ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

નિર્માણ-પદ્ધતિ ○

નિયત તોલ અને ધાતુની શુદ્ધિ દર્શાવતાં ચિહ્નથી અંકિત સિક્કાનું પ્રમાણિત વિનિમય-સાધન પ્રચલિત થયુ ત્યારથી આર્થિક વ્યવહારમાં ઘણી સરળતા રહી.

પણ સિક્કા કેવી રીતે બનાવતા ? સિક્કા પર ચિહ્ન કેવી રીતે પાડતા ? પ્રાચીન ભારતમાં સિક્કા-નિર્માણની ત્રણ પદ્ધતિઓ પ્રયોજાઈ હતી. સહુથી પ્રાચીન પદ્ધતિ હતી 'આહત' અર્થાત્ ટંક-આહત સિક્કાની. કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'માં પ્રયોજાએલી પરિભાષા પ્રમાણે કહીએ તો, ધાતુને પહેલાં ભઠ્ઠીમાં 'મૂષા'(મૂસ-ધાતુ ગાળવાની કુલડી)માં ઓગાળવામાં આવતી ને વિવિધ ક્ષારથી શુદ્ધ કરવામાં આવતી. પછી એના ઠરેલા ગઠ્ઠાને 'અધિકરણી' (એરણ) પર 'મુષ્ટિકા' (હથોડી) વડે ટીપીને એનાં નાનાં પતરાં ઘડવામાં આવતાં. પછી 'સંદંશ' (કાપણી) વડે એમાંથી સાંકડી પટ્ટી કાપવામાં આવતી ને એ પટ્ટીમાંથી જોઈતા કદના ટુકડા કાપવામાં આવતા. આ ટુકડા સ્વાભાવિક રીતે આકારમાં ચોરસ બનતા. શરૂઆતમાં એનો આકાર લંબચોરસ રાખતા, ને જરૂરી તોલ કરતાં એમાંથી વધારાના તોલ જેટલી ધાર કાપી કાઢવામાં આવતી. આથી એનો આકાર સમચોરસ જેવો બનતો. છતાં તોલ જરાક વધુ રહે તો એના ખૂણા કાપીને જરૂર પ્રમાણે તોલ ઘટાડાતો. પતરાની પટ્ટીના ટુકડાનો જાડો ભાગ કાપણીથી બરાબર ન કપાય, તો તેમાં કાપો મૂકી તેને હથોડીથી છૂટો પાડવામાં આવતો. વધારાનો તોલ કમી કરવા માટે વારાફરતી બીજા ખૂણાઓ પણ કાપવા પડે, તો છેવટે સિક્કાનો આકાર ચોરસ ન રહેતાં બહુકોણ કે ઢંગધડા વગરનો તદ્દન અનિયમિત બનતો.

સિક્કા પાડવાની પદ્ધતિમાં વધુ હથોટી આવતાં, સમચોરસ આકાર પણ સધાતો. ધાતુનો ટુકડો નિયત તોલનો થતાં એને તપાવી એના પર ટંક (અડી–puncb) વડે ચિહ્ન લગાવવામાં આવતું. આ ટંક કઠણ ધાતુનાં, પ્રાયઃ લોખંડનાં હતાં ને એના નીચલા છેડે ચિહ્ન ઊપસેલું રહેતું, આથી સિક્કા પર ટંક વડે જે ચિહ્ન પડતું તે ખાડા રૂપે પડતું.

આ સિક્કાની આગલી બાજુ ઉપર ઘણી વાર પાંચેક જુદાંજુદાં ચિહ્નો જોવા મળે છે. તેમાંનું દરેક ચિહ્ન જુદાજુદા ટંક વડે પાડેલું હોય છે. વળી આ ચિહ્નોનાં સ્થાન એવાં આડાંઅવળાં હોય છે કે દરેક ચિહ્ન વારાફરતી અલગ અલગ પાડવામાં આવતું હોવાનું માલૂમ પડે છે. કેટલીક વાર પાસેપાસેનાં ચિહ્ન ખીચોખીચ કે ઉપરાછાપરી પડ્યાં હોય છે. સિક્કાની પાછલી બાજુ કોઈ વાર તદ્દન કોરી રખાતી, તો કેટલીક વાર એના પર એકાદ ચિહ્ન લગાવવામાં આવતું. ટંકના ઊપસેલા ચિહ્નની છાપ સિક્કા પર દબાઈને ઊંડી ઊતરતી તેથી એ સિક્કા પર લાંબો સમય ટકી રહેતી. ભારતમાં આ પ્રકારના ચાંદીના લગભગ ૩૨ રતી વજનના પ્રાચીન સિક્કા મળે છે. આવા સિક્કાને એક રતીભારનો ઘસારો લાગતાં સાઠેક વર્ષ લાગે છે એવી ગણતરી છે. આ પદ્ધતિએ પાડેલા સિક્કાને મહાભારત જેવા પ્રાચીન ગ્રંથોમાં 'આહત' કહ્યા છે. અહીં આહત એટલે ચિહ્નિત એવો અર્થ અભિપ્રેત છે. અર્વાચીન સિક્કાશાસ્ત્રમાં આ પ્રકારના સિક્કાને 'પંચ માર્કડ' (puncb–marked) તરીકે ઓળખવામાં આવે છે. એમાં 'પંચ' (puncb)નો અર્થ ચિહ્નનું બીબું ધરાવતું ટંક (અડી) એવો છે. આથી puncb–marked માટે આપણે 'ટંક આહત' કે અડી-છાપ શબ્દ પ્રયોજીએ તો એમાં અલગ અલગ ઓજારનો તથા એના વડે થતા ચિહ્નાંકનનો અર્થ સમાય. ભારતમાં આ




મધ્ય પ્રદેશમાં ભારહુતના બૌદ્ધ સ્તૂપ ઉપર (તેમજ બુદ્ધ ગયાના મહાબોધિ મંદિરની વેદિકાના સ્તંભ ઉપર) અનાથપિંડકની કથાનું દશ્ય કંડારેલું છે. શ્રાવસ્તી નગરીના શ્રેષ્ઠી અનાથપિંડક બૌદ્ધ સંઘને ઉદ્યાન માટે જે ભૂમિનું દાન દેવા માગતા હતા એ ભૂમિ રાજકુમાર જેતની હતી. અને જેતકુમાર એ ભૂમિ ઊંચા ભાવે પણ વેચવા ઇચ્છતો નહોતો. આથી એણે જેટલા ક્ષેત્ર પર અનાથપિંડક સોનાના સિક્કા પાથરી આપે એટલી ભૂમિ આપવા તૈયારી બતાવી. એને આ અસંભવિત લાગતું હતું. પણ અનાથપિંડકે સોનાના અઢાર કરોડ સિક્કા પાથરી એ બધી ભૂમિ ખરીદી લીધી. અહીં આપેલા ભારહુતના સ્તૂપ પરના એ કથાકંડારમાં નીચેના ભાગમાં એક પરિચારક ગાડામાંથી સિક્કા ઉતારતો, જમણી બાજુ બીજા પરિચારકને સિક્કાનું પાત્ર લઈ જતો ને એથી આગળ બે પરિચારકોને એ સિક્કાઓને ભૂમિ પર હારબંધ પાથરતા દર્શાવ્યા છે. આ સિક્કા ચોરસ હોવાનું સ્પષ્ટ નજરે પડે છે.

પ્રકારના સિક્કા છેક બુદ્ધના સમય (ઈ. પૂ. ૫મી–૬ઠ્ઠી સદી) પહેલાંથી પ્રચલિત હતા ને અનુ મૌર્ય કાલ સુધી પ્રચલિત રહ્યા હતા. ટંક-આહત સિક્કા થોડી સંખ્યામાં તાંબાના પણ મળે છે. ચાંદીના ટંક આહત સિક્કાની સરખામણીએ એ જાડા હોય છે.

સમય જતાં ખાસ કરીને તાંબાના સિક્કા સાંચામાં ઢાળીને બનાવવાની પદ્ધતિ પ્રચલિત બની. શરૂઆતમાં સિક્કાનું માળખું સાંચામાં ઢાળીને તૈયાર કરવામાં આવતું ને પછી એને તપાવી એના પર ચિહ્ન લગાવવામાં આવતાં. આ ચિહ્ન તીક્ષ્ણ ને સ્પષ્ટ હોય છે. ઘણા સિક્કા ઉદ્દિષ્ટ ચિહ્નના બીબાવાળા સાંચામાં ઢાળેલા હોય છે, તેમાં એ ચિહ્ન એટલાં તીક્ષ્ણ અને સ્પષ્ટ હોતાં નથી. ઘણા સિક્કાના અગ્રભાગ પર ગજ(હાથી)નું તથા પૃષ્ઠભાગ પર ત્રિકૂટ (ત્રણ શિખરવાળા) પર્વતનું અને/અથવા વેદિકા (વંડી)–રક્ષિત વૃક્ષનું ચિહ્ન જોવામાં આવે છે. ઈ. પૂ. ૩જી સદીથી ઈ. સ. ની ૩જી સદી સુધી કૌશાંબી, અયોધ્યા, મથુરા ઇત્યાદિ જાનપદ રાજ્યોમાં આવા 'ઢાળેલા'(cast) સિક્કા પ્રચલિત હતા ને એના અગ્રભાગ પર તે તે સિક્કો પડાવનાર રાજાનું નામ પણ આપવામાં આવતું. આ સિક્કા આકારમાં ગોળ છે.

આ પ્રકારના અમુક સિક્કાઓનો પૃષ્ઠ ભાગ કોરો જોવા મળ્યો છે. એ એક સાંચામાં ઢાળેલા છે. સામાન્ય રીતે સિક્કો બે સાંચામાં ઢાળવામાં આવતા, જેમાંના એક સાંચામાં અગ્રભાગનું અને બીજા સાંચામાં



ઈ. સ. પૂર્વે ચોથી સદી લગભગના બે 'પંચ માર્ક્ડ' (અડી છાપ) સિક્કા. રૂપાના–અને ક્વચિત ત્રાંબાના–ચોરસ કે લંબચોરસ ટુકડાઓ કાપી તેના ઉપર જુદીજુદી સંજ્ઞાઓનાં 'પંચ' (અડી)ની છાપ પાડીને ચલણી નાણા તરીકે એનો ઉપયોગ થતો. આવી છાપો એક ને એક સિક્કા પર જુદેજુદે વખતે એક પછી એક મારવામાં આવતી. ભારતભરમાંથી આ પ્રકારના અડી છાપ અનેકવિધ સિક્કાઓ મળી આવે છે. ઉપર વચ્ચે પંચાલના ફાલ્ગુનીમિત્ર રાજાના ત્રાંબાના એક ગોળ સિક્કાની બે બાજુ દર્શાવી છે. એમાં એક તરફ કમળ ઉપર ઊભેલી માનવમૂર્તિ તથા તેની બાજુમાં એક સંજ્ઞા છે જ્યારે બીજી બાજુ ઉપલી હારમાં ત્રણ સંજ્ઞાઓ અને તેની નીચે બ્રાહ્મી લિપિમાં 'ફાલ્ગુનીમિત્રસ' એટલે કે ફાલ્ગુનીમિત્રનો (સિક્કો) એમ લખેલું છે. તે પછી જમણી બાજુનો ચોરસ સિક્કો તક્ષશિલામાંથી મળેલો અને ત્રાંબાનો છે જેમાં એક તરફ હાથી તથા ચૈત્યની સંજ્ઞા છે અને બીજી બાજુ ચૈત્ય, સિંહ અને સ્વસ્તિક દર્શાવ્યા છે. આ બંને સિક્કા ગરમ ધાતુ પર સીલની માફક ડાઈ (મુદ્રા) વડે ઊંડી છાપ પાડીને બનાવેલા છે.

પૃષ્ઠ ભાગનું બીબું અંકિત કરવામાં આવતું. સાંચામાં ચિહ્નો તથા અક્ષરો ખાડામાં કોતરવામાં આવતા, તેથી સિક્કા પર તેના આકાર ઊપસેલા પડતા. એક સાંચાને ચત્તો રાખી બીજો સાંચો એના પર ઊંધો લગાવવામાં આવતો. એ બે સાંચાના સાંધા બરાબર જોડાઈ જતા ને એમાં રાખેલા બારીક છિદ્રમાં થઈ તપાવેલી ધાતુનો પ્રવાહી રસ એમાં રેડવામાં આવતો, જે ઠરી જતાં સાંચાને છૂટા પાડી એમાંથી સિક્કો કાઢી લેવાતો. ધાતુને ઓગાળી આ રીતે સિક્કા ઢાળવામાં ઘણી મહેનત પડતી. એકસાથે ઢાળીને બનાવેલા બબ્બે સિક્કાનાં જોડકાં પણ મળ્યા છે, જેને એકીસાથે ઢ઼ળ્યા પછી અલગ પાડવાના રહી ગયા હશે કે બેવડા મૂલ્યના સિક્કા તરીકે જોડકામાં જ પ્રચલિત હશે એ નક્કી કરવું મુશ્કેલ છે.

સિક્કા ઢાળવા માટેના સાંચા કાંસુ, લોખંડ અને પથ્થર જેવા કઠણ પદાર્થના બનતા હશે; પરંતુ એના જે નમૂના મળ્યા છે તે માટીના પકવેલા સાંચાના છે. સાંચી, કાશી ને નાલંદા જેવાં પ્રાચીન સ્થળોએ અનેક સાંચાવાળાં માટીનાં પકવેલાં મંડલ મળ્યાં છે, જેમાં એકી સાથે આઠ-આઠ સિક્કા ઢાળવાની રચના છે. દા. ત. આ સાથે આપેલા એક નમૂનામાં ગોળ સિક્કાનાં આઠ છાલાંને નળીઓ વડે મંડલાકારે જોડવામાં આવ્યાં છે અને એ નળીઓની વચ્ચે કેન્દ્રમાં નાનકડા છાલા જેવું રાખવામાં આવ્યું છે. આમાંના એક ચત્તા મંડલ પર બીજું મંડલ ઊંધું મૂકી એવી રીતે સહેલાસહેલ જોડવામાં આવે છે કે કેન્દ્ર પર કેન્દ્ર, નળી પર નળી અને છાલા પર છાલું બરાબર ગોઠવાઈ રહે, પછી સાંચાને ભઠ્ઠીમાં તપવી તેના કેન્દ્રમાં ધાતુનો પ્રવાહી રસ રેડવામાં આવે છે, જે નળીઓ વાટે છાલાંમાં પહોંચી જાય છે ને સાંચો ઠંડો પડતાં તે છાલે છાલાંનાં આકાર તથા ચિહ્ન પ્રમાણે ઘન સિક્કાનું રૂપ ધારણ કરે છે. પછી એ બે મંડલોને સાંધામાંથી છૂટાં પાડતાં એમાંથી એકી સાથે આઠ સિક્કા નીકળે છે. આવા સાંચાના સહુથી જૂના નમૂના રોહતક(પંજાબ)માં યૌધેય ગણ-રાજ્યના મળ્યા છે.

તાંબા જેવી ધાતુ પર ટંક વડે ચિહ્ન આહત કરવાં તે પ્રતિકૂળ પડતું ને ધાતુકામના હુન્નરમાં સાંચામાં ઢાળવાની ક્રિયાપદ્ધતિ છેક હડપ્પીય કાલથી જાણીતી હતી. આથી તાંબાના અને તામ્ર મિશ્રિત ધાતુના સિક્કા તૈયાર કરવામાં આ ક્રિયાપદ્ધતિ અનુકૂળ પડતી. પરંતુ આગળ જતાં ટંક-આહત સિક્કાને બદલે બિંબ-આહત સિક્કાની સરળ ક્રિયા પદ્ધતિ પ્રચલિત થતાં સાંચામાં ઢાળવાની અટપટી ક્રિયાપદ્ધતિ લુપ્ત થઈ ગઈ.


ટંક-આહત સિક્કામાં દરેક ચિહ્ન અલગ અલગ રીતે વારાફરતી અંકિત કરવામાં આવતું. એને બદલે સિક્કાની આખી સપાટી પર એકીસાથે એક સળંગ બિંબ(બીબું)ની છાપ લગાવવાની પદ્ધતિ પ્રયોજાઈ. આ ક્રિયાપદ્ધતિ (technique) પ્રયોજાઈ ત્યારથી તે જ પદ્ધતિ પ્રચલિત રહી છે, કેમકે તે સહુથી વધુ અનુકૂળ નીવડી છે. આવા બિંબ (ટપ્પા)-નો સહુથી જૂનો (ઈ. પૂ. ૩જી સદીનો) નમૂનો એરણ(મધ્ય પ્રદેશ)માં મળ્યો છે. પહેલાં જુદાંજુદાં ચિહ્નોને એક સળંગ બિંબમાં સંયોજિત કરવામાં આવતાં ને નિયત તોલના સિક્કાને તપાવીને તેના પર એ બિંબની છાપ પાડવામાં આવતી. એને બિંબ–આહત (die–struck) સિક્કો કહે છે. આ બિંબ સિક્કાના ⅔ ભાગની જગ્યા રોકતું ને સિક્કાનો પૃષ્ઠ-ભાગ કોરો રાખવામાં આવતો.

પછી ધાતુકારની એરણની સપાટીમાં એવું ઊલટા મરોડનું બિંબ કંડારી, એના પર સિક્કાનું માળખું મૂકી, એની ઉપર ટપ્પો લગાવવામાં આવતો, જેથી સિક્કાની નીચલી બાજુ પર ઊંડા ચોરસમાં ચિહ્નની છાપ પડતી. આગળ જતાં સિક્કાની બીજી બાજુને પણ ચિહ્નાંકિત કરવાની પ્રથા પ્રચલિત થઈ. એને બેવડા બિંબ–આહત(double die–struck) સિક્કા કહે છે. પહેલાં અગ્ર ભાગ આખી ને પૃષ્ઠભાગ ઓછી જગા રોકતો; પછીથી બંને બિંબ આખી જગ્યા રોકવા લાગ્યાં. ઈરાની તથા ગ્રીક રાજ્યોમાં આ ક્રિયાપદ્ધતિ પ્રચલિત હતી. ભારતમાં એનાં પગરણ ગાંધાર

(અનુસંધાન પૃષ્ઠ ૨૩૫)



◁ ભારતમાં ઈ. સ. પૂર્વે પાંચમી સદીથી ધાતુનો રસ ઢાળીને પણ સિક્કાઓ બનાવતા. એ રીતે એક સાથે બે કે તેથી વધુ સિક્કાઓ બનાવી શકાતા, જે પાછળથી છૂટા પણ પાડી શકાતા. અહીં ડાબી બાજુ ત્રાંબાનો એક જોડિયો સિક્કો આપ્યો છે, જેમાં એક તરફ ચૈત્ય અને ચંદ્ર તથા બીજી તરફ હાથીની સંજ્ઞા છે. જમણી બાજુ એક સાથે આઠ સિક્કા તૈયાર કરવાના ઢાળાની રચના દર્શાવી છે.



શ્રી 'અનફૂલ' લિખિત અદૃષ્ટ રહસ્યની કથા

અનુવાદક • સુકન્યા ઝવેરી

વૈષ્ણવ ને શાક્ત

ત્રીજા વર્ગનો ડબ્બો. અસાધારણ ભીડ. છતાં એક ખૂણામાં ધક્કામુક્કી કરી ઠાંસોઠાંસ ભરેલા એ ડબ્બામાં બેઠાબેઠા પરમશાક્ત કાલીકિંકર વર્મા પરમ વૈષ્ણવ નિત્યાનંદ ગોસ્વામી સાથે ધર્મવિષયક ચર્ચા-વાદવિવાદ કરી રહ્યા હતા. વર્મા કૃષ્ણ-વર્ણ, રક્ત-ચક્ષુ, કપાળમાં મોટો કંકુનો ચાંદલો. ગોસ્વામી ગૌર-વર્ણ, છાતી સુધી લાંબી સફેદ દાઢી અને મૂછ, આંખે કાળાં ચશ્માં, ધારદાર નાક પર શ્વેત ચંદનનું તિલક.

માથું ધુણાવી ગોસ્વામી બોલ્યા : 'તમે ગમે તે કહો, ધર્મસાધનાનો પ્રશસ્ત પથ એ પ્રેમનો માર્ગ. લોહી રેડવું એ પૈશાચિક કાંડ. માણસથી થાય નહિ. કચિત પણ નહિ.'

અટ્ટહાસ્ય કરી વર્મા બોલ્યા : 'તમે સમજો શું, કહો જોઈએ? "પૈશાચિક" તો બોલ્યા, પણ ક્યારે ય પિશાચ જોયો છે? મુંડમાલિની મહાકાલીની કોઈ ધારણા છે તમને?'

બંને હાથ જોડી નમસ્કાર કરી ગોસ્વામી મહાશય બોલ્યા : 'જેટલી છે એટલી બસ, બાપુ. એથી વધુ ધારણા મારે કરવી યે નથી ને! નાનપણમાં ઘેટનું બલિદાન દેતાં જોઈ હું તો બેભાન થઈ ગયો હતો.'

એવામાં ધડ દઈને ટ્રેઈન ઊભી રહી. ગોસ્વામી મહાશય સમતુલા ન સાચવી શકવાથી ગોથું ખાઈ વર્મા મહાશયની ગરદન પર જઈ પડ્યા. વર્માના કપાળનું કંકુ ગોસ્વામીને કપાળે લાગ્યું!

સ્ટેશન પર કાકડી વેચાતી હતી. વર્માએ બારીમાંથી ડોક બહાર કાઢી થોડી કાકડી લીધી. જાત્રાળુનું એક ટોળું ડબ્બામાં ચડ્યું. ગાડીમાં બિલકુલ જગ્યા નહોતી તેથી જાત્રાળુ ઊભા રહ્યા.

ગોસ્વામી મહાશય પાસે જે જાત્રાળુ ઊભો હતો તેના ખભા ઉપર એક મોટું માદલ લટકતું હતું. ટ્રેઈન ઊપડતાં ધક્કો લાગવાથી માદલનો એક છેડો ગોસ્વામી મહારાજના નાસાગ્રે આંદોલિત થવા લાગ્યો! એકાદ બેવાર નાક પર વાગ્યું યે ખરું; માદલ ખૂબ જ ઉચ્ચ પ્રકારનું વૈષ્ણવીય વાદ્ય હોવા છતાં પણ નાકને ટેરવે લાગે ત્યારે સુખકર નથી હોતું. ગોસ્વામી મહારાજે એ સમજીને મૃદુ કંઠે માદલધારીને કહ્યું : 'જરા દયા કરી થોડા દૂર ઊભા રહો તો બાપુ.'

પણ દયા કરવા સમ્મત હોવા છતાં યે ખસવાની જગ્યા ક્યાં? નિરુપાયે ગોસ્વામી પોતાનું જ માથું યથાસંભવ દૂર હટાવી માદલ-આંદોલનથી પોતાના નાકનું રક્ષણ કરવા લાગ્યા.

ગોસ્વામીના માથાનો તિરકસ ભાવ જોઈ મૃદુ હસી વર્મા બોલ્યા : 'તમે લોકો બેસી જાઓને! કેટલી વાર ઊભા રહેશો બાપુ? જે જ્યાં ઊભા છો ત્યાં બેસી જાઓ.' જરાક આમતેમ કરી માદલધારી બેસી ગયો.

નાક સંબંધે નિશ્ચિંત થઈ ગોસ્વામી મહાશયે ફરી શરૂ કર્યું : 'આ જુઓ માદલ : અપૂર્વ વસ્તુ. વૈષ્ણવ ધર્મનું અપરિહાર્ય અંગ છે. વળી ખોલ અને ખંજરી. તમારા ધર્મમાં બતાવો જોઈએ આવી ચીજ. તમારે બસ લોહી રેડવા સિવાય—' ત્યાં તો નાક ઉપર ધડ દઈને વગાડતો માદલ-ધારક ફરી ઊભો થયો. ગોસ્વામી મહાશય વાક્ય પૂરું કરી શક્યા નહિ. વર્મા મૃદુ હસી બોલ્યા : 'ફરી કેમ ઊઠ્યો ભાઈ?'

'આવતે ઈસ્ટેશને ઊતરવું છે, બાપજી.' 'એને તો હજી વાર છે.'

છતાં યે માદલધારક બેઠો નહિ. બીજા સ્ટેશન સુધી ગોસ્વામી મહાશયના નાક સામે માદલ ઝૂલતું રહ્યું—અને એમને વાગતું રહ્યું!

બીજું સ્ટેશન આવ્યું. ગાડી ધડામ કરતી ઊભી રહેતાં માદલ જોરથી જઈ ગોસ્વામી મહાશયને નાકે અથડાયું. જરાક માટે ચશ્માં બચી ગયાં.

ટ્રેઈન ઊભી રહેતાં બધા જ ધડાધડ કરવા ઊતરી ગયા. રહ્યા કેવળ વર્મા અને ગોસ્વામી. વર્મા બોલ્યા : 'અરે રે રે, તમારા નાકમાંથી તો લોહી નીકળે છે! માદલના આઘાતે વૈષ્ણવનો રક્તપાત! આ શી આપત્તિ!'

નાક લૂછી ગોસ્વામી બોલ્યા : 'અસલ વસ્તુ શું છે, ખબર છે મહાશય? પૈસા. પૈસા નથી એટલે જ આ થર્ડ ક્લાસના ડબ્બામાં બેઠો છું. તેથી આ દુર્દશા! પૈસા ના હોય તો ધરમ બરમ કંઈ ટકે નહિ.'

અટ્ટહાસ્ય કરી કાકડી છોલતા છોલતા વર્મા મહાશય બોલ્યા : 'સાચી વાત. પૈસા નથી એટલે જ તો મારા જેવા શાક્તને છરી વડે કેવળ કાકડી કાપી ખાવી પડે છે. કાકડી ખાશો?'

'આપો. બધું જ અદૃષ્ટનું રહસ્ય છે.'

સૌથી મોટું રહસ્ય જોકે બંનેની અજાણમાં જ રહી ગયું. બીજે સ્ટેશને જ્યારે કાકડી ખાઈને ઊતરી ગયા, ત્યારે છદ્મવેશી ડિટેક્ટિવ વર્મા મહાશયને ખબર પણ ન પડી કે ગોસ્વામીનો અભિનય કરી જે ઊતરી ગયો હતો એ દુર્ધર્ષ ખૂની ભાગેડુ વજ્રધર મિશ્ર. બીજું કોઈ નહિ!

માદલ જ તો બરાબર ઓળખી ગયું હતું. □

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર–૫૪ • શીળસ

આયુર્વેદમાં 'શીતપિત્ત' અને સાંપ્રત વિજ્ઞાનમાં 'એલર્જી' સાથે સામંજસ્ય ધરાવતો આ રોગ છે.

શીળસ એ વિચિત્ર વ્યાધિ છે. એમાં એકદમ આખા શરીરે નાનાંનાનાં ઢીમચાં ઊપડી આવીને પુષ્કળ ખંજવાળ આવે છે; પછી આપોઆપ શમન થઈ જાય. આ રીતે દરદીને ખૂબ અકળાવી મૂકે છે. શીળસ સાથે સહેજ તાવ, વેદના, દાહ પણ થાય છે. ખૂબ ધીરજપૂર્વક ઉપચાર કરવો.

ઉપચાર : ૧) અજમો અને ગોળના મિશ્રણનું નિયમિત સેવન કરવું. ૨) હળદર, ત્રિફલા અને જેઠીમધનું સમભાગ મિશ્રણ લેવું. ૩) ત્રિફળા ચૂર્ણ મધ સાથે ચાટવું. ૪) સૂંઠ, મરી, પીપર ને સાકરનું મિશ્રણ ખાવું. ૫) આમળાં ને ગોળ સાથે લઈ શકાય. ૬) શરીર પર અડાયા-છાણાની રાખ ચોળવી. ૭) મરિચ્યાદિ તેલ કે સરસવના તેલનું માલિશ કરવું. ૮) ખદિરાસવ, મહામંજિષ્ઠાદિ ક્વાથ કે કોઈ પણ રક્તશોધક પ્રવાહી દવાનું સેવન કરવું. ૯) ઔષધોમાં આરોગ્યવર્ધિની રસ, ગંધક ચૂર્ણ, અવિપત્તિકર ચૂર્ણ, હરડે ચૂર્ણ, અરડૂસીનાં પાનનું ચૂર્ણ, શૂલશેખર રસ, કામદુધા રસ, ગળોસત્ત્વ કે પ્રવાલ પંચામૃતનું સેવન કરી શકાય. ૧૦) ગુદામાં તલના તેલમાં બોળેલા રૂના પૂમડાને મૂકી કામળો ઓઢી સૂઈ જવું. તુરત લાભ થશે. ૧૧) મીઠું બંધ કરાવવું; કફ કરે અને લોહીબગાડ કરે તેવો આહાર બંધ કરવો. ડુંગળી, લસણ, ટમેટાં, દહીં, ગોળ, ફળો વગેરે ન ખાવાં. માત્ર હલકો સુપાચ્ય ખોરાક ખાવો.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

કેવળ કૉલેજિયનોને જ નહિ, પણ સૌ સાહિત્યરસિક ઉત્સુક વાચકોને સુધ્ધાં આકર્ષી રહેલી ડૉ. **મધુસૂદન પારેખ**ની લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

ખંડ ૪થો · પ્રકરણ ૫ મું

શેક્સપીઅરનાં કરુણાંત નાટકો

શેક્સપીઅર તેનાં ઐતિહાસિક અને રંગભર્યાં સુખાંત નાટકો રચતો હતો ત્યારે સાથેસાથે કરુણાંત રચવાની પણ તૈયારી કરી રહ્યો હોય તેમ જણાય છે. કરુણાંત નાટકોના સર્જક તરીકે તેની કારકિર્દી રોમિયો-જુલિયેટ ઈ. ૧૫૯૫ના અરસામાં રચાયું ત્યારથી શરૂ થાય છે.

રોમિયો-જુલિયેટ પહેલી ટ્રૅજેડી

શેક્સપીઅરના 'રોમિયો-જુલિયેટ' નાટકમાં રોમૅન્ટિક કૉમેડીના ઘણા બધા અંશો છે. નાટ્યકારે એ નાયક-નાયિકાનું આકસ્મિક મૃત્યુ ન નીર્મ્યું હોત તો બીજી રોમૅન્ટિક કૉમેડીની સાથે સહેજે સ્થાન પામી શકે તેવું આ નાટક છે. રોમિયો ને જુલિયેટનાં પાત્રોમાં એમના કરુણાંતની આગાહી કરે તેવું કોઈ તત્ત્વ લેખકે નિરૂપ્યું નથી. એ નાટક સહેલાઈથી સુખાંત બનાવી શકાયું હોત. આ પછીનાં તેનાં 'હૅમ્લેટ', 'મૅકબેથ', 'લીઅર', 'ઓથેલો' જેવાં કરુણાંત નાટકોમાં પાત્રોની સ્વભાવજન્ય મર્યાદામાંથી તેમનો કરુણાંત જેમ રચાય છે તેવું 'રોમિયો-જુલિયેટ'માં નથી. એમાં પાત્રોમાંથી નહિ પણ સંજોગોમાંથી કરૂણતા સર્જાય છે. આ નાટકકથા શેક્સપીઅરે કોઈક ઈટાલિયન વાર્તાના (ફ્રેન્ચ દ્વારા) અંગ્રેજી અનુવાદ પરથી લીધી છે. એથી યે વિશેષ તો તેની પાસે આર્થર બ્રૂક (Arthur Brooke)નું કાવ્ય 'The Tragical History of Romeus and Juliet' હાથવગું હતું જ. તેમ છતાં નાટકમાંના ત્વરિત કાર્યવેગ અને પાત્રો પર એની પ્રતિભાની આગવી મુદ્રાને કારણે એ વધુ રસપ્રદ બન્યું છે.

રોમિયો અને જુલિયેટ વચ્ચે પ્રથમ દૃષ્ટિએ ઉદ્ભવેલો ઉત્કટ પ્રેમ છે. એ પ્રેમમાં એમનાં બે કુટુંબો વચ્ચેનો વર્ષોથી ચાલતો આવેલો કલહ દીવાલરૂપ બને છે. આ અવરોધને કારણે તેમનો પ્રેમ વધુ તીવ્ર બને છે. બંને છૂપાં લગ્ન પણ કરી લે છે. એમની પ્રથમ ગુપ્ત મધુરજનીનું ચિત્ર સમગ્રપણે કાવ્યમય છે. એમનાં જીવનની એ પહેલી ને છેલ્લી મિલનરાત્રી બની રહે છે. બંનેનાં કુટુંબ વચ્ચેના તીવ્ર ક્લેશ અને તેમાંથી ઉદ્ભવેલી કાપાકાપી તેમના ચિરવિયોગનું કારણ બની રહે છે. રોમિયો દેશપાર થાય છે, જુલિયેટનો સંદેશ અકસ્માત તેને સમયસર મળતો નથી અને બંનેનાં જીવન પ્રેમની વેદી પર હોમાઈ જાય છે. આમ આ નાટકમાં પાત્રોનાં ચિત્તનો કોઈ આંતરિક સંઘર્ષ નથી. જે સંઘર્ષ છે તે બે કુટુંબો વચ્ચેનો બાહ્ય સંઘર્ષ છે અને વિધાતા તેમનો કરુણાંત સર્જવામાં ભાગ ભજવે છે. જુલિયેટનો સંદેશો સમયસર રોમિયોને મળ્યો હોત તો સમગ્ર નાટક અન્ય રોમૅન્ટિક કૉમેડીની હરોળમાં સ્થાન પામી શક્યું હોત. આ ટ્રૅજેડીમાં છેક નાટકના અંત સુધી મૃત્યુનો ઓછાયો વરતાતો નથી; કરુણાંતના ગાંભીર્યને સ્થાને અંત ભાગ સુધી પ્રેમની ખુશબોનો જ આસ્વાદ મળતો રહે છે. એ રીતે જોતાં 'રોમિયો-જુલિયેટ' એ નાટ્યકારની ઉચ્ચ કલ્પના કે તેના ઊંડા ગાંભીર્યને પ્રગટ કરતી કૃતિ નથી. નાટક કરતાં કાવ્યનું નામ તેને વિશેષ અનુકૂળ નીવડે.

'રોમિયો-જુલિયેટ'ની રચના પછી ચારપાંચ વર્ષ શેક્સપીઅરે વળી પાછું પોતાનું ધ્યાન ઐતિહાસિક નાટકો અને કૉમેડી રચવા ઉપર કેન્દ્રિત કર્યું જણાય છે. 'હૅમ્લેટ'ની પૂર્વે સાચા અર્થમાં કોઈ ટ્રૅજિક કૃતિ રચાઈ નથી, તેમ છતાં વચગાળામાં ટ્રૅજેડી રચવા માટેની પૂર્વતૈયારી થએલી જોવા મળે છે. 'રિચર્ડ બીજો' એ નાટકની ચર્ચા ઐતિહાસિક નાટકોમાં થઈ ગઈ છે. એમાં રિચર્ડના પાત્રમાં ભલે આંતરિક સંઘર્ષ ન હોવા છતાં, તેની પ્રકૃતિજન્ય મર્યાદા–ટ્રૅજેડી માટે એક અતિ મહત્ત્વનું તત્ત્વ-તેનો વિનિપાત સર્જે છે. 'ધ મર્ચન્ટ ઑવ વેનિસ' સુખાંત હોવા છતાં તેમાં કરુણતાનાં તત્ત્વો સભર છે. શાયલૉક લોભ અને વેરનું મૂર્તિમંત રૂપ હોઈ તેને મહદંશે કરુણ પાત્ર (tragic figure) ગણવાનું યોગ્ય થશે. મનુષ્ય સ્વભાવનાં બધાં જ પાસાં પરત્વે ઊંડો સમભાવ દાખવનારા શેક્સપીઅરે કર-નિષ્ઠુર યહૂદીને પણ એક પ્રકારનું ગૌરવ અર્પ્યું છે. એ જ પ્રમાણે 'જુલિયસ સીઝર'માં બ્રુટસ પણ ટ્રૅજિક હીરોનું સ્મરણ કરાવે તેવું પાત્ર છે. તેના આંતરિક દ્વંદ્વનું તેમજ ગૌરવભર્યા મૃત્યુનું નિરૂપણ નાટકને એક સ્મરણીય ટ્રૅજેડી બનાવે છે. શેક્સપીઅરની હવે પછીની ઉત્તમ કરુણાંત કૃતિના અંશો 'જુલિયસ સીઝર'માં સ્પષ્ટપણે પ્રકટતા દેખાય છે.

હૅમ્લેટ: ભવ્ય ટ્રૅજિક કૃતિ (ઈ. ૧૬૦૦–૧૬૦૧)

શેક્સપીઅરની પરિપક્વ પ્રતિભાના ફળરૂપ 'હૅમલેટ' એ વિદ્વાનોમાં ખૂબ પંકાએલી અને ચર્ચાએલી કૃતિ છે. વિષયની દૃષ્ટિએ તે સંકુલ છે, તેમ છતાં નાટ્યકારે તેની કરેલી માવજત અદ્ભુત છે. આ નાટ્યકૃતિનું મૂળ વિદ્વાનોએ સ્કૅન્ડિનેવિયાની 'ઍમ્લેથ' (Amleth)ની એક પ્રાચીન કથામાં શોધ્યું છે. તેમાં રાજકુમાર ઍમ્લેથ, પોતાની રાજગાદી પચાવી પાડનાર કાકાને મૂર્ખ બનાવવા માટે ગાંડા હોવાનો ઢોંગ કરે છે. આ જ વાર્તા બારમી સદીમાં ડૅનિશ ઇતિહાસકાર સેક્સો ગ્રામેટિકસે (Saxo Grammaticus) રજૂ કરેલી. એ કથાનાં ઘણાં તત્ત્વો શેક્સપીઅરના 'હૅમ્લેટ' નાટકમાં જળવાઈ રહ્યાં છે. સોળમી સદીના છેલ્લા ચરણમાં એક નાટ્યકારે—સંભવતઃ કીડે—તેનું નાટ્યાંતર કર્યું. એણે પ્રેતદૃશ્ય ઉમેર્યું અને પ્રચલિત કથામાં બીજા મહત્ત્વપૂર્ણ ફેરફાર કર્યા. તેણે સેનેકન ટ્રૅજેડીની રૂઢિ મુજબ નાયક અને બીજાં મુખ્ય પાત્રોનું મૃત્યુ બતાવ્યું. પણ મૂળ કથા અને નાટકને એક નવું સ્વરૂપ આપીને તેને ભવ્ય કરુણગર્ભ કૃતિ બનાવવાનું વિકટ કાર્ય તો શેક્સપીઅરે માથે લીધું. એમાં તે કેટલે અંશે સફળ થયો છે એ બાબત પરત્વે કવિ-વિવેચક ટી. એસ. એલિયટે પ્રશ્ન ઉઠાવ્યો છે. તેમ છતાં બીજા ઘણા બધા નાટ્યરસિકો અને નાટ્યકલાવિદો શેક્સપીઅરની સફળતાને પ્રમાણે છે.

મહત્ત્વાકાંક્ષા, ખૂન અને વેરની રૂઢ કથાને શેક્સપીઅરે હૅમ્લેટના પાત્રમાં અત્યંત સંકુલતા અને લાગણીશીલતા મૂકીને પોતાની કૃતિને એક નવો જ ઘાટ આપ્યો છે. પોતાના પિતાના મૃત્યુ પછી, પોતાના કાકા ક્લૉડિયસ સાથે માતાનાં લગ્નની ઘટના હૅમ્લેટની ભાવનાસૃષ્ટિને હચમચાવી મૂકે છે; અને પિતાનો હત્યારો ક્લૉડિયસ પોતે જ છે એ પ્રતીતિ પિતાનું પ્રેત તેને કરાવે છે ત્યારે તો એની ભાવસૃષ્ટિ પૂરી ખંડિત થઈ જાય છે. કુલીન, વિદ્વાન, શૂરવીર અને ભાવનાશીલ હૅમ્લેટને માતાનું ચાંચલ્ય, કાકાની કુટિલતા અને જાસૂસી, ઓફેલિયાની વિકળતા પારાવાર મૂંઝવે છે. પિતાનું વેર લેવું? ક્યારે? શી રીતે? આવા જગતમાં જીવવું? ના જીવવું?—એના ચિત્તમાં To be or not to be નો તીવ્ર સંઘર્ષ ઉછળવા માંડે છે. એક તરફ જગતના વહેવારની વિરૂપતા, દુષ્ટતા અને બીજી તરફ પોતાનું ભાવજગત આ બેનો કદી મેળ મળતો લાગતો નથી. હૅમ્લેટનું સમગ્ર આંતરજીવન એ ગજગ્રાહમાં ખતમ થઈ જાય છે. સમગ્ર વિશ્વથી વિખૂટો પડી ગએલો એકાકી હૅમ્લેટ કલ્પનાઓ ચગાવતો ચિંતનમાં મશગૂલ બની રહે છે. એનું વિશ્વાસપાત્ર કોઈ નથી. હોરેશિયો પણ નહિ. એની તે પ્રશંસા કરે છે, પણ આત્મીય તો નહિ જ. ઓફેલિયા—વિશ્વભરની મધુર નિર્દોષ કન્યા—એની પ્રેમિકા, તેનામાં પણ હૅમ્લેટને પોતાની માતાના પાપને કારણે કલંકિત નારીત્વ દેખાય છે.

ક્રૂરતાપૂર્વક તેને તે હડધૂત કરી નાખે છે. એ એવા સંકુલ વિચારચક્રમાં ગૂંચવાયો છે કે અંતે કોઈ સહાય કરી શકે તેમ નથી. તેનું પાગલપણું અમુક અંશે હિસ્ટીરિયા છે; અમુક અંશે પોતાના મનનો તાગ પામવાની કોશિશ કરનારાઓને ભૂલથાપ આપવાની તરકીબ છે. પ્રસંગોપાત્ત એના શિષ્ટ, ઉમદા અને નમ્ર સ્વભાવની ઝાંખી થાય છે; પરંતુ એની આંતરસૃષ્ટિ છિન્ન થઈ ગયા પછી કોઈ પણ ઘટના તેના ચિત્તને આત્યંતિક હદે ઉશ્કેરી મૂકે છે અને એકદમ ઉગ્ર હિંસક કાર્યમાં તેને ખેંચી જાય છે. એવા ઉશ્કેરાટમાં જ તે પૉલોનિયસને મારી બેસે છે; ઓફેલિયાને બાવરી બનાવી મૂકે છે. પિતાના પ્રેતની વાતનું તથ્ય તપાસવા તે નાટકમાં નાટક યોજે છે અને ક્લૉડિયસ આ ખતરનાક ભત્રીજાને વહેલી તકે ખતમ કરવામાં જ સાર જુએ છે. ઉગ્ર-હિંસક કાર્યમાં પ્રસંગોપાત્ત ધસી જનાર હૅમ્લેટ કેટલીક વાર વિચારદ્વંદ્વમાં અટવાયેલો નિષ્ક્રિય બની રહે છે. પિતાના પ્રેતાત્માએ તેને વેર લેવાનો આદેશ આપ્યો છે. એક પ્રસંગે ક્લૉડિયસ પ્રાર્થનામાં છે, હૅમ્લેટને વેર લેવાની સારી તક છે, ત્યારે તે વિચારવમળમાં ગૂંચવાય છે: આને પ્રાર્થનામાં મારવાથી તો એ સ્વર્ગ મેળવે; એને બીજા કોઈ સમયે જ મારવો જેથી એ સીધો દોજખમાં જાય; એમ વેર લેવાની તક એ જતી કરે છે. ક્લૉડિયસે તેને મારી નાખવા માટે કરેલા પ્રપંચમાંથી એના સદ્ભાગ્યે એ બચી જાય છે, ઓફેલિયાના મૃતદેહનું દફન થાય છે ત્યાં આવે છે, ઓફેલિયાનો ભાઈ તેને જ પોતાની બહેનના મૃત્યુ માટે જવાબદાર સમજી ત્યાં જ ઝગડો કરી બેસે છે. છેવટે રાજાના પ્રપંચનો ફરી ભોગ બની હૅમ્લેટ ઓફેલિયાના ભાઈ લાઈઅર્ટીઝ (Laertes) સાથે દ્વંદ્વમાં ઊતરે છે ને લાઈઅર્ટીઝની ઝેર પાએલી અણીવાળી તલવાર હૅમ્લેટનો ભોગ લે છે; પણ મરતાં પહેલાં ઉન્માદમાં આવી તે ક્લૉડિયસને ખતમ કરી નાખે છે. નાટકના અંતે તો પોલોનિયસ, ઓફેલિયા, રાણી, ક્લૉડિયસ, હૅમ્લેટ બધાં મુખ્ય પાત્રો મૃત્યુ પામી ચૂકે છે.

'હૅમ્લેટ' વાંચતાં ચિત્તમાં કરુણતાનો ભાવ જ ઊપસી આવે છે. મનુષ્ય ઈશ્વરનું સર્વોત્તમ સર્જન; એની મહાનતાનો કેવો દુર્વ્યય! આ waste of human greatnessની સમજ વાચકના ચિત્તને ગ્લાનિથી ભરી દે છે. હૅમ્લેટનું પાત્ર શેક્સપીઅરનાં ઉત્તમ સર્જનોમાંનું એક છે. તેની દ્વિધાવૃત્તિનું તેમજ નિરાશા અને ઉગ્ર કાર્ય માટેના ઊભરા વચ્ચે ઝોલાં ખાતા મનનું નિરૂપણ શેક્સપીઅરે અદ્ભુત કુશળતાથી કર્યું છે. એની સ્વગતોક્તિઓ કવિતા ને ચિંતનનો સુયોગ પ્રકટ કરનારી ને બ્લૅન્કવર્સની ઉત્તમ છટા પ્રકટ કરનારી છે. આરંભથી તે અંત સુધી એક પછી એક દૃશ્ય દ્વારા નાટ્યસંઘર્ષને વિકસાવી, અને તેને પરાકાષ્ઠાએ પહોંચાડી, તેનો કલાત્મક ઉકેલ શેક્સપીઅરે આણ્યો છે. હૅમ્લેટ અને તેના ભાગ્ય વચ્ચેના આટાપાટાનું આલેખન શેક્સપીઅરની ઉત્તમ નાટ્યકલા સિદ્ધ કરે છે.

'હૅમ્લેટ' નાટકની આ ચર્ચા પછી બીજા પણ કેટલાક પ્રશ્ન સહૃદયનાં ચિત્તમાં ઉદ્ભવે છે. હૅમ્લેટનું પાત્ર સાદ્યંત સુસંગત (consistent) છે ખરું? તેનાં કાર્યો સુપયોજિત છે ખરાં? હૅમ્લેટના વર્તન અને ઉદ્ભવેલી પરિસ્થિતિ વચ્ચે સપ્રમાણતા જળવાય છે ખરી? હૅમ્લેટની સ્વગતોક્તિઓ સર્વથા હૅમ્લેટના આંતર મનને જ પ્રકટ કરે છે?–કે શેક્સપીયરનાં આંતર મનને પણ તે પ્રકટ કરતી હશે? નાટ્યકૃતિ વિષે આ બધા મુદ્દાના પ્રશ્નો છે અને નાટ્યવિવેચકોએ તેની વ્યાપક ને ઊંડી ચર્ચાઓ, વિપુલપણે કરેલી છે. હૅમ્લેટનું પાત્ર સદૈવ સુસંગત નથી. એનાં કાર્ય-માટેનાં પ્રયોજનો પણ સ્પષ્ટ નથી. સ્વગતોક્તિમાં શેક્સપીઅરના ચિત્તનો રણકો પણ વિદ્વાનોએ સાંભળ્યો છે ને કેટલીક વાર પરિસ્થિતિ અને તેની સાથે પાનું પાડતા હૅમ્લેટ વચ્ચે સહેલાઈથી પારખી શકાય તેવો સંબંધ શોધવો મુશ્કેલ છે. આવી કેટલીક ગૂંચ 'હૅમ્લેટ'માં વિદ્વાનોએ શોધી છે, ચર્ચી છે. તેમ છતાં હૅમ્લેટના પ્રયોજન અંગે રહેલું રહસ્યનું તત્ત્વ સમગ્ર નાટકને નવું જ પરિમાણ અર્પે છે. અને વ્યક્તિની પ્રતિભા એ કાંઈ કાર્યકારણની કાતરથી કાપીને વિભક્ત કરી શકાય તેવો પદાર્થ નથી.

'હૅમ્લેટ' નાટકમાંથી અનેક રહસ્યો તારવવાના પ્રયત્નો થયા છે. તેમાંનું એક—શેક્સપીઅરના માનવ કરુણતા (human tragedy)ના દૃષ્ટિબિંદુને વ્યક્ત કરતું–એ છે કે આ કૃતિમાં ગુનો અને ન્યાય એ બે વચ્ચેનો paradox–વિરોધ–રજૂ થયો છે. ગુનો થયો છે; ન્યાયની માગ છે કે ગુનેગાર સામે પગલાં ભરાવાં જોઈએ. પણ કરુણતા એ છે કે કોઈ પગલું, કોઈ ન્યાય બંધ બેસે તેમ નથી. હૅમ્લેટની આ જ મોટી કરુણતા છે કે તેનો નૈતિક પ્રકોપ ગુનેગાર સામે પગલાં ભરવા ઊછળે છે ખરો, પણ કોઈ કાર્ય કે કોઈ પગલું ઔચિત્યપૂર્ણ લાગતું નથી. હૅમ્લેટ પિતાના વેરનું શમન કરવા ક્લૉડિયસની પાંસળી તલવારથી વીંધી નાખે; પણ તેથી શું? હૅમ્લેટનું છિન્ન થયેલું ભાવજગત હવે ફરી કદાપિ મહોરી ઊઠશે ખરું? એની પ્રેમભાવના ફરી ક્યારેય પણ પ્રદીપ્ત બનશે ખરી? હૅમ્લેટ શું કરી શકે? એની નૈતિક નિરાશામાંથી એની કરુણતા સર્જાય છે. (ચાલુ)

ક્રાંતિકથા (અનુ. પૃ. ૨૩૨થી) જર્મનીને પરાસ્ત કર્યું; પણ હવે મહાસત્તાઓને યુદ્ધના થાકે કંઈક સમજદાર બનાવી. ઈ. ૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળ અને ૧૯૪૨-'૪૩ના અરસાની જ 'આઝાદ ફોજ'ની ઈરાવતી-આરાકાન લગીની કૂચે ભારતીય પ્રજાના સ્વાતંત્ર્યપ્રાપ્તિના ધ્યેયને વધુ તીવ્ર બનાવી દીધું હતું. આખરે, ભારતનું મુક્તિપર્વ નજીક આવ્યું: ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭: મુક્ત ભારતનો રાષ્ટ્રધ્વજ લાલ કિલ્લા પર ફરક્યો.

સ્ટુટગાર્ટમાં એ ધ્વજ પહેલવહેલો ફરકાવનાર સાથી શ્રીમતી કામા તો ત્યારે આ ભૂમિ પર નહોતાં; કે સંઘર્ષવીર શ્યામજી પણ નહોતા. હરદયાળ-વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય-પિંગલે મદનલાલ પણ નહોતા. એ બધાંની પુણ્યસ્મૃતિ સાથે સરદારસિંહે એ દિવસે પારી(સ)ના ચળકતા કોલાહલ વચ્ચે જ એ ધ્વજ લહેરાવ્યો હશે એ કેટલો રોમાંચક પ્રસંગ હશે!

એથી યે વધુ સંવેદનસભર ક્ષણ ભારત-આગમનની હતી. પિસ્તાળીસ વર્ષનું હદપાર જીવન, અનેક સંઘર્ષો અને યાતનાઓ વેઠીને ય વિતાવ્યા પછી હવે જ્યારે એ સ્વદેશ પાછા ફરતા હતા, ત્યારે એ ૪૫ વર્ષ પર છોડ્યો તેવો ગુલામ નહોતો. હવે ત્યાં મુક્ત હવા હતી, મુક્ત આકાશ અને મુક્ત જીવન! ઈ. ૧૯૪૭ની ૬ઠ્ઠી ડિસેમ્બરે શ્રીમતી ડૅનિયલ લેવી સાથે તેમણે ભારતભૂમિનો સ્પર્શ કર્યો: મહાત્મા ગાંધી અને જવાહરલાલને એ મળ્યા. પોતાની શસ્યશ્યામલા માતૃભૂમિ નીરખી. 'આવળ, બાવળ, બોરડી'થી છવાએલા પોતાના ઝાલાવાડમાં ગયા. બચપણની સ્મૃતિ સાચવીને બેઠેલાં કથારિયા, ધાધલપુર, લીંબડી ને રાજકોટને જોયાં.

પરંતુ ન જાણે ભારતમુક્તિના લોહિયાળપથ પર ખેલાએલા જે સંઘર્ષોના સરદારસિંહ સાક્ષી હતા, એ સંઘર્ષના વીરોની આંખમાં જે સ્વતંત્ર ભારતની કલ્પના હતી એનાં તો ક્યાંય દર્શન થતાં નહોતાં! સ્વયં શ્રી રાણાના શબ્દોમાં 'સત્તાવાદ, કાળાં બજાર ને લાંચરુશ્વતથી ભારત જરાકે ય અસ્પૃશ્ય નહોતું.' આમ કેમ?-એવા આઘાતજનક પ્રશ્નાર્થ સાથે, તેમણે ચાર જ માસમાં (૨૩-૪-૧૯૪૮) ભારત છોડ્યું ને પારી(સ)ગયા.

અને એ જલદ ક્રાંતિકારના માનસિક સંઘર્ષોની કરુણાન્તિકાની છેલ્લી ક્ષણ ૧૯૫૭ની ૨૯મી મેએ આવી. ફરી ભારત આવીને, પૌત્ર સાથે રહેલા સરદારસિંહે, સોમનાથના સાન્નિધ્યે, એ દિવસે અંતિમ શ્વાસ લીધા.

શો યોગાનુયોગ હતો! ઈ. ૧૮૫૭ની વિપ્લવ જયંતીના આ માસની ઉજવણીથી લંડનમાં તેમના ક્રાંતિકાર્યનો આરંભ થયો હતો, અને મુક્ત ભારત એ જ સ્વતંત્રતા-જંગની જ્યારે શતાબ્દી ઊજવી રહ્યું હતું ત્યારે, એ જ માસની ૨૯મીએ, તેમણે મુક્ત મહાભૂમિને ખોળે પ્રાણ છોડ્યા! તેમના મૃતદેહ પર સ્ટુટગાર્ટમાં ઈ. ૧૯૦૭માં ભરાએલી સમાજવાદી પરિષદમાં જે પહેલવહેલો ગૌરવવંતો રાષ્ટ્રધ્વજ ફરક્યો હતો એ જ વીંટળાયો હતો.—એમની અંતિમ એષણાનુસાર!

અને આમ, સ્વતંત્રતા-પ્રાપ્તિના મહાન ધ્યેય કાજે, વિદેશોમાં રહી સંઘર્ષપથના પથિક બનનારા ગુજરાતી ક્રાંતિકારોનો છેલ્લો તણખો સરદારસિંહના અવસાનથી વિલીન થયો. (ચાલુ)

અંતિમ અંગારા · અંતિમ આહુતિ

લેખક · વિષ્ણુ પંડયા

વાર્ધક્યાવસ્થામાં શ્યામજીએ પારી(સ) છોડયું હતું, ક્રાંતિ-પ્રવૃત્તિ નહિ. એ એકાકી જીવનમાં પણ એમણે ચેનનો શ્વાસ લીધો જ નહોતો. ઈ. ૧૯૨૩માં તેમના પારી(સ)ના મિત્ર પિલ્લેએ બર્લિનમાં સ્વતંત્રતા માટેનું પ્રચારકેંદ્ર ખોલ્યું અને ત્યાંથી 'ઇન્ડિયન ઇન્ડિપેન્ડેન્ટ' અખબાર શરૂ કર્યું, તો શ્યામજીએ શુભેચ્છા મોકલી આપી. ઈ. ૧૯૨૭માં જીનિવામાં રશિયન ક્રાંતિની ૧૦મી સંવત્સરીએ જવાહરલાલ નેહરુ આવ્યા અને તેમને મળ્યા. એ દિવસો તેમની નિર્જન એકલતાના હતા. શેષ જીવનસાથી ભાનુમતી હતાં, અને હતું જીનિવાનું આ અંધારિયું મકાન. તેમાં પુસ્તકોની સમૃદ્ધ દુનિયા વચ્ચે શ્યામજી ખોવાઈ જતા. પણ હવે તબિયત લથડવા માંડી હતી. નેહરુએ એમની એ મુલાકાતને પોતાની જીવનકથામાં આમ આકાર આપ્યો છે:

'શ્યામજી કૃષ્ણ વર્મા પોતાની માંદી સ્ત્રી સાથે જિનીવામાં એક મકાનને છેક છેલ્લે મજલે રહેતા હતા. આ વૃદ્ધ દંપતી કોઈ પણ કાયમ નોકર-ચાકર વિના એકલાં રહેતાં, અને તેમના ઓરડા જૂનાપુરાણા, ગૂંગળાવી નાખે એવા, હવાઉજાસ વિનાના હતા. દરેક વસ્તુ પર જમાનાની ધૂળના થર જામેલા હતા. શ્યામજીની પાસે પૈસો તો પુષ્કળ હતો, પણ એ એમને હાથેથી છૂટતો નહોતો. ટ્રામમાં જવાને બદલે ચાલીને બે પૈસા બચાવવાની તેમની હમેશાં વૃત્તિ રહેતી. જે કોઈ અજાણ્યા એમને મળવા આવતા તેમના તરફ વહેમની જ નજરે તે જોતા, અને વિશ્વાસપાત્ર ખબર ન મળે ત્યાં લગી તેમને કાં તો બ્રિટિશ જાસૂસ માનતા અથવા પોતાની દોલતની પાછળ પડેલા માનતા. તેમનાં ખિસ્સાં તેમના જૂના સાપ્તાહિક 'ઇન્ડિયન સોશિયૉલૉજિસ્ટ'ના જૂનાપુરાણા અંકોથી ફાટુંફાટું થતાં લાગતાં અને વાતવાતમાં તે આખું પડીકું ખેંચી કાઢતા અને બાર વર્ષ પહેલાં પોતે લખેલો એકાદ લેખ હરખભેર બતાવતા. એમની વાતો પણ બધી જૂના જમાનાની: હૅમ્પસ્ટેડમાં ઇંડિયા હાઉસ હતું ત્યારે આમ થએલું, બ્રિટિશ સરકારે મારા પર નજર રાખવા માટે ફલાણા ફલાણાને જાસૂસ તરીકે મોકલેલા પણ મેં તેમને ઓળખી કાઢેલા અને તે સૌને હું માથાનો મળેલો, વગેરે. એમના ઓરડાની દીવાલો ચોપડીઓના ઘોડાથી ઢંકાએલી હતી. આ ઘોડા પર અનેક જૂનાં, ધૂળ છવાએલાં અને અસ્તવ્યસ્ત પુસ્તકો અને કાગળના ઢગલા પડેલા હતા. દિવસોના દિવસો અને મહિનાઓના મહિનાઓ થયાં જાણે એ પથારો એમનો એમ પડયો હોય એમ લાગતું. આખા સ્થાન પર અંધકારનું વાતાવરણ ઝઝૂમી રહેલું લાગતું. તેને જોઈને કોઈ જૂના ખંડિયેરનો ખયાલ આવતો; જીવનનો બીચારાનો ત્યાં કોઈ ભાવ પૂછતું ન હોય એમ જણાતું. બહારની અંધારી, નિઃશબ્દ સીડી પરથી પાછા વળતાં મનમાં થતું કે કોઈક ખૂણે મૃત્યુનો ભેટો થઈ જશે! એ મકાનમાંથી નીકળતાં અને બહારની હવા લેતાં હાશ કરીને નિરાંત મળતી!...

આમ શ્યામજી અને તેનાં પત્ની નિઃસંતાન, સગાંવહાલાં કે મિત્રો વિહોણાં, ભાગ્યે જ બીજા કોઈ માનવીનું મુખ જોયા વિના એકાકી જીવન ગાળતાં હતાં. શ્યામજી બીચારા ભૂતકાળના અવશેષ રૂપ હતા અને હવે તેમનો સમય વીતી ગયો હતો. વર્તમાનની સાથે તેમનો કેમે કરીને મેળ બેસે એમ ન હતું, અને જગત તેમના તરફ નજર કર્યા વિના તેમની આગળથી પસાર થતું હતું. છતાં તેની આંખો જૂના અંગારથી કંઈક ચમકતી હતી; અને જો કે તેમની અને મારી વચ્ચે કશું જ સક્રિય નહોતું, તો પણ મને તેમના તરફ સહાનુભૂતિ અને આદર થયા વિના ન રહ્યાં.'

શ્યામજીની એકલતા વિષે નેહરુના લખાણમાં પ્રામાણિકતા લાગે, તો યે તેમની 'કંજૂસાઈ' વિષેની નોંધ નવાઈભરી છે! પોતાના જીવનના છેલ્લા શ્વાસ લગી, અને પછી યે પોતાના વસિયતનામા દ્વારા, આ માણસે સ્વતંત્રતા, વિદ્યા અને અભ્યાસ માટે જેટલાં દાન કર્યા છે તેટલાં ભાગ્યે જ બીજા કોઈ ભારતીયે કર્યા હશે. આમ છતાં નેહરુના મનમાં આવી છાપ કેમ પડી હશે? શાહી કુટુંબમાં જન્મેલા જવાહરલાલ યુવાકાળે યુરોપ ગયા હતા; પણ તેમણે સ્વીકાર્યું છે કે 'રાજકીય કારણે દેશવટો ભોગવનારા જેટલા હિંદી ભાઈઓને મળ્યો તેમાંના ઘણાખરાની મારા મન પર બહુ છાપ ન પડી.' તેમણે આ આત્મકથામાં રાજા મહેન્દ્ર પ્રતાપને ડૉન કિવક્ઝૉટ, મૌલવી બરકતુલ્લાને 'બહુ બુદ્ધિમાન નહિ, તેવા' ચંપકરમણ પિલ્લેને 'બડાશખોર', શ્રીમતી કામાને 'વિકરાળ અને ભયાનક' તેમજ 'પોતાની ઈચ્છાનુસારના ખયાલ બાંધનારી બાઈ', અને આ બધા ક્રાંતિકારોને 'માથા ફરેલા, અનુભવહીન યુવકો' તરીકે ગણાવ્યા છે. નેહરુના મનમાં રહેલા કોઈ પૂર્વગ્રહને આમાં કારણરૂપ ગણીશું કે ક્રાંતિકારોની જિન્દગીની છેલ્લી ઘડીઓ આવી બની જતી હશે એમ માનીશું? હા, એ ખરું કે એ સમયે બ્રિટિશ જાસૂસી તંત્ર ઘણું સક્રિય હતું. જિનીવામાં શ્યામજીને તેનો અનુભવ થયો હતો. ડૉ. બ્રિગ્ઝ નામના એક બ્રિટિશર સાથે તેમને ગાઢ મૈત્રી થઈ. શ્યામજી તેમને ટિળક-પિલ્લે વગેરે સાથેના પત્રવ્યવહારની સુધ્ધાં વાત કરતા. પણ એક વાર તેના પર કોઈએ બૉમ્બ ફેંક્યો, ત્યારે તેણે અદાલતમાં જાહેર કર્યું કે પોતે બ્રિટિશ જાસૂસ હતો! ક્રાંતિકારોમાં યે કેટલીક વાર અરસપરસ પણ આશંકાનો ભાવ જન્મતો! ચંદ્રશેખર આઝાદની બ્રિટિશ પોલીસ અફસર દ્વારા થએલા ગોળીબારમાં શહાદતના પ્રશ્નનું સંશોધન થતાં, હવે તેમાં ચંદ્રશેખરના મિત્ર વીરભદ્ર અને સામ્યવાદી વિચારધારાના જાણીતા લેખક યશપાલનું નામ પણ જોડવામાં આવે છે! શ્યામજીએ સરદારસિંહ રાણાનાં પત્ની વિષે પણ ઘણી આશંકા કરેલી; પરંતુ છેલ્લી ક્ષણ સુધી બંનેની મૈત્રી વણતૂટી રહી હતી એ નોંધનીય છે.

શ્યામજીની વૃદ્ધાવસ્થા કદાચ સ્મૃતિના આધારે જ વીતી હોય એમ અનુમાની શકીએ, કેમ કે તેમના પાછલા જીવનની કોઈ વિગતો બહુધા પ્રાપ્ત થતી નથી. એ ખરું કે પત્ની ભાનુમતી ને પોતે પણ બીમાર રહેતાં. પરિચિત સાથીઓ સાથેનો પત્રવ્યવહાર પણ ધીમેધીમે શિથિલ થઈ ને આખરે બંધ પડી ગયો હતો. શેષ હતાં પુસ્તકો, સામયિકો ને પુરાણા પત્રો માત્ર! ભારતમાં ચાલતી ગાંધીજીની ચળવળના સમાચારોના વિદેશી અખબારોમાં આવતા થોડાક ટુકડાઓ મળતા હતા એટલું જ. પછીથી તો એનું પણ વાચન શક્ય નહોતું રહ્યું. આંખે અંધારાં ઊતરવા માંડયાં હતાં. આંતરડાના વ્યાધિએ તેમને ઘેરી લીધેલા. ઈ. ૧૯૨૯માં તેનું ઑપરેશન પણ કરાવ્યું, પણ વ્યાધિ સમૂળગો ગયો નહિ. જર્જરિત જીવન સાત દાયકાઓ વિતાવીને મૃત્યુ તરફ ધકેલાતું જતું હતું.

જિંદગીનાં આ અંતિમ વર્ષોમાં શ્યામજીના લખેલા પત્રો તેમના સતત સળગતા અગ્નિનો પરિચય આપે છે. જર્મન સામયિક 'ડાઇઝિટસિફ્ટ'ના તંત્રીને લખેલો લાંબો પત્ર, ચીનના ક્રાંતિકાર સુન-યાત-સેનને આદરાંજલિ, જાવાના હદપાર દેશભક્ત ડેકર પરના પત્રો, ઇજિપ્તના એમ. એમ. રફાત સાથેનો પત્રવ્યવહાર, માલ્ટા ટાપુની સ્વતંત્રતા માટે સિલ્વિઓ સાથેનો સંબંધ, જિનીવાની 'સ્વિસ ફેડરેશન'માં ઉદ્દામોની બેઠકમાં ઉદ્બોધન, વગેરે પરથી તેનો ખયાલ આવે છે.

ઈ. ૧૯૧૯ની આઠમી જાન્યુઆરીએ શ્યામજી અમેરિકન પ્રમુખ વિલ્સનને એક પત્ર લખે છે: 'લીગ ઑવ નેશન્સ'ના ઉપક્રમે પોતાના

તરફથી ૧૦,૦૦૦ ફ્રાન્કની વ્યાખ્યાનમાળાની ઑફર કરે છે. આવો જ બીજો પત્ર લીગ ઑવ નેશન્સના પ્રમુખને પણ લખેલો. આ બંનેનો અસ્વીકાર થયો. ઈ. ૧૯૨૧માં 'જિનીવા પ્રેસ એસોસીએશન'ને પણ ૧૦,૦૦૦ ફ્રાંકની મદદ આપવા શ્યામજી બહાર આવ્યા. લોકમાન્ય ટિળકના અવસાનની ખબર પડતાં, ગાંધીજીને તાર કરીને 'અસહકાર આંદોલન માટેનાં વ્યાખ્યાન' માટે પણ આવી જાહેરાત કરી. પરંતુ ગાંધીજી તરફથી કોઈ પ્રત્યુત્તર મળ્યો નહિ. ઈ. ૧૯૨૩માં પારી(સ)થી પ્રકાશિત થતા 'સોશિયૉલૉજિસ્ટ' પત્રને બંધ કરવું પડયું.

શ્યામજીના એકાંતિક મૃત્યુની જાણ પહેલવહેલી થઈ પારી(સ)માં, સરદારસિંહ રાણાને, જિનીવાથી એક પોસ્ટકાર્ડ ૧૯૩૦ના માર્ચમાં આવ્યું ત્યારે. કાશીના એક દેશભક્ત શિવપ્રસાદ ગુપ્ત ત્યાં 'વર્લ્ડ કૉન્ફરન્સ ઑવ ઓપ્રેસ્ડ નૅશનાલિટીઝ'માં ગયા હતા. ત્યાંથી એ શ્યામજીને મળવા ૧૯૩૦ની ૩૧મી માર્ચે ગયા અને જોયું તો પંડિતજીએ ઑસ્પિટલના બિછાના પર અંતિમ શ્વાસ લીધા હતા, અને પતિના મૃતદેહ પાસે અફાટ રુદન કરતાં ભાનુમતી પણ અર્ધ બેભાન જેવાં બની ગયાં હતાં!

આમ, જીવનભરના સંઘર્ષ વીરે, સ્વદેશથી દૂર કેવળ જીવનસંગિનીની સાક્ષીએ છેલ્લા શ્વાસ લીધા. ઝડપથી દોડયે જતા વિશ્વચક્રમાં એ વાત દુનિયા તો વિસરી ગઈ હતી, પણ સ્વદેશવાસીઓને માટે યે અણજાણુ હતી. ક્રાંતિકારી જિતેન્દ્રનાથ સાન્યાલે જણાવ્યું છે તેમ શ્યામજીની સ્મૃતિ ભારતમાં કેવળ એક જ સ્થાને એ દિવસે થઈ, તે લાહોરની જેલની ચાર દીવાલો વચ્ચે. લાહોર અને પાર્લમેન્ટ બૉંબ પ્રકરણમાં પકડાએલા સરદાર ભગતસિંહ અને તેમના સાથીઓએ એ સ્મૃતિદિન જેલમાં મનાવ્યો હતો! બાબુ શિવપ્રસાદજીએ ક્રાંતિના આ ભીષ્મપિતામહને વંદન કર્યાં, પૂજા કરી અને અંતિમ અગ્નિસંસ્કાર આપ્યા. આ અગ્નિસંસ્કાર મૃત્યુ પછીના ત્રીજા દિવસે અપાયા હતા. એક પત્ર પારી(સ) લખી સરદારસિંહને આ આઘાતક સમાચાર આપ્યા. સરદારસિંહ પોતાના પ્રિય સાથીના મૃત્યુથી હચમચી ગયા અને તુરત પારી(સ)થી જિનીવા દોડયા. ભાનુમતીને હાર્દિક આશ્વાસન આપ્યું.

શ્યામજીની શેષ સંપત્તિ અને મૂલ્યવાન પુસ્તકો માટેના ટ્રસ્ટે તે બધું જ વિવિધ ક્ષેત્રોમાં દાન કરી દીધું એ પણ નોંધપાત્ર છે. જિનીવા યુનિવર્સિટીમાં દર વર્ષે સમાજશાસ્ત્રને લગતા વિષય પરના મહાનિબંધ માટે ૧૦,૦૦૦ ફ્રાંક, ગરીબ ફ્રેંચ બાળકોનાં દવાદારૂ માટે ૧૦,૦૦૦ ફ્રાંક અને ભારતીય વિદ્યાર્થીઓ માટે ૨૦ લાખ રૂપિયા, સૉર્બોં યુનિવર્સિટીના (Sorbonne University of Paris) ગ્રંથાલયને શ્યામજીનાં ૩૧૦૦ જેટલાં મૂલ્યવાન પુસ્તકો, ભારતીય વિદ્યાર્થીઓ માટે ૫૦-૫૦ હજાર ફ્રાંકની બંધાવેલી હોસ્ટેલ, ને શ્યામજીના જન્મસ્થાન માંડવીમાં ઑસ્પિટલ માટે એક લાખ. આ બધાંની વ્યવસ્થા સરદારસિંહજીએ શ્રીમતી ભાનુમતી સાથે મળીને કરી. પતિપરાયણ પત્ની ભાનુમતી એ પછી બહુ વર્ષો જીવ્યાં નહિ. થોડો સમય પારી(સ)માં સરદારસિંહ રાણાને ત્યાં રહ્યાં;] ને છેલ્લા દિવસો જિનીવામાં જ પતિની સતત સ્મૃતિ જગવતા નિવાસસ્થાને રહ્યાં, અને ૨૨ ઑગસ્ટ, ૧૯૩૩ના દિવસે અવસાન પામ્યાં.

આ સ્વર્ગસ્થ પતિપત્નીની સ્મૃતિરેખા બે સ્થાનોએ આકાર પામી છે: એક સૉર્બોંના ગ્રંથાલયમાં, જ્યાં બંનેનાં તૈલચિત્રોની નીચે આ પ્રમાણેની નોંધ છે:

Bibliotheque Krishnavarma
Don. 'de
Madame Bhanumati Krishnavarma

—અને જિનીવામાં, સેંટ જ્યૉર્જના સ્મશાનગૃહમાં, બે સમાધિ એકબીજાની નજીક ગોઠવાએલી છે, જ્યાં એક નાનકડી તકતી વાંચી શકાય છે:

ભાનુમતી કૃષ્ણવર્મા : ૧૮૭૨-૧૯૩૩
શ્યામજી કૃષ્ણવર્મા : ૧૮૫૭-૧૯૩૦

પારી(સ)માં હવે રહ્યા હતા કેવળ સરદારસિંહ રાણા. શેષ સાથીઓએ વિદાય લેવા માંડી હતી. શ્યામજી અને ભાનુમતી બંનેની વિદાય પછી શ્રીમતી કામાનું યે અવસાન થયું. એમનાં યે છેલ્લાં વર્ષો શારીરિક દૃષ્ટિએ સુખદ નહોતાં. શરીર ખૂબ કથળી ગયું હતું. જીવનની એક લાંબી પાંત્રીસીની જલાવતન જિન્દગી પછી સ્વદેશની માટીની સુગન્ધની એક માત્ર એષણા હતી. તેમણે પરવાનગી માગી. સ્ટ્રેચર પર દિવસો ગુજારતાં આ પારસી સન્નારી હવે બ્રિટિશરો માટે 'ભયાનક' નથી એમ માનીને પરવાનગી અપાઈ.

ઈ. ૧૯૩૫ના ડિસેમ્બરની એક સવારે હિન્દભૂમિ પર રુગ્ણાવસ્થામાં જ શ્રીમતી કામાએ પગ મૂકયો. એ પળ એમની સંઘર્ષરત જિંદગીની એક વિરલ ક્ષણ હતી. તુરત તેમને બી.ડી. પારસી જનરલ ઑસ્પિટલમાં ખસેડાયાં; અને આઠ માસની બીમારી પછી, સ્વદેશના ખોળે તેમણે ૧૬ ઑગસ્ટે (૧૯૩૬) મૃત્યુસૌભાગ્ય પ્રાપ્ત કર્યું. મુંબાઈના ધમાલિયા વિસ્તારોમાં તેમની સ્મૃતિરૂપે એક માર્ગનું નામ 'માદામ કામા માર્ગ' રખાયું છે એટલું જ. હા, પારી(સ)માં Pere-Pachaise નામના કબ્રસ્તાનમાં આ લડાયક નારીની સ્મૃતિને શોભે તેવું એક વાકય કોતરાએલું છે: Resistance to tyranmy is Obedience to God (દમનશાહીનો પ્રતિકાર એ જ તો છે ઈશ્વરી આજ્ઞા પ્રત્યેનું સમર્પણ!)

સઘળા સાથીઓ અને પોતાના યુવાન પુત્રની વિદાયનો આઘાત સહન કરીને ય સરદારસિંહ આખરી જંગમાં અણનમ રહ્યા. પહેલા વિશ્વયુદ્ધની તપ્ત જ્વાળાઓ શમી ગયા પછી ભારતીય સ્વાતંત્ર્યની પ્રવૃત્તિએ અનેક દિશાએ ગર્જના કરવા માંડી હતી. આ વર્ષોમાં, ભારતના અનેક મહાપુરુષો અમેરિકા-ફ્રાંસની મુલાકાતે જતા. તેમાં વિઠ્ઠલભાઈ પટેલ, મૌલાના મહમદઅલી વગેરેનો સરદારસિંહ સાથે નિકટનો પરિચય થયો. રવીન્દ્રનાથ પારી(સ) ગયા ત્યારે તેમણે એક ભવ્ય ભોજનસમારંભ યોજીને પારી(સ)ના બુદ્ધિજીવીઓ સમક્ષ આ કવિવરને રજૂ કર્યા. ટાગોરે 'શાંતિનિકેતન'નો ખયાલ આપતાં, શ્રી રાણાએ ૭૪૦ કિંમતી પુસ્તકો શાંતિનિકેતનના ગ્રંથાલય માટે આપ્યાં. ત્યારથી ૧૯૪૦ સુધી બંને વચ્ચેનો મધુર પત્રવ્યવહાર ચાલુ રહ્યો હતો. એ પત્રોમાં યુરોપીય ભૂમિ પરના હિંદી સ્વાતંત્ર્યજંગમાં રવીન્દ્રનાથની સક્રિય દિલચસ્પીનો અણસાર મળે છે. શાંતિનિકેતનના અભ્યાસી પ્રો. સિલ્વાં લેવી જ્યારે પારી(સ) ગયા ત્યારે તેમને સરદારસિંહે સ્વ. શ્યામજી કૃષ્ણવર્માનો મૂલ્યવાન પુસ્તકસંગ્રહ ભેટ આપ્યો. આ વર્ષોમાં લાલા લજપતરાય, મોતીલાલ નેહરુ, સરોજિની નાયડુ અને સુભાષચન્દ્ર બોઝ સાથે પણ તેમનો પત્રવ્યવહાર રહ્યો.

ત્યાં તેમની આંખ સામે બીજું મહાયુદ્ધ આવ્યું. પહેલાં કરતાં વધુ શસ્ત્રોના ખણખણાટ સાથેનું આ યુદ્ધ હતું. બ્રિટિશ સત્તાનો સૂર્ય અસ્ત પામે એ પૂર્વે તેણે બધી તાકાતથી પોતાના પગ તળેનાં સામ્રાજ્યો પર દમન ચાલુ રાખ્યું હતું. સરદારસિંહ પારી(સ)ની એક હોટેલમાં રહેતા હતા. નાઝી સૈન્યનો પારી(સ)-પ્રવેશ પણ સરદારસિંહને માટે તો, જેલસ્વીકારનો જ નિમિત્ત બન્યો! પણ સુભાષબાબુને એ વાતની ખબર પડી કે તુરત તેમણે પ્રયત્નો આદર્યા અને સરદારસિંહ છૂટયા.

સશસ્ત્ર ક્રાંતિના અધ્યાયના છેલ્લા હસ્તાક્ષરો આલેખશે સુભાષ, એ તેમના મનમાં વસી ગયું. તેમણે સુભાષચંદ્રને આમંત્રણ આપ્યું: 'આવો, ફ્રેંચ ભૂમિ પર 'મુક્ત ભારત કેન્દ્ર' સ્થાપો; નેતૃત્વ સંભાળો અને સ્વદેશથી દૂર વસતા ભારતીયોને એકત્રિત કરીને, બ્રિટિશ સિંહને છેલ્લો ફટકો મારો, જેથી મુક્ત ભારતનું જાજ્વલ્યમાન પ્રભાત ઉદિત થાય!' એ શકય ન બન્યું. સુભાષે જાપાનની સહાયથી શ્યોનોન (સિંગાપુર)માં આઝાદ હિંદ ફોજ અને આઝાદ હિંદ સરકારની ઘોષણા કરી. સમયચક્રની ગતિ જગતને પલટાવી રહી હતી. બીજા વિશ્વયુદ્ધે (અનુ. પૃ. ૨૨૯)

કલાવાર્તા

કલાકાર કૃષ્ણલાલ ભટ્ટ

ગુજરાત રાજ્યની લલિતકલા અકાદમીએ આ વર્ષે જેમનું સન્માન કર્યું તે શ્રી કૃષ્ણલાલ ભટ્ટ ગુજરાતના પાછલી પેઢીના કલાકારોના એક અગ્રગણ્ય ચિત્રકાર છે. આજની નવી પેઢી તેમના નામથી અલ્પપરિચિત છે, કારણ કે ગુજરાતથી ઘણે દૂર પોંડીચેરીના શ્રી અરવિંદ આશ્રમને તેમણે પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું તે વાતને આજે ચાળીસેક વર્ષ થયાં છે. હાલમાં તેઓ આશ્રમના કેળવણી કેન્દ્ર તરફથી ચાલતા 'સ્ટૂડિયો'ના સંચાલક તરીકે કામ કરી રહ્યા છે.

શ્રી અરવિંદ આશ્રમમાં તેમને જોઈતું સ્વાસ્થ્ય અને સ્વાતંત્ર્ય મળતાં તેમણે પોતાના માનસિક વ્યાપારો નવી શૈલી અને છટામાં પ્રગટ કર્યા. પ્રાકૃતિક દૃશ્યો ઉપરાંત પ્રાણી અને પક્ષીઓનાં આલેખનોમાં માત્ર આકારનું અનુકરણ નહિ પણ ભાવો, ચેષ્ટાઓ ને વાતાવરણ ઉતારવામાં તે ખૂબ સફળ થયા છે. તેમનાં ભાવાત્મક



કૃષ્ણલાલ ભટ્ટ

ચિત્રોમાં તેમની આકૃતિઓ દ્વારા તે સુરમ્ય અને આહ્લાદક ચિત્રસર્જનો આપી શક્યા છે. આશ્રમના મુક્ત વાતાવરણમાં તેમણે અનેક પ્રકારનાં સર્જનો કર્યાં છે. મોટે ભાગે તેમાં જળરંગી અને ટેમ્પરા પદ્ધતિનાં ચિત્રો છે. તેમના આરંભકાળનાં ચિત્રોમાં આ ધરતીનાં રહેવાસીઓ, તેમની લાગણીઓ ને લાક્ષણિકતાઓ તથા તેમની આજુબાજુની દુનિયાનું દૃશ્ય વિગતોની પૂરી સચ્ચાઈ સાથે રજૂ થતું. પ્રકૃતિ-દૃશ્યોમાં પણ તેઓ રંગભરી છટા પકડીને આપણે જાણે તે સ્થળનું સાન્નિધ્ય અનુભવતા હોઈએ તેટલું જીવંત હુબહૂ બનાવતા. બંગાળી કલાકારોની અસર નીચે વાસ્તવિકતા ઓછી થતી ગઈ અને તેનું સ્થાન અલંકારી શૈલીએ લેવા માંડ્યું. છાયાપ્રકાશની આળપંપાળ તથા વિગતોની ક્લિષ્ટતાની જગ્યાએ સપાટ આકાર અને રંગ માટે જ રંગની વધુ સમજભરી રંગાવટે સ્થાન લીધું. એમણે શરૂઆતમાં થોડાંક વાસ્તવદર્શી ચિત્રો કર્યાં છે ખરાં, પણ તેમાં




બામણી મેના



A TREE

A tree beside the sandy river-beach
Holds up its topmost boughs
Like fingers towards the skies they cannot reach,
Earth-bound, heaven-amorous.
This is the soul of man, body and brain
Hungry for earth our heavenly flight detain.
—*Sri Aurobindo*

તરંગ-ચાળ. દોડી આવતા સિંહની ફરફરતી યાળ પેઠે તોફાનમાં ધસી આવતાં સમુદ્રનાં મોજાંને માથે ફરફરતી ફેનયાળ.





શ્રી માતાજીની બારી: શ્રી અરવિંદ આશ્રમના મુખ્ય ચોકમાં આંબાનું એક સુંદર વૃક્ષ હતું. તેની પાસે પહેલા માળ પરની આ બારી ખોલી માતાજી સવારે નીચે ઊભેલા સાધકવૃંદને 'Bon-Jour'–સુપ્રભાતમ્ કહેતાં. ચિત્રમાં આંબાનું ઝાડ પણ જાણે એ બારીને વંદન કરતું હોય તેમ પ્રભાતનું મંગળ દૃશ્ય રચાયું છે. (જમણી બાજુ) **વિશ્વ-ચિતિના ઉંબરે** મનુષ્ય પોતાની ચેતનામાં અમુક હદે આગળ વધ્યા પછી તેમાં જ બંધાઈ જાય છે. પણ કોઈ પણ કારણે તેને તેનો ખયાલ આવતાં પોતાની મંદિર શી સંકડામણમાંથી બહાર નીકળી વિશાળ ચેતનાનો દરવાજો એ ખોલે છે. ત્યારે એને વિશ્વચેતનાની ઝાંખી થાય છે.

તેમણે પ્રકૃતિના જુદાજુદા મિજાજ દેખાડતા સફળ પ્રયોગો કર્યા છે. તે પછી તેમનાં ચિત્રોમાંથી પાર્થિવપણું નીકળતું જઈને અપાર્થિવ તત્ત્વ ઉમેરાતું ગયું, પ્રતીકાત્મક ચિત્રો સર્જાવા માંડયાં જેમાં રંગ અને આકારો આ લોકનાં કરતાં વિશેષ અલૌકિક બની અવનવાં રૂપરંગ ધરી કંઈક રહસ્યમય સંદેશ આપતાં હોય તેવાં થયાં છે. તેજસ્વી રંગોમાં



△ **ઊર્ધ્વ-અસીમના પ્રાંતકાળે:** આપણી ઉડ્ડયનશીલ ચેતનાને વિશાળતામાં અને ઊર્ધ્વમાં ફેલાવા માટેનો અસીમ અવકાશ.



રસાએલાં તેમનાં નવાં પ્રતીકાત્મક ચિત્રો ચિરંજીવી છાપ મૂકી જાય છે.

સૌરાષ્ટ્રમાં કાલાવડ મુકામે ઈ. ૧૯૦૫ની ૧લી જુલાઈએ એમનો જન્મ. પ્રાથમિક શિક્ષણ અમદાવાદ. વ્યાયામ પ્રવૃત્તિમાં રસ હોઈ અખાડો ખૂંદતા ને એ રીતે શ્રી અંબુભાઈ પુરાણીનો પરિચય થયો. એમણે એમની કલાવૃત્તિને પહેચાની અને એ પછીની એમની કલાસાધના કઈ રીતે આગળ ચાલી એ એમના જ શબ્દોમાં હવે જોઈએ :

મારી કલાયાત્રા

'કોઈક કુમાર કે કુમારી નાની વયથી જ ચિત્રકળા પ્રત્યે વલણ દેખાડે ત્યારે કેટલીક વાર એવું પણ બને છે કે તેમનાં વડીલ તેમને કોઈક જાણકાર ચિત્રકાર પાસે લઈ જાય છે. મારી કિશોર વયમાં સ્વ. શ્રી અંબુભાઈ પુરાણીએ જ્યારે મને જોયો ત્યારથી જ મારામાં રહેલો ભાવિ ચિત્રકાર તેમની નજરે ચડી ગયો અને તેથી જ તેમણે મને શ્રી રવિભાઈના સંપર્કમાં મૂકી આપ્યો. શાળાના અભ્યાસ સિવાય મને જ્યારે જ્યારે સમય મળતો ત્યારે ત્યારે હું શ્રી રવિભાઈની સૂચના પ્રમાણે કામ કર્યા કરતો. એમાં મને કેવી જાતનું શીખવા મળે છે તેની મને સમજ નહોતી, પણ ભૂખ્યા માણસની જેમ, મને શું ખાવાનું મળે છે તે જોયા વિના જે કાંઈ મળે તે મેં પચાવવા માંડ્યું.

એ રીતે લગભગ ચારેક વર્ષના ગાળામાં મને જે કાંઈ મળ્યું તેમાં વધારો કરવા માટે શ્રી રવિભાઈએ મને કલકત્તામાં શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરને ત્યાં મોકલવા વિચાર કર્યો. પણ તેવામાં જ શ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય વડોદરાના કલાભવનમાં કલા-શિક્ષક તરીકે આવ્યા એટલે તેમની પાસે મને મોકલવા ગોઠવણ કરી. ત્યાં દોઢ વર્ષના અભ્યાસ દરમિયાન મને જલરંગની નવી ટેકનિક શીખવા મળી અને તેમનાં ચિત્રો જોવાથી દૃષ્ટિમાં થોડી વિશાળતા પણ આવી. પણ તે પછી શ્રી પ્રમોદકુમાર ત્યાંથી છૂટા થતાં એ અભ્યાસ ત્યાં જ અટક્યો, અને આ બે જાતના થએલા અભ્યાસના બંધારણમાં રહીને મારું વ્યક્તિત્વ બંધાતું થયું.

એક બાજુએ કૌટુમ્બિક પરિસ્થિતિને લઈને કોઈ કળાશાળામાં જવાનું બને તેમ નહોતું, તો બીજી બાજુએ જેટલો અભ્યાસ થયો એટલાથી સંતોષ પણ નહોતો થતો. કાંઈક અધૂરું લાગ્યા કરતું હતું. પડદા પાછળથી કોઈક ચમકારા દ્વારા કાંઈક ઝાંખી તો થતી હતી, પણ ક્યાંક કાંઈક બંધન નડયા કરતું હતું; ખૂલતું તો હતું પણ કોઈક વાડ નડતી હતી. પ્રકાશ અને પોષણ વિના અંદર બેઠેલો કળાકાર રૂંધાતો હતો.

બેએક ચિત્રોનાં વેચાણમાંથી એક વાર મામૂલી મૂડી હાથમાં આવી એટલે હું શાંતિનિકેતનમાં શ્રી નંદબાબુ પાસે ઊપડી ગયો. ત્યાં તાજગીભરી હવા મળી, પોષણ મળવા માંડ્યું, રૂકાવટ કરતી વાડ તૂટવા માંડી, વિશાળ અને ઊંડી દૃષ્ટિ મળી. સમય અને સાધન પૂરતાં નહિ હોવાથી છ મહિનામાં ત્યાંથી પાછા આવવું પડ્યું. પણ વાડ તૂટવા માંડી અને આંતરદૃષ્ટિ ખૂલવા માંડી તે મોટો ફાયદો થયો.

તે પછી તો કૌટુંબિક અને સામાજિક પરિસ્થિતિ પણ દીવાલની જેમ મને રૂંધવા લાગી.

અહીં એક એ વાત નોંધવા જેવી છે કે કિશોર વયથી જ મારામાં એક ચિત્રકારનું ભાવિ જોનાર અને મને એ રસ્તે ચડાવી આપનાર સ્વ. શ્રી અંબુભાઈ પુરાણી સતત મને માર્ગદર્શન અને ઉત્સાહ આપ્યા કરતા હતા. પૂ. માતાજી ચિત્રકાર હોઈ તેમની પાસેથી ચિત્રકળા શીખવાની પ્રેરણા તેમણે જ મને આપી. આ બધાંને પરિણામે એક આતરિક બળ મને પોંડિચેરીના શ્રી અરવિંદ આશ્રમમાં ખેંચી ગયું. તેની સામે તે સમયના ગુજરાતે નિષ્ફળ બળાપો પણ કરેલો.

હવે જ મારી સાચી સફર શરૂ થઈ. અત્યાર સુધીની સફરમાં પ્રગતિ તો હતી જ, પણ મારા આંતર-દર્શન પ્રમાણેનું જીવન અને પ્રગતિની સાચી દિશા તો હવે જ શરૂ થયાં. અહીં આવીને મેં પશુ પંખીઓ, જીવ-જંતુઓ, નિસર્ગ-દશ્યો, સમુદ્ર-ચિત્રો વગેરે જે કર્યાં તેમાં એક એવું તત્ત્વ ઉમેરાયું કે જે ગુજરાતમાં રહીને હું મેળવી શક્યો ના હોત. પણ હવે વધારે તો હું પ્રતીકાત્મક ચિત્રો તરફ વળ્યો. આ બધામાં મને પૂ. માતાજી અને શ્રી અરવિંદ તરફથી બાહ્ય તેમજ આંતરિક સહાય મળી. તેમણે જ મારું સાચું આંતરવલણ પારખ્યું અને મને કળાના સાચા સ્વરૂપ તરફ વાળવા માંડ્યો.

પણ એમ વળવાનું સહેલું નહોતું. બાહ્ય રીતે તો હું યોગ જેવી વસ્તુથી અજાણ્યો હતો. એમ પણ માનતો કે "હું તો આર્ટિસ્ટ; તત્ત્વજ્ઞાન મારે માટે કામનું નહિ." મારા આમાંથી મને આગળ લઈ જવાનું કામ હતું તો અઘરું, પણ મારી ભક્તિભાવવાળી પ્રકૃતિને લીધે એ પાર પડી શક્યું. ધીમેધીમે હું શ્રી અરવિંદ આશ્રમના વાતાવરણમાં ભળી ગયો. પણ કળામાં પ્રગતિ કરવાનું તો તે પછી પણ મુશ્કેલ રહ્યું. નવી જીવનપ્રણાલિને મારા અંતરમાં તો મેં સ્વીકારી પણ કળામાં તેની અસર દાખલ કરવામાં ઘણો સમય ગયો. જે સંસ્કારો, વિચારો, ટેકનિક વગેરે મેં ચિત્રકામ શરૂ કર્યું ત્યારથી મારી અંદર સ્થાન જમાવી બેઠાં હતાં તે નવી વસ્તુને મૂકવા જતાં તેને ગળી જતાં હતાં. જૂના વખતની સંકુચિત દૃષ્ટિ અને પદ્ધતિથી શીખ્યા હોઈએ તે બધું પછીથી કેવું બાધારૂપ થઈ પડે છે તે તો જેમણે એ અનુભવ્યું હોય તે જ જાણી શકે. મારી પ્રકૃતિમાં આવી બેઠેલી વસ્તુઓ પોતાનું સ્થાન છોડવા માગતી નહોતી. પણ નવી શક્તિના પ્રભાવ હેઠળ છેવટે તેમને દૂર કરવાનું શક્ય બન્યું છે, અને મારાં ચિત્રોમાં જે એક નવું તત્વ ઉમેરાઈ શક્યું છે તે પણ તેનું જ પરિણામ છે.

હું આશ્રમ-નિવાસી બન્યો ત્યારે ગુજરાતમાં જે વિરોધ ઊભો થએલો તેને હમણાં જાણે જવાબ પણ મળી ગયો. ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીએ વડોદરામાં મારાં ચિત્રોનું પ્રદર્શન ભર્યું, તેને આવકાર આપ્યો. અકાદમીના સભ્યો મારાં ચિત્રોનું હાર્દ સમજ્યા ને શબ્દો દ્વારા તે વ્યક્ત પણ કર્યું. શ્રી સોમાલાલ શાહ તો મારા જમાનાના ચિત્રકાર, તેમણે અકાદમી તરફથી મારાં ચિત્રોનું અભિવાદન કર્યું ને આધ્યાત્મિકતા કે તત્ત્વજ્ઞાન તરફ તેમનું પોતાનું વલણ નહિ હોવા છતાં શ્રી અરવિંદ આશ્રમમાં આવવાથી મારી કળા ઊતરી નથી ગઈ પણ ઊલટાનું ઊંચી કક્ષાની થઈ છે તે તેમણે જાહેરમાં કબૂલ્યું.

જેમને લીધે આ બધું શક્ય બન્યું છે તેમના શબ્દોમાં જ તેનું કારણ જણાવી તેમનો ઋણ-સ્વીકાર કરું છું:

'એવું કાંઈ જ નથી કે જે યોગીને કળાકાર થતાં અટકાવે કે કળાકારને યોગી થતાં અટકાવે. પણ જ્યારે તમે યોગમાં આવી જાઓ છો ત્યારે બધી જ વસ્તુઓની—કળાની તેમજ અન્ય વસ્તુઓની—કિંમતમાં ધરમૂળથી ફેરફાર થઈ જાય છે.'

'કળાની સાધનાના કેન્દ્રમાં રહેલ સિદ્ધાંત અને યોગ-સાધનામાં રહેલ સિદ્ધાંત તે બે એક જ છે... એ બન્નેમાં સામાન્ય દૃષ્ટિ અને સંવેદનોની પેલે પાર રહેલી કોઈક વસ્તુને જોતાં અને અનુભવતાં તેમજ ઊંડાણમાં ઊતરીને, ત્યાંથી વધારે અંતઃસ્થ વસ્તુઓને બહાર લાવતાં શીખવાનું હોય છે.'

'કોઈ સાચો કલાકાર કે જે પોતાના સર્જન-સ્રોત માટે કોઈ ઊર્ધ્વતર જગતની શોધમાં હોય છે તે જો યોગમાર્ગ લે તો તેને જણાશે કે તેની પ્રેરણા વધારે પ્રત્યક્ષ અને શક્તિ-સભર બને છે અને તેની અભિવ્યક્તિ વધારે વિશદ અને અગાધ.' (શ્રી માતાજી)

—કૃષ્ણલાલ ભટ્ટ



ટિકિટ-સંગ્રહ

ચાર સદીથી ભારતીય જીવન પર પ્રભાવ પાડી રહેલા ગોસ્વામી તુલસીદાસના 'રામ-ચરિતમાનસ'ના સ્મરણમાં ૨૫મી મેએ બહાર પડેલી ભારતની ખાસ ત્રિરંગી ટપાલટિકિટ: ઉપર (પ્રેષક: ડાહ્યાભાઈ પરમાર–અમદાવાદ)

યુરોપના વિવિધ દેશના વતનીઓને પોતાના સમાન સ્થાપત્ય-વારસામાં રસ અને ગૌરવ લેતા કરવા તથા એ વારસાના સંરક્ષણ પ્રતિ જાગ્રતિ કેળવવા ધ કાઉન્સિલ ઑવ યુરોપે યોજેલા એક ત્રિવાર્ષિક આયોજનનું આ પૂર્ણાહુતિનું વર્ષ છે. આ નિમિત્તે બ્રિટને એપ્રિલમાં બહાર પાડેલી બાજુની પાંચ ખાસ બહુરંગી ટિકિટો પર જુદાજુદા સમયની લાક્ષણિકતા દર્શાવતાં ત્યાંનાં અગ્રગણ્ય સ્થાપત્યોનાં ચિત્રો છે. (નવેના પ્રેષક: રમણિકલાલ સોલંકી–લંડન)



△ છેક ચાર્લ્સ બીજાના સમયથી બ્રિટનમાં હોડીની સહેલગાહ લોકપ્રિય છે. આ રમત આ અંગેની અનેક સંસ્થાઓની શતાબ્દીઓ અને જયંતીઓ ત્યાં ઊજવાઈ રહી છે. આ નિમિત્તે બ્રિટને બહાર પાડેલી ચાર ખાસ ટપાલટિકિટો.





અનુસંધાન] **પ્રાચીન સિક્કા** [પૃ. ૨૨૯થી

પ્રદેશમાં થયાં. તક્ષશિલામાં એના અનેક પ્રાચીન નમૂના મળ્યા છે. ભારતીય-યવન, શક-પહ્‌લવ અને કુષાણ જેવા વિદેશી રાજવંશોના સિક્કા આ પ્રકારના હતા. પહેલાં ભારતીય ગણરાજ્યોએ આ પદ્ધતિ અપનાવી. આગળ જતાં જાનપદ રાજ્યોએ પણ ઢાળેલા સિક્કાઓની જગ્યાએ બેવડા બિંબ-આહત સિક્કા પાડવા માંડયા. સિક્કા પાડવાનું બિંબ (બીબું) લોખંડ કે કાંસા જેવી કઠણ ધાતુનું બનાવતા. નીચલા બિંબ વડે સિક્કાનો અગ્રભાગ અંકિત થતો ને ઉપલા બિંબ વડે એનો પૃષ્ઠભાગ. પૃષ્ઠભાગની સરખામણીએ અગ્રભાગની છાપ વધારે સ્પષ્ટ ઊઠતી ને લાંબો વખત ટકતી. સિક્કાના નિર્માણમાં બેવડા બિંબ-આહત સિક્કાની ક્રિયાપદ્ધતિ પ્રચલિત રહી છે ને હવે તો યાંત્રિક સાધનો વડે તદ્દન પદ્ધતિસર પ્રયોજાય છે. (ચાલુ)

શતરંજના વિશ્વવિજેતાઓ: આનાતોલી કાર્પોવ

આપણે ગયા અંકમાં જોઈ ગયા તેમ ઈ. ૧૯૭૪ની Candidate's Tournamentના પહેલા રાઉન્ડમાં કાર્પોવે રશિયન મહારથી પોલુગાયેવ્સ્કીને ૩-૦ના સ્કોરથી હરાવેલા. તેઓ મૅચની ચોથી, છઠ્ઠી અને આઠમી રમત જીત્યા હતા અને બાકીની પાંચ રમત ડ્રૉ થઈ હતી. આ ત્રણે ય રમતની પહેલી ૧૩ ચાલ એકસરખી જ હતી. સાધારણરીતે કોઈ ખેલાડી અમુક શરૂઆતની પદ્ધતિ અને પેટા પદ્ધતિમાં રમત હારે તો તે પછી બીજી પદ્ધતિ અપનાવે કે પછીની ચાલમાં વહેલી તકે કોઈ ફેરફાર કરે, પણ પોલુગાયેવ્સ્કી તે જ ચાલને વળગી રહ્યા તે આશ્ચર્યજનક છે. અહીં આપણે આ મૅચની છઠ્ઠી રમત જોઈશું. એમાં સફેદ મહોરાં કાર્પોવ અને કાળાં પોલુગાયેવ્સ્કીનાં છે.

શરૂઆતની પદ્ધતિ સિસિલીઅન ડીફેન્સ. 1 P-K4, P-QB4; 2 N-KB3, P-Q3; 3 P-Q4, P×P; 4 N×P, N-KB3; 5 N-QB3, P-QR3. આ Najdorf Variationની લાક્ષણિક ચાલ થઈ. હવે સૌથી લોકપ્રિય ચાલ 6 B-KN5 છે. તેથી સફેદને આક્રમણની સારી તક રહે છે. કાર્પોવની રમત રક્ષણાત્મક અને સ્થિતિ અનુસારની છે તેથી તે 6 B-K2 રમે છે, જે Opecensky Variation તરીકે ઓળખાય છે.

6 B-K2, P-K4; 7 N-N3, B-K2; 8 O-O, B-K3; 9 P-B4, Q-B2; 10 P-QR4, QN-Q2; 11 K-R1, O-O; 12 B-K3, P×P; 13 R×P, N-K4; આપણે ઉપર જોયું તેમ અહીં સુધીની ચાલમાં ચોથી છઠ્ઠી અને આઠમી ચાલ એકસરખી જ હતી. ચોથી રમતમાં કાર્પોવ 14 N-K4 રમેલ અને જીતેલા છતાં અહીં ફેરફાર કરીને તેઓ સારી ચાલ ચાલ્યા છે.

14 P-R5, KN-Q2. 15 B-N6 રોકવા આ ચાલ ચલાઈ છે. આઠમી રમતમાં કાળાએ અહીં 14..., KR-K1ની ચાલ કરી હતી, પણ તેથી યે કંઈ લાભ થયો નહિ.

15 R-KB1, B-B3; 16 N-Q5, B×N; 17 Q×B1.

અહીં 17 P×Bથી પોતાનું છૂટું પડી ગએલું પ્યાદું (KP) વજીરની પંક્તિ પર આવે છે તે લાભ જતો કરી બે પ્યાદાંનો ભોગ આપીને પોતાને ફાવે તેવો ગૂંચવાડો ઊભો કર્યો છે.

17..., Q×BP; 18 N-Q4, વજીર પર હુમલો કરવાની સાથે K2 પરના ઊંટને રક્ષણ આપે છે.

18..., Q×N; P 19 QR-N1, Q-B6; 20 N-B5. K3 પરના ઊંટના બચાવ ઉપરાંત કાળાના QP પર વધારાનો હુમલો કરે છે. 20..., Q-B7; 21 QR-K1, N-B4; 22 N×QP, QN-Q6; 23 B×N, N×B; 24 R-Q1, N-N5; 25 Q×N P. સફેદે ભોગ આપેલાં બન્ને પ્યાદાં પાછાં મેળવી લીધાં છે અને તેનાં મ્હોરાં વધુ આક્રમક સ્થિતિમાં છે.

25..., QR-M; 26 Q-R7. વજીરને ખૂણામાં લઈ જતી આ ચાલ વિચિત્ર લાગે છે. પણ બે ચાલ પછી તેનો હેતુ જણાઈ આવે છે.


26..., Q-B3; 27 B-B4. ઘોડાને એક વધુ જોર આપવા ઉપરાંત વજીરને KB2 પર જવા માટે જગ્યા કરી આપે છે.

27..., R-R1; 28 Q-B2, QR-Q1. અહીં 28..., KR-Q1; પછી 29 N×P K×N; 30 P-K5થી સફેદને હુમલાની સુંદર તક મળી રહે છે.

29 Q-N3, Q-B6; 30 R-B3. વજીર પર હુમલો કરીને ટેમ્પો મેળવે છે. તેથી બે હાથીને સમય ગુમાવ્યા એક પંક્તિમાં લાવવાની તક મળે છે.

30..., Q-B7; 31 R (1)-KB1, B-Q5; 32 B-R6, N-B3; 33 N-B5, Q-N7; 34 N×B પછી 35 Q×P મ્હાતની ધમકી ટાળવા તેમજ RNPને એક વધુ રક્ષણ આપવા માટે. પણ હવે સફેદ સરસ રીતે આક્રમણ કરે છે. (જુઓ આકૃતિ.)

પોલુગાયેવ્સ્કી



કાર્પોવ

33..., Q-N7 પછીની સ્થિતિ

34 B-B1 વજીર પર હુમલો કરે છે અને કાળો વજીરને બચાવે ત્યાં કાળાના કિલ્લા પર જોરદાર આક્રમણ આવે છે.

34..., Q-N4; 35 N-R6ch. K-R1; 36 N×Pch. R×N; 37 R×R.

ઘોડાના બદલામાં હાથી અને એક પ્યાદું મેળવ્યું તેમજ હવે 38 R-B8ch. R×R 39 R×R મ્હાતની ધમકી છે માટે.

37..., B-B3; 38 Q-B2, K-N1; 39 R×B, P×R; 40 Q×P.


ઊંટના બદલામાં હાથી પાછો આપી દે છે. પણ સાથે એક પ્યાદું મેળવેલી છે, તેથી હવે સફેદ પાસે બે પ્યાદાં વધુ છે. કાળાના હાથી તેમજ ઘોડા પર વજીરનો હુમલો છે, વળી 41 B-N2 અને 42 Q-N7 કે Q-R8થી મ્હાતની ધમકી આપે છે. આ બધી ચાલ સામે કોઈ સારો બચાવ નથી માટે 40..., Resigns.

સુરેશ મોદી

સૂર્યમાળાના ગ્રહો-૭

નેપ્ચ્યુન

લેખક
ડૉ. યશવંત ગુ. નાયક



સૂર્યથી લગભગ સાડા ચાર અબજ કિ.મી. દૂર હોવાને કારણે પૃથ્વી પરથી નેપ્ચ્યુનનો હજી કોઈ વિગતસભર ફોટો લઈ શકાયો નથી. હાલ તો આપણે એના કદ, વેગ વગેરેના અંદાજ ઉપરાંત એટલું જ જાણીએ છીએ કે નીલહરિત દેખાતા આ ગ્રહની ઘનતા ગુરુ અને શનિ કરતાં વધુ છે. એટલે અંદાજી શકાય કે એના પર હાઈડ્રોજન અને હેલિયમ નહિ હોય પણ ધૂમકેતુઓમાં હોય છે તેવું પાણી તથા ઍમોનિયાના બરફનું ઠીકઠીક પ્રમાણ હશે. નેપ્ચ્યુનના વાતાવરણમાં પણ આછેરા પટ્ટા હોવાનો ખયાલ છે. જો કે એના પ્રાપ્ય ફોટોમાં હજી એ જણાયા નથી. એ એટલો દૂર છે કે પૃથ્વી પરથી રેડિયો સંકેતને ત્યાં પહોંચતાં ૪ કલાક ૬ મિનિટ લાગે! સૂર્યની આસપાસની એની ભ્રમણકક્ષા એટલી વિશાળ છે કે જ્યારથી નેપ્ચ્યુન શોધાયો ત્યારથી હજી સુધીમાં એણે માત્ર પોતાની પ્રદક્ષિણાનું પા ભાગનું જ અંતર પૂરું કર્યું છે.

દૂરબીન દ્વારા એના ઉપરનો ફોટો લેવા માટે અપાએલા ૨૦ મિનિટ જેટલા લાંબા એક્સ્પોઝરને કારણે નેપ્ચ્યુનનું બિંબ એમાં ઝબકતા તારા જેવું આવ્યું છે. ચિત્રમાં જમણી બાજુ ઉપરના ખૂણા પાસે તીર વડે દર્શાવ્યો છે તે નેપ્ચ્યુનનો એક ઉપગ્રહ 'નેરીડ' છે અને નેપ્ચ્યુનની ગોદમાં બતાવ્યો છે તે 'ટ્રિટોન'. નેપ્ચ્યુનની ખૂબ નજીક અને લગભગ 'બુધ' જેવડો મોટો હોવાને કારણે, આવતાં સોએક કરોડ વર્ષ દરમિયાન કદાચ ટ્રિટોન નેપ્ચ્યુનના વાતાવરણની હદમાં પેસી જઈને ભાંગી પડશે એમ મનાય છે. આ ટ્રિટોન અવળી દિશામાં ફરે છે. ગ્રીક પુરાણોમાં ટ્રિટોનને દરિયાઈ નર અને પોસીડોન તથા ઍમ્ફીટ્રાઈટનો બાળ માન્યો છે. ગ્રીક પોસીડોન એ રોમન નેપ્ચ્યુન સાગરોનો દેવતા (આપણો વરુણ). એનો પુત્ર જળ-નર-ટ્રિટોન અને એટલે બીજા નાના ઉપગ્રહને જળ-કન્યા 'નેરીડ'નું કાવ્યાત્મક નામ અપાયું છે. નેરીડ એ એક ગ્રીક જળદેવતા 'નેરસ'ની પુત્રીનું નામ છે. —સં.

નેપ્ચ્યુનની શોધ યુરેનસની શોધ કરતાં પણ વધુ આશ્ચર્યકારક છે. એ દૂરબીન વડે પહેલવહેલો જોવાયો તે પહેલાં તેના અસ્તિત્વ ને સ્થાન વિષે આગાહી થઈ ચૂકી હતી. આ આગાહી યુરેનસની ગતિમાં જણાતી કેટલીક ત્રુટીઓને કારણે થઈ શકી. ખગોળશાસ્ત્રીઓ યુરેનસના ભ્રમણવેગને આધારે આકાશમાં એનાં દિનપ્રતિદિનનાં સ્થાન નિયત કરતા હતા, પણ ગણતરી પ્રમાણે જે સ્થાન પર યુરેનસે હોવું જોઈએ ત્યાં એ દેખાતો નહિ. આમ પંચાંગમાં ગણતરી કરીને દર્શાવાતા સ્થાન અને યુરેનસના પ્રત્યક્ષ સ્થાન વચ્ચે મેળ મળતો ન હતો.

શરૂઆતમાં તો આ સ્થાનભેદનું કારણ સમજાયું નહિ, પરંતુ અંતે એવું અનુમાન થયું કે એનું કારણ યુરેનસથી આગળ પણ કોઈ અજ્ઞાત ગ્રહ હશે, જેનું પ્રબળ ગુરુત્વાકર્ષણ યુરેનસની ગતિ ઉપર અસર પાડતું હશે. એ દિવસોમાં જે દૂરબીનો હતાં તેના વડે આકાશમાં હજારો તારાઓની વચ્ચે આવા એક અતિ દૂરના અજ્ઞાત ગ્રહને શોધવાનું બહુ મુશ્કેલ હતું. આથી કેટલાક ખગોળશાસ્ત્રીઓએ આ અજ્ઞાત ગ્રહની સંભવિત કક્ષા ને સંભવિત સ્થાન બાબત ગણતરી કરવા માંડી.

કેમ્બ્રિજ યુનિવર્સિટીના ઍડમ્સ નામના એક વિદ્યાર્થીએ ઈ. ૧૮૪૫માં આ પ્રશ્ન હાથમાં લીધો અને પોતાનું તારણ ગ્રીનિચ વેધશાળાના ખગોળશાસ્ત્રીને મોકલીને તેમાં દર્શાવેલા સ્થાને અવકાશમાં દૂરબીનથી અવલોકન કરવા જણાવ્યું. પરંતુ વેધશાળાના સંચાલકે આ નોંધ ઉપર ધ્યાન આપ્યું નહિ. એ દરમિયાન ફ્રાંસમાં લેવેલિયર નામનો ખગોળશાસ્ત્રી પણ આ બાબતનો અભ્યાસ કરતો હતો. અને તેણે ઈ. ૧૮૪૬માં આ અજ્ઞાત ગ્રહના સંભવિત સ્થાન બાબત નોંધ મોકલી. આ નોંધ અને ઍડમ્સે મોકલેલી નોંધ સરખાવતાં વેધશાળાને જણાયું કે બંને વચ્ચે બહુ સામ્ય છે. આ ઉપરથી વેધશાળાના ખગોળશાસ્ત્રીએ કેમ્બ્રિજના પ્રો. ચૅલિસને તેના ૨૫ ઇંચ વ્યાસના દૂરબીનથી અવલોકન કરવા જણાવ્યું. દરમિયાન લેવેલિયરની નોંધ બર્લિન વેધશાળાને પણ પહોંચી હતી ને તેમાં દર્શાવેલા સ્થાને અવલોકન કરી ત્યાંના ખગોળશાસ્ત્રીએ ઈ. ૧૮૪૬ની ૨૩ સપ્ટેમ્બરે નેપ્ચ્યુન શોધી કાઢ્યાની જાહેરાત કરી. એક અઠવાડિયા બાદ ચૅલિસે પણ આ ગ્રહને શોધ્યાની જાહેરાત કરી. આમ નેપ્ચ્યુનની શોધનો યશ ખરી રીતે બે ખગોળશાસ્ત્રીઓને છે.

નેપ્ચ્યુનની કક્ષાની સરેરાશ ત્રિજ્યા ૪,૪૯,૭૧, ૩૦,૦૦૦ કિ. મી. (૨,૭૯,૩૦,૦૦,૦૦૦ મા.)ની છે. એનો ભ્રમણકાળ ૧૬૪·૭૫ વર્ષનો છે. નેપ્ચ્યુનનો વ્યાસ ૪૬,૬૯૭ કિ. મી. (૨૭,૭૦૦ મા.)નો છે. પોતાની અક્ષ ઉપર ૧૫ ૭૫ કલાકમાં એ એક ચક્ર પૂરું કરે છે. પૃથ્વી કરતાં લગભગ ૪૦ ગણો મોટો હોવા છતાં એનું દ્રવ્યમાન પૃથ્વી કરતાં ૧૭ ગણું જ વધારે છે. એની મધ્યમાં ૧૯,૩૨૦ કિ. મી. (૧૨૦૦૦ મા.) ખડકો હશે અને તેની ફરતે ૯૬૦૦ કિ. મી. (૬૦૦૦ મા.) જાડું બરફનું સ્તર તથા ૩૨૦૦ કિ. મી. (૨૦૦૦ મા.) જાડું વાતાવરણ હશે એમ મનાય છે. એની સપાટી ઉપર કોઈ વિશિષ્ટતા માલૂમ પડતી નથી. એ સપાટીનું ઉષ્ણતામાન-૨૧૭° સે. (-૩૬૦°)ફે.) જેટલું છે.

નેપ્ચ્યુનને બે ઉપગ્રહો છે: ટ્રિટોન અને નેરીડ. ટ્રિટોન ૩,૫૪,૨૦૦ કિ. મી. (૨,૨૦,૦૦૦ મા.) અને નેરીડ ૫૬,૩૫,૦૦૦ કિ. મી. (૩૫,-૦૦,૦૦૦ મા.) દૂર છે. ટ્રિટોનનો વ્યાસ આશરે ૫,૩૧૩ કિ. મી. (૩૩૦૦ મા.) જેટલો, એટલે કે લગભગ શનિના મોટા ઉપગ્રહ ટાઈટન જેવડો છે. ટ્રિટોન ઉપર થોડું વાતાવરણ પણ હશે તેમ મનાય છે. □

જીવલેણ ગોળી

જ્હૉન રોડની એક રહસ્યકથાના અદ્રીશવર્ધને
કરેલા બંગાળી રૂપાંતર ઉપરથી

— સુકન્યા ઝવેરી —

ડૉક્ટર મીસ્ટલી હમેશાં ઈન્સ્પેક્ટર હાલ્ડેઈનને કહેતા: 'ઘટના પર મદાર બાંધો, અનુમાન પર નહિ.' પણ ઈન્સ્પેક્ટર ઊંધું જ કરતો. પહેલાં અનુમાન કરતો—અને પછી ગોટાળો!

મિ. ફાર્કોહર્સન શહેરના વિખ્યાત વ્યાપારી. ટ્રેઈનમાં ટિલબરી જતા હતા. સ્ટેશનમાં ટ્રેઈન દાખલ થતાં જ એક કૂલીએ જોયું કે તેઓ ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં એક ખૂણામાં ટેકીને બેઠા હતા. તેમનું મુખ ઍંજિન તરફ હતું. કપાળની ઉપરની ખોપરી કોઈ જીવલેણ ઘાથી વિદીર્ણ થઈ ગઈ હતી. દેહ નિષ્પ્રાણ હતો. ત્યારે બપોરના ત્રણ અને વીસ મિનિટ થઈ હતી.

છાપામાં સમાચાર પ્રકટ થતાં ઈન્સ્પેક્ટર હાલ્ડેઇને હોશિયારી મારતાં ડૉ. મીસ્ટલીને કહ્યું: 'સાવ મામૂલી કેસ લાગે છે. કોઈએ ડંડો-બંડો માર્યો હશે માથા પર, અને ટ્રેઈન સ્ટેશનમાં દાખલ થતાં જ મારનાર નાસી છૂટ્યો હશે, અથવા બારીમાંથી બહાર ડોકાઇને જોતા હશે ત્યારે ટ્રેઈનના ઓચિંતા ધક્કાથી ચોટ લાગી હશે, યા તો કરાકની સાથે અથડાયા હશે એમ જ અનુમાન કરી શકાય.

ડૉ. મીસ્ટલી મોં મલકાવી સહેજ હસ્યા. તેઓ ગાણિતિક સમાધાનના ભક્ત, અનુમાનના નહિ. સેક્રેટરીને કહ્યું: 'હાલ્ડેઈન જે કેસને મામૂલી કહેને તેમાં જ એ સૌથી વિશેષ લોચા વાળે છે. જોઈએ, આ વખતે શું થાય છે!'

આ ઘટના શનિવારે બની; અને મંગળવારે હાંફતો-હરખાતો ઈન્સ્પેક્ટર હાજર થયો: 'ખૂનીનો પત્તો મળ્યો છે, હવે કેવળ હાથકડી પહેરાવવાની જ બાકી છે. ખૂનીનું નામ...'

'ઊભો રહે! નામ પછી. પહેલાં વિગતવાર વાત કર.' મીસ્ટલી બોલ્યા.

વ્યંગપૂર્ણ હાસ્ય હસી હાલ્ડેઈન બોલ્યો: 'કેસ સાચે જ સાવ સીધો સાદો છે. મોટિવ–ઈરાદો પકડાયો કે ખૂનીને કાન પકડીને હાજર! અહીં પણ જબરદસ્ત મોટિવ—હેતુ છે.

'ફાર્કોહર્સન પોતાની બહેનના પૈસા વડે વેપાર કરતા હતા. બહેન મરતી વખતે એક મજેદાર વિલ બનાવી ગઈ છે: એનો એકનો એક દીકરો ફાર્કોહર્સનની હયાતીમાં વેપાર–વ્યવસાયમાંથી પૈસા ન ઉપાડી શકે. શનિવારે સવારે મામા-ભાણેજ વચ્ચે ભારે બોલાચાલી થઈ હતી. તે પછી મામા ઘેરથી બહાર નીકળ્યા અને પોતાની એકની એક દીકરીને કહેતા ગયા કે પોતે બહાર ખાઈ લેશે. એ મુજબ રેસ્ટોરાંમાં એમણે લંચ લીધું ને અઢી વાગ્યાની ટ્રેઈન પકડી. ત્રણ ને વીસે એમનો મૃતદેહ મળ્યો.

'એ જ ટ્રેઈનમાં ભાણેજ પણ જતો હતો—ખભે બંદૂક લટકાવીને. એણે વળી પ્રાદેશિક દળમાં નામ લખાવ્યું છે. સાવ અનાડી. ગોળી મારતાં ય પૂરી આવડે નહિ. એટલે જ તો પૂરફ્લિટ રાઈફલ રેન્જમાં પ્રૅક્ટિસ કરવા જતો હતો.

'લાઈનના એક કર્મચારીએ ચાલુ ટ્રેઇને યુનિફૉર્મ પહેરેલી એક વ્યક્તિને ડબ્બાના ફૂટબોર્ડ પરથી ઊતરી જતી જોઈ હતી. અને ઊલટ તપાસમાં ભાણેજે એ કબૂલ્યું હતું. અચાનક પોતાના એક દોસ્તને જોતાં એણે એ સાહસ ખેડ્યું હતું. પેલા દોસ્તે આ વાત ખરી હોવાની સાક્ષી આપી છે.' આટલું કહીને ઈન્સ્પેક્ટરે ઉમેર્યું: 'હવે સમજ્યા હશો. પહેલાં એણે ફૂટબોર્ડ પરથી જઈને મામાને ગોળી મારી અને પછી ગયો પોતાના મિત્ર પાસે. લાશના માથામાંથી ગોળી પણ મળી આવી છે. અને એ ગોળી જ એનો પુરાવો છે.'

'ભલે ભલે!' હાથ મસળતા મીસ્ટલી બોલ્યા: 'પણ મારી એક વાત માનજે: ભાણેજને પકડતાં પહેલાં મને કન્સલ્ટ કરજે.' 'જોયું જશે.'

એના ગયા પછી તરત જ ફાર્કોહર્સનની દીકરી ગાભરીગાભરી આવી પહોંચી. સુંદરી, ચટકમટક, ચંચળ, ઉદ્ધિગ્ન. ડૉ. મીસ્ટલી આ કેસમાં રસ લે છે એવું સાંભળીને દોડી આવી હતી. એણે કહ્યું કે 'હૉલીડે, એટલે કે એની ફઈના દીકરાએ આ ખૂન કર્યું જ નથી. ઈન્સ્પેક્ટર હાલ્ડેઈન ગંભીર ભૂલ કરી રહ્યા છે.' ડૉ. મીસ્ટલી કહે: 'હું જાણું છું કે એણે ખૂન નથી કર્યું. પણ એણે મામા સાથે ઝગડો તો કર્યો હતો.'

મિસ ફાર્કોહર્સનનું મોં લાલચોળ થઈ ગયું. આંખો ઢાળી એણે કહ્યું: 'પણ એ કંઈ પૈસા માટે ઝગડ્યો નહોતો. એ તો મારી સાથે લગ્ન કરવા માટે ઝગડ્યો હતો. અમે બંને એકબીજાને ચાહીએ છીએ. પણ બાપુ એ સાંભળી ભડકી ગએલા.'

'અચ્છા, હું જોઈશ કે આ બાબતમાં શું કરી શકાય એમ છે.' કહીને મિસ ફાર્કોહર્સનને વિદાય કરી ડૉ. મીસ્ટલી કેટલાક નકશા લઈને બેઠા. લંડનથી ટિલબરી સુધીના સંપૂર્ણ પ્રદેશને ખૂબ જ ઝીણવટથી તપાસ્યો. પછી સેક્રેટરીને લઈ જગ્યાની વધુ બારીક તપાસ માટે નીકળી પડ્યા.

તેઓ પણ ટ્રેઈનના ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં બેઠા. ગાડીએ જેવી ઝડપ વધારી કે પોતાના બંદૂકબાજ સેક્રેટરીને કહ્યું: 'આ લે મારી લાકડી. હું અહીં જમણી બાજુના ખૂણામાં બેઠો છું—એન્જિન ભણી મોં કરીને. તું આ ખૂણેથી લાકડીને મારી જમણી આંખ ભણી તાક.'

પણ સેક્રેટરી એમ નહિ કરી શકતાં એને પાછો બોલાવી લીધો.

ટિલબરી સ્ટેશને ઊતરીને મેદાનમાં થઈને તેઓ પૂરફ્લિટ રાઈફલ રેન્જ તરફ ગયા અને પૂછ્યું: 'શનિવારે અઢી અને ત્રણની વચ્ચે અહીં રાઈફલની પ્રૅક્ટિસ થઈ હતી ખરી?'

રેન્જ વૉર્ડને કહ્યું: 'હા થઈ હતી; પણ ત્રણ વાગ્યા પછી.'

પણ ડૉ. મીસ્ટલી એમ નિરાશ થાય એમ નહોતા. ચાલતા ચાલતા આગળ ગયા બીજી એક રાઈફલ રેન્જ પર. ત્યાં પણ એ જ પ્રશ્ન પૂછ્યો. ત્યાંના રેન્જ વૉર્ડને કહ્યું: 'થઈ હતી, પરંતુ એક પણ ગોળી આડીઅવળી જવાની સંભાવના નહોતી; કેમ કે સ્ટૅન્ડ પર હળવી (લાઈટ) મશિનગન લગાડી એક જ દિશામાં આર્મીના લોકોએ ફાયર કર્યું હતું. આડી વછૂટી પણ હોય તો ય એ ગોળી નદીમાં કે કળણમાં જઈ પડે.'

ડૉક્ટરનું મોં ઊતરી ગયું. છતાં દૂરબીન હાથમાં લઈ તેઓ એક ટેકરા પર ચડ્યા અને ચારે તરફ જોવા લાગ્યા. એવામાં એક લોખંડનો સળિયો જોઈ ચમકી ઊઠ્યા. દોડતા જઈ પહોંચ્યા એ સળિયા ભણી. એ ધ્વજ ફરકાવવા માટે હતો. એની ઉપરનો થોડો રંગ ઊખડી ગયો હતો.

આ પછી ડૉ. ખુશ થતા ઘેર પાછા ફર્યા. બીજે દિવસે ઈન્સ્પેક્ટર હાલ્ડેનને સાથે લઈ આર્મી કૅમ્પમાં ગયા અને પૂછ્યું: 'ગયા શનિવારે રાઈફલ રેન્જમાં શી રીતે ગોળીબાર કર્યો હતો એ જરા બતાવશો?'

ઑફિસર બોલ્યા: 'આ ઘોડી પરથી નવ્વાણું ગોળી એક પછી એક એક જ પૉઈન્ટ પર ગઈ હતી, પણ પછી ક્લૅમ્પ અચાનક ભાંગી જતાં મશિનગનનું મોં નીચેની તરફ ઝૂકી પડ્યું હતું; અને પછીની ગોળી શોધી હતી પણ જડી ન હતી.'


તરત ડૉક્ટરે ઈન્સ્પેક્ટરને ઘોડી તરફ આંગળી ચીંધીને કહ્યું: 'આ જ છે ફાર્કોહર્સનની હત્યાકારી.'

'અસંભવ.' ઈન્સ્પેક્ટર બરાડી ઊઠ્યો. 'સોમી ગોળી લક્ષ્ય ચૂકીને પણ કળણ ભણી ગઈ હતી, વાંકી વળીને રેલ લાઈન તરફ શી રીતે જાય?'

તમે જ કહો જોઈએ, શી રીતે? (ખુલાસો પૃ. ૨૪૨ ઉપર)

પચ્ચીસ વર્ષ પહેલાં

જૂન ૧૯૫૦ · સળંગ અંક ૩૧૮



પચ્ચીસ વર્ષ પહેલાંનો (જૂન ૧૯૫૦નો) અંક તો એટલો વૈવિધ્ય-સમૃદ્ધ હતો કે એમાં-થી બેએક ઉતારા કરવાનો લોભ રોકી શકાતો નથી. સૌ પ્રથમ તો પોતાની કરાળતા અને વિશાળતાથી 'સાગર'નું બિરુદ પામેલી ગુજરાત-ની મહા નદી 'મહી'નો પરિચય અમૃતલાલ વ. પંડયાએ કરાવેલો તે જોઈએ. ભૌગોલિક, પૌરા-ણિક ને ભૂસ્તરશાસ્ત્રીય માહિતી આપતો આ અભ્યસનીય લેખ એ સાથેના બે નકશાઓની મદદથી વાંચવાથી વિશદ ને રસમય બનશે :

ગુજરાતની મુખ્ય નદીઓ ચાર : સાબરમતી, મહી, નર્મદા ને તાપી. મહી નદી મુખ્યત્વે ખડકો, પર્વતો અને વનોના પ્રદેશમાંથી વહેતી હોવાથી નર્મદા વગેરેના કાંઠે જેમ પુરાતન કાળમાં જુદીજુદી પ્રજાઓ વસી અને નગરો ઊભાં થયાં તેમ, મહી બાબત એના ચરોતર-માંના ભાગને બાદ કરતાં, બન્યું જણાતું નથી.

ગુજરાતની પૂર્વોત્તરે માળવાનો ઉચ્ચ પ્રદેશ આવેલો છે. તે જ્વાળામુખીના કાળા ખડક, એટલે કે સોપાન શિલાઓ (Deccan traps) નો રચાએલો છે. માળવાના ઉચ્ચ પ્રદેશમાં વિંધ્યાચળના શિખરભાગ આગળથી, પૂર્વેથી પશ્ચિમ તરફ પ્રણુતરી કરતાં, અનુક્રમે આટલી નદીઓ નીકળે છે: [તેમનાં નામની પડખે કૌ-સમાં તેમનાં પ્રાચીન નામ આપેલાં છે.] દસાન (પ્રાચીન દશાર્ણ); બેતવા (પ્રાચીન વેત્રવતી, જેના કાંઠે સાંચી=પ્રાચીન કાકનાદ, વિદિશા= હાલનું બેસનગર કે ભેલસા ઇત્યાદિ ઐતિહા-સિક ગામો આવેલાં છે); સિંધ, પાર્વતી (પ્રા-ચીન પારા), કાળી સિન્ધ (પ્રાચીન નિર્વિન્ધ્યા), ક્ષિપ્રા, ચંબલ (પ્રાચીન ચર્મણ્વતી) ને મહી. [જુઓ સાથેનો મોટો નકશો]

એમાંની બીજી બધી નદીઓ ઉત્તર તરફ વહી, પછી પૂર્વ તરફ વળી અંતે યમુનાને જઈ મળે છે. આ પ્રમાણે માળવાની આ બધી નદીઓ પૂર્વ-વાહિની છે. એમાં અપવાદ રૂપે એક માત્ર મહી

છે, જે પશ્ચિમવાહિની છે. તે સરદારપુર પાસેથી નીકળી, પહેલાં તો સવાસો માઈલ જેટલે પશ્ચિમોત્તર તરફ સીધી ચાલી જાય છે, ને પ્રતાપગઢ આગળ એકાએક લગભગ ૩૫ અંશનો વળાંક લઈ દક્ષિણ-પશ્ચિમ ખૂણામાં ગુજરાત તરફ વળી જાય છે. આ વિસ્તારમાં મેવાડ પ્રદેશની બધી નદીઓ એક પછી એક તેને મળે છે.

મેવાડની દક્ષિણે મહી જ્યાં આ અસામાન્ય પ્રકારનો વળાંક લે છે ત્યાંથી ભાષાદૃષ્ટિએ, ગુજરાત શરૂ થઈ જાય છે. પછી તે ડુંગરપુરના પ્રદેશોનો સીમાડો બાંધતી ખંભાતના અખાતની દિશામાં આગળ ચાલે છે. આ બધો પ્રદેશ જંગલોથી ભરપૂર હોઈ ડુંગરાળ છે અને તેમાં ખનિજો ખૂબ છે. એ 'વાગડ' કહેવાય છે. વાગડ એટલે વગડો કે વન. ગુજરાતમાં ત્રણ વાગડ છે: એક તો આ વાગડ; બીજો વાગડ ઉત્તર ગુજરાતમાં વઢિયાર પ્રદેશ આગળ; અને ત્રીજો કચ્છમાં. આ વાંસવાડા ડુંગરપુરના પ્રદેશો ગુજરાતી બોલનારા છે. તેમનો ભાષાકીય, સાંસ્કૃતિક, ઔદ્યોગિક અને વ્યાપારિક સંબંધ ગુજરાત સાથે જ છે. આ પ્રદેશમાં મહીને કાંઠે ગલિયાકોટ નામનું વહોરાભાઈઓનું તીર્થસ્થાન છે, જ્યાં જાત્રા માટે તેઓ મોટી સંખ્યામાં જાય છે. (જુઓ નાનો નકશો.)

ગલિયાકોટથી થોડે આગળ મહી લુણાવાડાના પ્રદેશમાં પ્રવેશ કરે છે. બાલાસિનોરને થોડેક છેટે પશ્ચિમે રાખી, મહી જે પ્રદેશમાં હવે આવે છે તે મહીકાંઠો કહેવાય છે. અહીં તે અરવલ્લી પર્વતમાંથી બહાર નીકળી મેદાનમાં આવે છે. આ મેદાન-પ્રદેશ લોએસ Loess નામે ઘણી બારીક ને લીસી ગોરાટ માટીનો રચાએલો છે, ને એ પોચી માટીમાં મહીના પ્રવાહે ઘણાં જ ઊંડાં કોતરો પડ્યાં છે. ગુજરાતનાં આ 'મહીનાં કોતરો' જાણીતાં છે, અને તે ધાડપડુ ને લુટારાને સંતાઈ રહેવા માટે આદર્શ સ્થળ ગણાયાં છે. એવાં જ ઊંડાં કોતરો, પૂર્વથી પશ્ચિમે અરાવલ્લીની તળેટીએ તળેટીએ મહીની જેમ બીજી નદીઓ; વાત્રક, મેશ્વો, સાબરમતી વગેરે-એ પણ પાડ્યાં છે. (જુઓ નાનો નકશો) મહાક્ષત્રપ રુદ્રદામનના ઈ. ૧૫૦ના ગિરનારના ખડકલેખમાં તેણે આનર્ત ને સુરાષ્ટ્ર સાથે જે 'શ્વભ્ર' પ્રદેશ જીત્યાની નોંધ આપી છે તે ગુજરાતનો આ કોતરવાળો પ્રદેશ જ હોવો જોઈએ; કારણ કે 'શ્વભ્રનો' અર્થ 'કોતર' થાય છે. સાબરમતીનું મૂળ નામ પણ 'શ્વભ્રમતી' હતું.

આ પ્રદેશમાં, સેવાલિયા આગળ, આણંદ-ગોધરા રેલવે લાઈન પર મહીનો પુલ આવે છે. મહી પર આ બીજો પુલ છે. પહેલો રતલામ ને દાહોદ વચ્ચે પંચપિપલ્યા સ્ટેશન આગળ આવે છે (જુઓ મોટો નકશો); ત્રીજો આણંદ અને વડોદરા વચ્ચે વાસદનો જાણીતો પુલ છે. સેવલિયા આગળ મહી પશ્ચિમ તરફ વહે છે અને સાતેક માઈલ ઠાસરાના સાન્નિધ્ય સુધી રેલવે લાઈનની હારોહાર, તેનાથી બે માઈલ છેટે રહીને વહે છે (જુઓ નાનો નકશો). ડાકોરથી ઠાસરા, આંબાવાવ, અંગાડી ને માલવણ થઈ સેવાલિયા સુધી પાકી સડક છે (જુઓ નાના નકશામાંનો પેટા નકશો) અને તેના પર દિવસમાં ચારેક વાર ડાકોરથી સેવાલિયા બસ દોડે છે. સેવાલિયાથી બાલાસિનોર પણ બસ જાય છે. ડાકોર-સેવાલિયા સડક ઉપર ઠાસરા અને અંગાડી વચ્ચે જે આંબાવાવ ગામ આવે છે ત્યાંથી એક પાકો સડક સરનાળ થઈ મહીના કાંઠે છેક ગળતેશ્વરના મંદિર સુધી જાય છે. મહીને મળનારી ગળતી નદીને કાંઠે આવેલું ગળતેશ્વર ત્યાંથી અઢી માઈલ થાય છે (જુઓ નાના નકશામાં પેટાનકશો).

બાલાસિનોરપાસે મહીના કાંઠે તથા સાવલી નજીક મહી ઉપર જૂનાં દેવલયો છે. ગળતેશ્વરની સામે વરસડા છે ત્યાંથી ડેસર સુધી પાકી સડક છે, અને મહાશિવરાત્રીને દિવસે મહીને કાંઠે વરસડામાં મોટો મેળો ભરાય છે. ડેસર અને તેની આસપાસ મહીના તટપ્રદેશે બ્રુસફૂટ નામે ભૂસ્તરશાસ્ત્રીને ઈ. ૧૮૯૩માં પ્રાગૈતિહાસિક અવશેષો મળ્યા હતા. એ રીતે આ ડેસર મહીનદીની ઉપત્યકા (તટપ્રદેશ)માં એક અગત્યનું પુરાતન સ્થળ જણાય છે. આ ડેસર મહીની પૂર્વ દિશામાં ટીંબા અને સમલાયા વચ્ચે નાની રેલવે લાઈન પર એક સ્ટેશન છે.


ગળતેશ્વરના સાન્નિધ્ય લગભગથી મહી નદી પહોળી થવા લાગે છે ને તેથી 'મહીસાગર' કહેવાતી જાય છે. આ મહીસાગર તે ચરોતર પ્રદેશના પૂર્વ સીમાડો. મહી અને ઢાઢરની વચ્ચે આ પછીના પ્રદેશ વાંકળ કહેવાય છે. (જુઓ નાનો નકશો) ત્યાંથી વહેતી મહી ખંભાત આગળ ખંભાતના અખાતને મળે છે. એના મુખની પશ્ચિમે ખંભાત અને દક્ષિણે કાવી બંદરો છે. કાવી પૂર્વકાળમાં કર્પાસિકા કહેવાતું, કારણ ત્યાંથી ભરૂચના કાનમ પ્રદેશનો કપાસ કે જે હિંદના દેશી કપાસમાં સૌથી સારો ગણાય છે તે, પરદેશ ચડતો હતો. મહીના ઉદ્ગમથી મુખ સુધીની કુલ લંબાઈ લગભગ ૩૫૦ માઈલ છે.

આપણું પ્રાચીન સાહિત્ય જોતાં મહીનું નામ વાલ્મીકિ રામાયણના કિષ્કિંધાકાંડમાં મળે છે. મહાભારતમાં (ભીષ્મપર્વ, અધ્યાય ૯) તેને 'મહિતા' કહી છે અને તેની ઉત્તરના પ્રદેશને 'મહ્યુતર' કહ્યો છે, જે મહી-સાગર-સંગમની ઉત્તરના પ્રદેશને કહ્યો હશે. એ મહીકાંઠો હોવો જોઈએ. પુરાણોમાં પારિપાત્ર પર્વતનું નામ ઘણે સ્થળે આવે છે. પારિપાત્ર એટલે હાલનો અરાવલ્લી ને તેની સાથે પૂર્વમાં જોડાએલો વિંધ્યાચલનો ભોપાલ સુધીનો ભાગ. વૈદિક સાહિત્ય ને મનુસ્મૃતિમાં આર્યાવર્તનો દક્ષિણ સીમાડો આ પારિપાત્ર પર્વતને કહ્યો છે. પુરાણો પ્રમાણે આટલી નદીઓ પારિપાત્રમાંથી નીકળે છે: વેત્રવતી (બેતવા), સિન્ધુ (માળવાની સિન્ધ), કાવેરી (ઓમકાર-માંધાતા આગળ નર્મદાને મળતી), પારા (પાર્વતી), શિપ્રા (ઉજ્જૈનવાળી), નર્મદા, મહતી (મહી), વૃત્રઘ્ની (વાત્રક) અને પર્ણાશા (બનાસ, પાલનપુર-રાધનપુરવાળી).

પુરાણોમાં મહી-પ્રદેશને 'માહેય' કહ્યો છે ને તેની ગણત્રી અપરાન્ત (અપર=પશ્ચિમ+અંત=છેડો: પશ્ચિમનો છેડો, એટલે હિંદના પશ્ચિમ સાગરકાંઠો)ના એક પ્રદેશ તરીકે આમ કરી છે: આનર્ત, અર્બુદ, સૌરાષ્ટ્ર, કચ્છ, સારસ્વત (પાટણવાડો), ભારુકચ્છ (ભરૂચનો પ્રદેશ કાનમ), માહેય, આન્તર્નર્મદ (રેવાકાંઠો), શૂર્પારક (સોપારા-મુંબઈ) ને નાસિકય (નાશિક). પુરાણોમાં 'ભારુકચ્છાસમાહેયા:' આવો પ્રયોગ બહુ આવે છે. આમ, માહીપ્રદેશની ગણતરી પશ્ચિમ સાગરકાંઠાના એક પ્રદેશ તરીકે કરેલી હોવાથી જણાય છે કે આ નામ મહીતટના ગુજરાત-પ્રદેશ માટે-ખાસ કરી મહીકાંઠાને ચરોતરના પૂર્વ ભાગ માટે પ્રાચીન કાળમાં વપરાતું હતું.

વળી સ્કંદ પુરાણમાં મહીતટના પ્રદેશ માટે 'કુમારિકાક્ષેત્ર' નામ પણ મળી આવે છે. એની વિગતો શ્રી રત્નમણિરાવે પોતાના 'ખંભાતના ઇતિહાસ'માં ચર્ચી છે. મહી-સાગર-સંગમનું સ્કંદ અને બીજાં પુરાણોમાં ખૂબ મહત્ત્વ છે.

અસુરો અને દેવો વચ્ચે થએલા દેવાસુર-સંગ્રામો તો પ્રસિદ્ધ છે. એક દેવાસુર સંગ્રામમાં અસુરો હાર્યા. તેમની વચ્ચે તારક નામનો જે અસુર થયો એણે પારિપાત્ર પર્વત (આરાવલ્લી) પર બ્રહ્માનું તપ કર્યું કે તે દેવોને હરાવી શકે. બ્રહ્માએ કહ્યું કે નાના બાળક સિવાય તેને બીજું કોઈ મારી શકશે નહિ. તારકે મહી સાગર સંગમ આગળ પોતાને માટે તારકપુર નામનું નગર વસાવ્યું ને દેવો સાથે યુદ્ધ કરી તેને હરાવ્યા. દેવો બ્રહ્મા પાસે ગયા એટલે બ્રહ્માએ કહ્યું કે તેને બાળક મારી શકશે. આથી દેવોએ શિવના બાળક પુત્ર કાર્તિકેયને તેને મારવા કહ્યું. કાર્તિકેયે તારકનો વધ કર્યો અને દેવો અસુરો ઉપર વિજયી થયા. આની ખુશાલીમાં તેમણે મહીસાગર સંગમ પાસે વિજયનો સ્તંભ રોપ્યો ને આ સ્થાન સ્તંભતીર્થ તરીકે પંકાયું, જે પાછળથી ખંભાત થયું. આ જૂનું ખંભાત તે હાલનું નગરા, કે જે ખંભાતની ઉત્તરે પાંચ માઈલ પર આવેલું છે. તારકપુર તે હાલના પેટલાદ અને ખંભાત વચ્ચેનું તારાપુર. ત્યાં એક શિલાલેખ મળી આવ્યો છે તેમાં એનું મૂળ નામ 'તારકપુર'



ઉત્તર અને મધ્ય ભારતમાં આવેલા આપણા પર્વતોની રચના તથા નદીઓનાં વહેણો વગેરે દર્શાવતો આ નકશો, મહી નદી વિષેના લેખની સાથે જોતા જવાના છે. તે ઉપરાંત, આ નકશામાં ઉપલે ડાબે ખૂણે 'પર્વતો' અને 'નદીઓ'નાં મથાળા નીચે આપેલું લખાણ, તથા નકશામાં બતાવેલા પ્રાચીન રાજમાર્ગો તેમજ આધુનિક નામોને બદલે આપેલાં તેનાં પ્રાચીન નામ પણ રસમય છે.

આપેલું છે. વળી તારાપુરમાં તારક દૈત્યનો એક ટેકરો પણ છે.

મહીની ખાસ અગત્યમાં તો આ છે કે જ્યારે નર્મદાના મુખથી ભરૂકચ્છનું પુરાતન બારું પુરાયું ત્યારે હિંદના મુખ્ય બંદર તરીકે તેનું સ્થાન મહીમુખે આવેલા ખંભાતે લીધું. ખંભાત હિંદનું મુખ્ય બારું બનતાં હિંદના જુદાજુદા ભાગોમાંથી ત્યાંથી આયાત-નિકાસ માટે નવા રસ્તા વિકાસ પામ્યા. ખંભાતથી સોજિત્રા સુધી મોટો રાજમાર્ગ જતો. અહીં તેમાંથી ત્રણ રસ્તાઓ ફંટાતા: પહેલો ખેટક (ખેડા), કર્ણાવતી (અમદાવાદ), મોઢેરા અને પાટણના માર્ગે ભિન્નમાલ જતો; બીજો નડિયાદ, મહુધા, કપડવણજ ને મોડાસા થઈ ચિતોડ જતો અને ત્યાંથી પૂર્વ રજપુતાના તથા મધ્ય ભારતમાં થઈ કનોજ જતો; ત્રીજો માર્ગ સોજિત્રાથી ફંટાઈ પેટલાદ અને ડાકોર પર રહી ગળતેશ્વર આગળ મહીને ઓળંગતો અને પછી ત્યાંથી ગોધરા, દાહોદ વગેરેને રસ્તે ઉજ્જૈન જતો, અને ઉજ્જૈનથી તે વિદિશા (ભેલસા), કૌશાંબી, કાશી ને પાટલીપુત્ર વગેરે સ્થળે જતો (જુઓ મોટો નકશો).

આમ જ્યાં હાલ ગળતેશ્વર છે ત્યાં ખંભાતથી માળવા-મધ્ય હિંદનો મહામાર્ગ મહી નદીને ઓળંગતો, અને એથી અહીં જે શહેર વિકાસ પામ્યું તે સરનાળ. સરનાળ ગળતેશ્વર આગળ જ છે અને ગળતેશ્વરનું મંદિર સરનાળની હદમાં આવેલું છે. ગયા અંકમાં એ ગળતેશ્વરના મંદિરના પ્રવાસનો વિસ્તૃત લેખ આવી ગયો.

જીવલેણ ગોળીનો ઉકેલ

[પૃ. ૨૩૮ થી]

લોખંડના સળિયાને અથડાઈને ગોળી પાછી વળી હતી ને ત્યારે બાજુમાંથી પસાર થતી ગાડીની બારીમાંથી ફાકો હર્સન ની એ પરીમાં વાગી હતી. લ બિથી આવેલી ને લોખંડી સળિયાને અથડાઈને પાછી ફેંકાએલી ગોળીની ઝડપ ઓછી થઈ ગઈ હતી તેથી તે એ પરીમાં પેસી ગઈ પણ એને વીંધીને આરપાર બહાર ન નીકળી શકી. છેક બારી પાસે આવીને કોઈએ ગોળી મારી હોત તો એ ગોળી ખોપરી વીંધીને બહાર નીકળી જાય. એ જ કારણને લીધે ઘેર બેઠાં ડૉક્ટરે કહ્યું હતું કે ભાણેજે ખૂન કર્યું નથી. એનું હવે ચોક્કસ પ્રમાણ મળ્યું. ચાલુ ટ્રેઈનમાં બંદુકબાજ સેક્રેટરીને લાકડી જમણી આંખ તરફ તાકવા કહ્યું હતું પણ એ રીતે નિશાન તાકી શકાયું નહિ. તેથી અનાડી શિખાઉ ભાણેજ માટે તો ચાલુ ટ્રેઈન બારીમાંથી ગોળી છોડી ખોપરી ભાંગી નાખવી એ સંભવ જ નહોતું. □



ટિકિટ-સંગ્રહના શોખથી થતો એક મોટો ફાયદો તે નાનાવિધ જ્ઞાનનાં ક્ષેત્રોનો પરિચય કહી શકાય. તેનો માત્ર આછો ખયાલ આપવા પૂરતો એક સમૂહ આ ઉપર છાપ્યો છે. તેની મથાળાની હારમાં ત્રણ વિખ્યાત પુરુષો છે: (૧) ડેન્માર્કની ટિકિટ ઉપર ત્યાંનો જગજાણીતો પરીકથાકાર હૅન્સ ઍન્ડર્સન; (૨) દક્ષિણ હૉડેશિયાની ટિકિટ ઉપર આફ્રિકાનો અગ્રણી સંસ્થાન-સ્થાપક સેસિલ ર્હોડ્ઝ; અને (૩) રશિયાની ટિકિટ પર લેનિન. બીજી હારમાં પશુપખીની વિવિધતાની વાનગી છે: (૧) ન્યૂઝીલાંડની ટિકિટ પર 'કીવી' નામનું જાનવર; (૨) બેલ્જિયમ કૉંગોની ટિકિટ પર આફ્રિકાનું 'ઓકાપી' નામક પશુ; ને (૩) ગ્વાટેમાલા (મધ્ય અમેરિકા)ની ટિકિટ ઉપર 'કવેટ્ઝાલ' પંખી. ત્રીજી હારમાં (૧) જર્મનીની ટિકિટ ઉપર ત્યાંનો વિખ્યાત પુરાતન કિલ્લો; (૨) ગ્રીકની ટિકિટ ઉપર સૂર્યદેવ અને (૩) જાપાનની ટિકિટ ઉપર ત્યાંના વિશિષ્ટ સઢવાળા વહાણનો પરિચય મળવા ઉપરાંત તે તે દેશોની લિપિઓ પણ જોવા મળે છે. ચોથી હારમાં એરમેઈલની ટિકિટોના નમૂના છે, જેમાં પહેલી ઈટાલીની, બીજી હૉલૅંડની અને ત્રીજી જર્મનીની છે, અને એ ત્રણેમાં વાયુ ઉડ્ડયનનાં વિવિધ પ્રતીકોનાં આલેખનો છે. પહેલીમાં પાંખાળો ઘોડો અને ત્રીજીમાં પૃથ્વીના ગોળાને આવરીને ઊડતો જર્મનીનું રાષ્ટ્ર-પ્રતીક ગરુડ છે, જ્યારે વચલી, વિમાનના આલેખનવાળી ટિકિટના અનોખા ત્રિકોણ ઘાટમાં વિશિષ્ટ ચિત્રરચના કરેલી છે.

સાહિત્યસંપર્ક

શબ્દકથા: 'પરડકું'

સાપના બચ્ચા માટે 'સાપોલિયું', 'પરડકું' અને 'કણો' એ શબ્દો જાણીતા છે. હેમચંદ્રે 'દેશીનામમાલા'માં સ્ત્રીલિંગ 'પરડા' શબ્દ સર્પવિશેષના અર્થમાં નોંધ્યો છે. પ્રાકૃત સાહિત્યમાં પણ એ જ અર્થમાં તે વપરાયો છે. સર્પવાચક સંસ્કૃત 'પૃદાકુ' ઉપરથી 'પરડા' થયાનું માની શકાય. 'ઋ'ની અસરથી દકારના ડકાર થયો હોય, અને એમ 'પૃદા' ઉપરથી 'પ્રડા' દ્વારા 'પરડા' બન્યું હોય.

પશ્ચિમી પંજાબીમાં 'પરડા'નો અર્થ ચિત્તો થાય છે. સંસ્કૃત કોશોમાં પણ 'પરડા'નો વાઘ કે દીપડો અર્થ નોંધાયો છે. લાતિન ભાષામાં 'પાર્ડુસ' અને ગ્રીક ભાષામાં 'પાર્દોસ' શબ્દ ચિત્તો એવો અર્થ ધરાવે છે, જેના પરથી અંગ્રેજીમાં 'પર્ડ' અને 'લેપર્ડ' શબ્દ થયા છે. સંસ્કૃત, લૅટિન અને ગ્રીકના આ શબ્દનું એક જ મૂળ છે. ટર્નરે સૂચવ્યું છે કે મૂળ શબ્દનો 'ટપકાંવાળું' એવો મૂળ અર્થ સ્વીકારીએ તો તેમાંથી ચિત્તા-દીપડાનો અને સાપનો એમ બંને અર્થ સિદ્ધ થઈ શકે.

'પરડા' ઉપરથી લઘુતાવાચક 'ક' પ્રત્યય લાગીને 'પરડકું' અને 'વ' પ્રત્યય લાગીને 'પરડવું' એવાં રૂપ થયાં છે. બાવળની શિંગ માટે વપરાતો 'પરડો', 'પરડિયો' વગેરે સાપના બચ્ચાના આકારસામ્યથી થએલા લાક્ષણિક પ્રયોગનું પરિણામ હોય.

હરિવલ્લભ ભાયાણી

મુરલીધર રામચન્દ્ર ઠાકુર

૨૩-૨-૧૯૧૦ . . . . ૨૨-૪-૧૯૭૫

ઉત્તર ગુજરાતના તત્કાલીન ઇડર રાજ્યના સુવેર ગામના ઔદીચ્ય બ્રાહ્મણ શ્રી રામચન્દ્ર હરિદત્ત ઠાકુરને ત્યાં, એ જ રાજ્યના કુકડિયા ગામે મોસાળમાં સં. ૧૯૬૬ની માહ સુદ પાંચમે એમનો જન્મ. બે વર્ષની વયે માતા ગંગાબાઈનું મૃત્યુ થતાં મોસાળમાં જ ગામઠી નિશાળે પ્રાથમિક અભ્યાસ કરી પિતા પાસે મુંબાઈ જઈ, ત્યાં મૅટ્રિક થયા. ઉચ્ચ શિક્ષણ માટે પિતાની અશક્તિ હોઈ આપબળે જ, અનેક હાડમારીઓ વેઠી કૉલેજશિક્ષણ લીધું.

મૅટ્રિકમાં ગુજરાતી-શિક્ષક સ્વ. ભાનુશંકર વ્યાસ 'બાદરાયણે' એમના સાહિત્ય પ્રત્યેના અનુરાગને પોષ્યો અને કૉલેજમાં સ્વ. નરસિંહરાવ દિવેટિયાની મમતા, શિક્ષણ અને વિદ્વત્તાએ એમનું જીવન ઘડ્યું અને પોષ્યું. એમના હાથ નીચે ગુજરાતી અને સંસ્કૃત લઈ એમ. એ. થયા અને સિડનહામ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક થયા. ઈ. ૧૯૩૯માં રાજકોટના વિખ્યાત કેવળરામ માવજીના પરિવારનાં પુત્રી સરલાબહેન જોડે લગ્ન કર્યું. પછીની એમની કારકિર્દી જાણીતી છે. એમણે અનેક કાવ્યો અને ટૂંકી વાર્તાઓ ઉપરાંત હાઈકુનું સર્જન કર્યું છે. ગાંધીયુગના જાણીતા ગુજરાતી કવિઓમાં એમની ગણના સહેજે થઈ શકે.

એમની રચનાઓમાં 'સફર અને બીજાં કાવ્યો', 'મેળો' (બાળગીતો), 'ગુજરાતીનું અધ્યયન' (પ્રો. વકીલ સાથે), 'પ્રેમળ જ્યોત', 'જીજી' વગેરે છે.

સ્વ મુરલી ઠાકુર

મુંબાઇની સિડનહામ કૉલેજની લાયબ્રેરીમાં બેસી મિત્રો સાથે જે કાવ્યપ્રયાસો કરતા તેમાં એક દિવસ ચૌદેક અક્ષરની થોડીક પંક્તિઓ લખી અને મુરલી ઠાકુર પાસે ગયો. એમણે કહ્યું કે 'આને વસંતતિલકામાં લેવાય' ત્યારે અણધાર્યા જ કવિતા લખવાના શ્રી ગણેશ મંડાયા.—આવી વાત કહેનાર આ લેખક ઉપરાંત અનેક કવિતાપ્રેમી યુવાનો મળવા શક્ય છે.

જરાયે અતિશયોક્તિ વિના કહી શકાય કે સિડનહામ કૉલેજની ભોંયતળિયાની એ પ્રોફેસસ રૂમ વર્ષો સુધી કવિતાનો કક્કો ઘૂંટનારથી માંડી 'સોશિયલ'ની સમભાવી પ્રવૃત્તિ કરનાર અનેક હોંશીલા વિદ્યાર્થીઓનું તીર્થધામ બની રહેલું. એ ઠાકુરની મુરલીના તાને અનેક ગોવાળિયાઓ વર્ષો સુધી આકર્ષાતા રહ્યા. એકાઉન્ટન્સી કે અર્થશાસ્ત્રના ખાસ વિષયે ને ત્યજીને એમનાં લેકચરો ભરનાર અને 'આ તો મુંબાઈ છે કે મસાણ' કે 'મહાન માણસોનાં રેખાચિત્રો વાંચી આપણે મહાન તો કદાચ ન બનીએ પણ મહાનતાનો અનુભવ થોડી ક્ષણો અવશ્ય કરીએ' જેવાં વાક્યોને કારણે ત્રણ ત્રણ લેકચર સુધી મંત્રમુગ્ધ બની રહેનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો ખાસ્સો મોટો સમુદાય એમની છટા અને સામર્થ્યને હજી આજે ય દાદ આપે છે.

મુરલીધર ઠાકુર મૂળે ઇડરના ઔદીચ્ય બ્રાહ્મણ. માતાની છત્રછાયા એમણે ખૂબ નાની વયમાં ગુમાવી. 'સફરનું સખ્ય'માં એમનું બે કડીનું એક ચોટદાર કાવ્ય છે:



'કહે છે લોક કે 'તારી માતા લાડ લડાવતી'
માતાના લાડની મારે સ્મૃતિઓ એમ રાખવી.

માત્ર માતાની હૂંફનો જ નહિ ઘણી ઘણી બાબતોનો એમણે જીવનમાં અભાવ સહ્યો. મુંબાઈના સુયેનારાયણના મંદિરમાં મોટા થયા, એમાં આરંભમાં નાનીનો અને પછી મામીનો સ્નેહ મળ્યો. આમ છતાં મુશ્કેલીઓનો કાઢો તો ગળથૂથીથી જ એમણે પીધા કરેલો. અને એટલે જ કદાચ 'મૃત્યુ' એમના કાવ્યનો પ્રિય વિષય બની રહ્યું. આમ છતાં જે કાર્ય હાથમાં લે તેને હોંશે હોંશે અને આગવા આત્મવિશ્વાસથી તેઓ પાર પાડતા. એથી જ એમના સ્વભાવમાં સ્વાભિમાનનો મિજાજ ઢાંક્યો રહેતો નહિ. વાતવાતમાં ક્યારેક તેઓ કહેતા: 'ઘણાં વર્ષો સુધી સરકારી નોકરી કરી છે એટલે કોઈની તુમાખી સહન નથી કરી શકતો! આને કારણે ઘણી ય વાર એમને ઘણા લોકો સાથે મનમેળ સધાતો નહિ. પરિણામે:

'સુરમ્ય ઉરવાદ્યના સહજ તાર તૂટી ગયા,
હવાં વિરૂપ એ પરે વિફલ અંગુલી ફેરતું,
મળે ન સ્વરમેળ, ક્યાં અજબ મૌન ધારી રહ્યું!'
(સફરનું સખ્ય)

સિડનહામ કૉલેજમાં પ્રાધ્યાપક, 'નાલંદા પબ્લિકેશન'માં મિત્રો જયંત દાણી અને હરિશ્ચન્દ્ર ભટ્ટ સાથે પ્રકાશનકાર્ય, ફિલ્મ સેન્સર બોર્ડમાં સભ્યપદ, ને મુંબાઈ આકાશવાણીના ગુજરાતી વિભાગના નિર્માતા તરીકે વર્ષો સુધી સૌના માનનીય મિત્ર, એમ બધે જ સ્થળે એમણે પોતાના ઉષ્માસભર વ્યક્તિત્વની સોરભથી અને સહાનુભૂતિના સ્પર્શથી આગવાં પ્રીતિપ્રતિષ્ઠા સંપાદન કર્યાં.

મૃત્યુના થોડા માસ પહેલાં જીવલેણ માંદગીમાંથી બચી ગયા ત્યારે મિત્રો કહેતા કે 'અણીચૂક્યા' હવે સો વર્ષના થશો. હકીકતમાં આ માંદગીમાંથી ઊભા થયા એ તો કદાચ એમનાં પત્ની સરલાબહેનના ભાવિની ગોઠવણ

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



પન્નાલાલ પટેલ

જન્મ : તા. ૭-૫-૧૯૧૨, માંડલી (જિ. ડુંગરપુર)માં. ઈડરમાં અંગ્રેજીનાં ચાર ધોરણ સુધી અભ્યાસ, પણ ત્યારના સાથીદાર શ્રી ઉમાશંકર જોશીને લીધે સાહિત્યનો રંગ લાગ્યો. અમદાવાદ અને મુંબઈમાં નાનાવિધ પ્રકારની નોકરી સાથે શ્રી 'સુંદરમ્' સહિત અનેક સાહિત્યકારોનો પરિચય સાધતા જઈ આપસૂઝે કલમ કસીને આજે ગ્રામ્ય સમાજના નિરૂપક ગણ્યકોટિના નવલ-કથાકાર અને નવલિકાકાર બની રહ્યા છે. ઈ. ૧૯૫૦ના રણજિતરામ સુવર્ણચંદ્રકના તથા ગુજરાત રાજ્યના પારિતોષિકના વિજેતા. 'સુખદુઃખનાં સાથી', 'વળામણાં', 'મળેલા જીવ', 'જિંદગીના ખેલ', 'જીવો દાંડ', 'યૌવન', 'પાનેતરના રંગ', 'લખચોરાસી', 'માનવીની ભવાઈ' વગેરે એમની અનેક કૃતિઓ જાણીતી છે. એમની કૃતિઓ પરથી ફિલ્મો પણ બની છે.

૧. આપ નવલકથાનું આયોજન કયા આદર્શથી અને કઈ રીતે કરો છો?

ઉ. વાચકને રસ પડે એ જ માત્ર આદર્શ. જે નવલકથા હું આરંભું છું એમાં બંધ બેસે એવાં પાત્રો, પ્રસંગો ને પ્રદેશો હું લઉં છું. કથાવિષય અને અંત નક્કી કરી લઉં છું. જોકે ઘણી વાર અંત બદલાઈ પણ જાય છે.

૨. આપની કઈ કથામાં પરોક્ષરીતે આત્મકથાનું નિવેદન વધુ છે?

ઉ. મારી બધી જ નવલકથાઓમાં પરોક્ષરીતે હું જ છું ને? અલબત્ત, 'મળેલા જીવ'માં હું કદાચ યથેચ્છ વિહરી શક્યો હોઉં.

૩. તમને કયા અન્ય નવલકથાકારની નવલકથા વિશેષ ગમેલી?

ઉ. ટૉરેન્ટીસ ઑફ સ્પ્રિંગ, ને એના લેખક હેમિંગ્વે. આમ તો રમણલાલ, મુનશી, શરદબાબુના અનુવાદો, ચુનીલાલ વ. શાહનાં બેટ પુસ્તકો, ટાગોર, બધા જ ગમતા. અરે 'કાળરાત્રીનું ખૂની ખંજર' પણ રસથી વાંચેલું.

૪. કલા ને સૌંદર્ય વિષે આપની અંગત વ્યાખ્યા આપશો?

ઉ. મને લાગે છે કે કલા ને સૌંદર્યને વ્યાખ્યામાં પૂરવા મુશ્કેલ છે. એ આપણને સ્પર્શે છે. ક્યાં સ્પર્શે છે એ કહેવું પણ મારે માટે મુશ્કેલ છે. આ તત્ત્વો હજુ મારા હાથમાં આવ્યાં નથી. અત્યારે હું આ તત્ત્વોને પામવાની જ મથામણ કરું છું.

૫. સાહિત્યનો કયો યુગ આપને સવિશેષ ગમે છે? ને શા માટે?

ઉ. સહુ કોઈને વર્તમાન યુગ જ વધારે ગમે એમ હું માનું છું. જોકે મને પોતાને તો આવતી કાલનો યુગ ખૂબખૂબ આકર્ષે છે. મને આછો આછો દેખાય છે પણ ખરો.

૬. આપને જીવનનું પરમ રહસ્ય શામાં જણાય છે?

પ્રભુપ્રાપ્તિમાં, અથવા તો કહો કે શ્રી અરવિંદના પૂર્ણયોગની આપણામાં ફલશ્રુતિમાં.

૭. વર્તમાન ગુજરાતી નવલકથાનાં વહેણ ને વળાંક કઈ દિશાનાં છે?

ઉ. વર્તમાન નવલકથાઓથી હું લગભગ અજાણ છું. મારો મુદ્દો વર્તમાન, ભૂત ને ભાવિ માટે એક જ છે : સામાન્ય વાચકને એ કથા સ્પર્શવી જોઈએ? માત્ર બુદ્ધિના અખાડા ન ચાલે. સામાન્યની સાથે વિદ્વાનોને પણ તમે સ્પર્શી શકો તો એ મહદ્ ભાગ્યસિદ્ધિ પણ ખરી.

૮. લેખન ઉપરાંત આપનો અન્ય શામાં રસ છે?

સાધનામાં. પૂર્ણયોગના સેવનમાં. આત્મનિરીક્ષણમાં.

૯. કોની મહત્તા આપને સવિશેષ સ્પર્શી ગઈ? કારણ?

ઉ. શ્રી માતાજીની. એમનું વ્યક્તિત્વ મને અકથ્ય રીતે સ્પર્શી ગયું. કારણમાં કહી શકું કે એમણે મને ભગવાનની પ્રતીતિ કરાવી.

૧૦. આપને શહેરી જીવન વધુ ગમે કે ગ્રામ જીવન?

ઉ. હકીકતમાં તો હું કાને સાંભળી શકતો નથી એટલે શહેર-ગામના વાતાવરણનું આકર્ષણ તટસ્થ કક્ષાનું બની ગયું છે. વળી ગમે તે પ્રકારના વાતાવરણમાં રહેતાં મને આવડી ગયું છે. પણ શારીરિક સુવિધાઓને લીધે શહેર મને વધારે અનુકૂળ આવે છે.

પન્નાલાલ પટેલ

કરવા અને બે પુત્રીઓ શીલા અને ઉમાને સુસ્થિત કરવા જ ન હોય તેવું થયું.

એમનું જ એક હાઈકુ છે:

રાજઘાટ પે
ફૂલ એકલાં ઝરે
સૌરભ ક્યાં છે?

એમના 'દાનકુટિર'ના ઘરમાં આજે સરલાબહેનની આંસુભરી આંખો પણ આપણને એ જ પ્રશ્ન પૂછે છે! —મેઘનાદ હ. ભટ્ટ

મુરલી ઠાકુર

મુરલીભાઈ ઠાકુર અને મહેન્દ્ર ભગત—બંને તીખા અને બન્ને એટલા જ પ્રેમાળ. મહેન્દ્ર જીવવાની ઉંમરે મૃત્યુ પામ્યો અને મુરલીભાઈ મરણતોલ જીવનને ખેંચતા હતા. બંને સાહિત્યના રસિયા હતા. પણ અહીં મારે જે વાત કરવી છે તે જુદી: બન્ને મોતને હંફાવનારા હતા. બન્નેએ મોત સાથે મહોબત કરીને મૃત્યુને થોડુંક શરમિંદું બનાવ્યું હતું.

દોઢ બે વરસ પહેલાં રેડિયો ઉપર એમને ઓચિંતો 'હાર્ટ ઍટેક' આવ્યો. શરૂઆતમાં તો હૉસ્પિટલના કર્તાહર્તાઓએ 'આ તો લગભગ શબ જ લાવ્યા છો' એવું કહી દીધું પણ; પછી સારવાર, માવજત, દવાદારૂ આ બધાથી મુરલીભાઈને જાણે કે લીવ ઍન્ડ લાયસન્સના ધોરણે બીજો દેઢ-બે વરસનો સમય મળ્યો. આ ગાળામાં એમણે થોડાંક કાવ્યો લખ્યાં, રહેઠાણ બદલ્યું. દીકરીનાં લગ્ન કર્યાં અને સાંસારિક જવાબદારીઓ સમેટી લીધી. ઈશ્વરે આપેલો ઉછીનો સમય એમણે પરમાત્માને સુપરત કર્યો; ચા, સિગારેટ અને કવિતાની ડાયરી આ ત્રણ જોડે એ ગાળામાં પોતાની મૈત્રી વધુ દૃઢ કરી. કવિતાની ડાયરીનાં પાનાંઓ ફેરવીશું તો મૃત્યુ સાથેની એમની મિત્રાચારીનો પરિચય થયા વિના રહેશે નહિ. શક્ય છે કે મૃત્યુ સાથે પહેલીવાર એમની આંખ મળી હશે ત્યારે એમણે મૃત્યુને પણ સિગારેટ ઑફર કરી હોય; એમણે જીવન માટે કાલાવાલા નથી કર્યા. સામી દિશાએથી આવતા મૃત્યુને જોઈને એમણે વ્યગ્રતા નથી અનુભવી; કેવળ સહજ સ્વીકાર કરીને એક વહેલી પરોઢે એ ચાલી નીકળ્યા.

(પ્રબુદ્ધ જીવન) —સુરેશ દલાલ

નવાં પ્રકાશનો

'ભક્ત ધ્રુવ', 'ભક્ત પ્રહ્લાદ', 'શ્રવણ', 'કૃષ્ણ-સુદામા', 'નાગદમન', 'ભટ્ટરિયાં', 'કાચબો અને હંસલો', 'સિંહ અને સસલો', 'ઉંદર સાત પૂંછડીઓ', 'હંસ અને કાગડો' તથા 'સસાભાઈ સાંકળિયા' નામક પુસ્તિકાઓ પ્રગટ થઇ છે. એકંદરે ભાષાશૈલીનું ધોરણ સારુ જળવાયું છે, પરંતુ ચિત્રો એટલાં સંતપેક બન્યાં નથી. (પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૨૪, ૭ પુસ્તકના સેટની કિ. રૂ. ૧૦)

યજ્ઞ પ્રકાશન
ભૂમિપુત્ર • હુઝરાત પાગા • વડોદરા-૧

વિષ્ણુસહસ્રનામ: શાંકર ભાષ્ય અનુસાર તૈયાર થએલા આ ગુટકામાં મૂળ પાઠ સાથે વિનોબાજીનાં તે પરનાં ચિંતનમનનો પણ વિસ્તૃતરીતે આપવામાં આવ્યાં છે. (કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૧-૫૦)

જનતાનું રાજ: 'જનતાનું રાજ'નો આદર્શ સિદ્ધ કરવા મથી રહેલી આપણી લોકશાહી વિષે સંત-ચિંતક વિનોબાના જે વિચારો અહીં રજૂ થયા છે તે પંચાયતીરાજ ને ગ્રામસ્વરાજ્યને લક્ષમાં રાખીને વ્યવહારુ ભૂમિકાનો પરામર્શ આપે છે (કાચું પૂઠું, પૃ. ૯૪, રૂ. ૧-૫૦)

ખુદાના બંદા: મુસ્લિમ સંતોના જીવનમાંથી અનુકરણીય અને રસપ્રદ એવા ચૌદેક જીવનપ્રસંગોને મુકુલભાઈ કલાર્થીએ અહીં નિરૂપ્યા છે, તે કિશોરો-યુવાનોને જીવનઘડતર-ઉપયોગી વાચન પૂરું પાડે તેમ છે. (કાચું પૂઠું, પૃ. ૬૬, પૈસા ૨૫)

નૅશનલ બુક ટ્રસ્ટ
વારા ઍન્ડ કંપની, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧

મલયાલમ વાર્તાઓ: ઈ. ૧૯૩૦ પછી મલયાલમ વાર્તા સામાજિક વાસ્તવવાદ અને મનોવિશ્લેષણવાદ તરફ વળી, તેનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ શૈલીના વાર્તાકારોની ૧૭ વાર્તાઓનો આ સંચય એન. એન. પિલ્લેએ કર્યો છે, અને સુભગ ગુજરાતી અનુવાદ કરનાર છે વર્ષા દાસ. મલયાલમ ભાષા ન જાણનારને ત્યાંની સાંપ્રત વાર્તાસૃષ્ટિના સંપર્કમાં મૂકી આપવાનો 'કથા ભારતી' શ્રેણીનો આ પ્રયાસ આવકાર્ય છે. (કાચું પૂઠું, પૃ. ૨૦૪, રૂ. ૪-૫૦)

સ્વાધીનતાસંગ્રામ: આમાં ભારતની આઝાદીની લડતનો સિલસિલાબંધ ને શ્રદ્ધેય ઇતિહાસ લાઘવથી પણ રોચકતાથી આલેખાયો છે, જે આજે વાંચતાં સહુને રોમાંચક લાગવા સંભવ છે. બિપિન ચંદ્ર, અમલેશ ત્રિપાઠી અને બારુન દેના આ પુસ્તકનાં ગુજરાતી અનુવાદિકા છે સરલા જગમોહન. (કાચું પૂઠું, પૃ. ૨૨૮, રૂ. ૫-૫૦)

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલકારોનાં જીવન-કવનનો પરિચય

[૬૩]

કરાવનાર • જલન માતરી



'બરબાદ' જૂનાગઢી

(રૂબાઈ)

એક રોટી બે દિને મળતી રહે જો આમરણ,
ઠારવાને પ્યાસ વહેતું હો સદા નિર્મળ ઝરણ;
તો પછી આ મૂએ શાને જીહજૂરી કોઇની?
ચાંપવા શાને પડે પામર મનુષ્યોનાં ચરણ?

ખૈયામી વિચારધારાએ આમ સ્વતંત્ર રહીને જીવન-સફર-ખેડવાનો આદેશ તો આપ્યો; પણ એ આદેશને જીવનમાં એ જ માનવી ઉતારી શકે છે કે જેનામાં એણે ચીંધેલા માર્ગે ચાલવાની હામ હોય!

પાંચ વરસની ઉંમરે પિતાની અને સાત વરસની ઉંમરે માતાની છત્રછાયા ગુમાવીને અનાથ-આશ્રમના સહારે ઉછેર પામી, અંગ્રેજી છઠ્ઠા ધોરણ સુધી અભ્યાસ કરી ભાઈશ્રી ફરમાન મુરાદમહંમદ રિન્દ બલોચે ધાર્યું હોત તો કોઈ સરકારી દફતરમાં કે વેપારીની પેઢી ઉપર ગુલામી સ્વીકારી લીધી હોત. પણ ના... સ્વતંત્ર રીતે જિંદગીના રસ્તા ઉપર ચાલવા માગતા આ સ્વતંત્ર દિમાગના માનવીએ જૂના માલસામાનની લારી લઇને ફેરી કરવાનો નિશ્ચય કર્યો અને આજદિન સુધી પોતાના વ્યવસાયને વળગી રહ્યા છે. સ્વભાવે મિલનસાર, નમ્ર અને વિવેકી શ્રી ફરમાન બલોચ ગુજરાતી ગઝલ-સાહિત્યમાં 'બરબાદ' જૂનાગઢીના નામે સૌરાષ્ટ્રમાં તો ખૂબ જ જાણીતા છે. એમની નાજુક અને નમણી ગઝલો રજૂ કરવા માટે ઇશ્વરે એમને સુંદર કંઠ પણ બક્ષ્યો છે. સૌરાષ્ટ્રની ધરતી ઉપર યોજાતા મુશાયરાઓના મંચ પરથી શ્રી 'બરબાદ' જ્યારે પોતાની ગઝલો મીઠા સૂરીલા કંઠથી રજૂ કરે છે ત્યારે શ્રોતાઓનાં હૃદય ઉપર અસર ઊપજાવી જાય છે.

જન્મ તા. ૧૫-૫-૧૯૩૦ના દિને જૂનાગઢ મુકામે થયો. છેલ્લાં ૧૦ વરસથી સતત ગઝલો અને મુક્તકોનું સર્જન કરતા રહ્યા છે. એમની ગઝલોનો મૂળ રંગ પ્રણયનો છે. કોઈની નજર ખુમાર આપી ગઇ હોવાથી વસંતો-જેને સલામ કરે છે, પ્રણયમાં જિંદગી બરબાદ કરી નાખી હોવાથી લોકો જેને નસીબદાર સમજે છે એવા આ શાયરના શે'રોનો આનંદ લઈએ:

ભૂલનારા એટલું પણ યાદ ના આવ્યું તને,
કે વસંતોની પછી તો પાનખર આવી જશે?
એ જ કારણથી સહું છું રંજ, ગમ, દુઃખ, દર્દ, હું,
આ બધાં તહોમત તમારાનામ પર આવી જશે.

કૂલોમાં નહિતર આટલી હોયે'નહિ મહેક,
રાતોમાં તારી જુલ્ફ જો વિખરાઈ જાય તો.
અરમાન મારી સાથે નનામીમાં બાંધજો,
'બરબાદ' નામ આ રીતે વિસરાઈ જાય તો.

જ્યારે વસંતી વાયરા છેડે છે સરગમો,
વાગે છે ત્યારે દિલની સિતારી કદી કદી.
પગરવ કોઈનો સાંભળી થરકી ઊઠે છે મન,
આશા બની રહે છે ઠગારી કદી કદી.

જિંદગીમાં ઝૂરવા બાકી દહાડા રહી ગયા.
આગ તો ઓલાઈ ગઈ કિન્તુ ધુમાડા રહી ગયા.
એક દિન 'બરબાદ' સૌને કાંધે ભળવું પડે,
કાંઈ ના ચાલે બધાનાં કે ઉચાળા રહી ગયા.

પ્રણયનો કેફ પણ કેવો ચડયો ગુલફામ દેખાશે,
નથી ઠરતી નજર તે પણ ઠરીને ઠામ દેખાશે.

મને સાકીએ મયખાનામાં એવું સ્થાન આપ્યું છે
દરેક શીશા ઉપર મારુ લખેલું નામ દેખાશે.

દઈ ગઈ ભલા કોની નજર ખુમાર મને,
કે સલામ કરતી ફરે છે હવે બહાર મને.
પ્રણયમાં મેં તો લુટાવી છે જિન્દગી 'બરબાદ',
છતાંય લોકો ગણે છે નસીબદાર મને.

વિખરાયલી એ કાળી શી જુલ્ફોને જોઈને,
વાદળ ચઢીને આવતાં પાછાં ફરી ગયાં.
ખંડિત ન જેને કાળ કદાપિ કરી શકે,
એવું હૃદયમાં શિલ્પ તમે કોતરી ગયાં.

ખુશી મળી છે, ખુશીની ઘડી મળી છે મને,
બહાર કેટલી વેળાઓ આથડી છે મને,
છતાં ય ખૂટતું લાગ્યા કર્યું'તું જીવનમાં,
તમે મળ્યાં તો નવી જિન્દગી મળી છે મને.

પાલવના ફરફરાટ તને એ ખબર ન હોય,
અગ્નિ વધુ સતેજ થયો છે હવા પછી.
તું એ તબીબ માફ કરે તો કહી દઉં,
હાલત વધુ ખરાબ થઈ છે દવા પછી.

અનુસંધાન] **ક્રિસ્ટોફર કોલંબસ** [પૃ. ૨૨૪થી

સુંદરતાથી મુગ્ધ થઈ તેણે એને 'હિસ્પાનીઓલા'(નાનું સ્પેઈન)નામ આપ્યું ને ત્યાંના બુદ્ધિશાળી, ઉદ્યમી અને રૂપવાન વતનીઓને ગુલામ બનાવવા તેનું મન તલસી રહ્યું. એવામાં ૧૪૯૨ની એ ક્રિસ્ટમસની સાંજે 'સાન્ટા મારિયા' પવનમાં ફસાયું અને પથરાળ ખડક સાથે અથડાઈ એવું ભંગાર થઈ ગયું કે હવે ફરી સ્પેઈન સુધીની ખેપ કરી શકે તેવું ન રહ્યું. બાકીનાં બે નાનાં વહાણો આટલા બધા માણસો અને સાધનસામગ્રી સમાવી શકે તેમ નહોતાં. એટલે અંતે એણે હાઈતી ટાપુ પર 'વિલાદ લા નૅવિડેડ' નામની વસાહત સ્થાપી આપીને કેટલાક સાથીઓને ત્યાં રાખીને પાછા ફરવાનું વિચાર્યું, અને થોડા મહિના પછી પોતે પાછો આવશે એમ ધરપત આપીને અને ૧૪૯૩ના જાન્યુઆરીની ૪થી તારીખે કોલંબસ ઘર તરફ પાછો ફર્યો.

વાટમાં એને 'પિન્ટો'ના કપ્તાન પિન્ઝૉનની મુરાદો અંગે શંકા ગઈ. બંને વચ્ચે ઝગડો થયો. પરંતુ પિન્ઝૉને સબૂરી રાખી, ને બંને સ્પેઈનની દિશામાં આગળ વધવા લાગ્યા. શરૂઆતના સપ્તાહ તો મુસાફરી શાંતિથી ચાલી, પણ ફેબ્રુઆરીના મધ્ય ભાગમાં ભયંકર તોફાનનો સામનો કરવો પડ્યો. ચૌદમી ફેબ્રુઆરીએ તો કોલંબસ અને પિન્ઝૉન બન્ને કપ્તાનોએ બચવાની આશા છોડી દીધી. કોલંબસે પોતે શોધેલા પ્રદેશની જાણ કરવા અને પોતાની સફરનો હેવાલ આપવા સઘળો વૃત્તાંત લખીને લાકડાના એક નળામાં મૂકી તેને સજ્જડ બંધ કરી દીધો કે જેથી તરતો તરતો એ નળો કોઈના હાથમાં આવે તો પોતાની મુસાફરીનો ખયાલ પામી શકે. ચાર રાત એણે મટકું યે માર્યા વગર ગાળી. અંતે ૧૮ ફેબ્રુઆરીએ તોફાન શમતાં એણે રાહતનો દમ ખેંચ્યો ને ૯મી માર્ચે એ પોર્ટુગાલ પહોંચ્યો. ત્યાંના રાજાએ તેનો સત્કાર કર્યો. ત્યાંથી નીકળી એ રાજા ફર્ડિનાન્ડ અને રાણી ઈઝાબેલાને પોતાની સફરનો અહેવાલ આપવા બાર્સેલોના ગયો. પોતાનો અહેવાલ આપતાં એણે જણાવ્યું કે જો કે ધાર્યા પ્રમાણે એ કૅથે (ચીન) કે જાપાન તો નથી પહોંચી શક્યો, પણ હિંદુસ્તાનના ટાપુઓની શોધ કરી છે. અને એ સાથે એણે સાથે આણેલું સોનું તથા પોતાની સાથે આણેલા છએક 'ઈંડિયનો'ને વાઘા પહેરાવીને દરબારમાં પેશ કર્યા. આ ઉપરાંત, પોપટ, કોકોનાં બીજ, વગડાઉ કપાસ તથા કેટલીક અન્ય વનસ્પતિ અને અંતે પોતે શોધેલા મુલ્કના જાતે બનાવેલા નકશા અને સફરની લેખિત તવારીખ એણે રજૂ કરી.

રાજા-રાણીએ એનું દબદબાભર્યું સ્વાગત કર્યું. અને 'ઍડમિરલ ઑવ ધી ઓશન સી, વાઈસરૉય ઍન્ડ ગવર્નર ઑવ ધી ઈંડીઝ' ના ખિતાબ સાથે ઈનામોથી નવાજ્યો; અને સાથે સાથે એ હવે બીજી વધુ ખેપ કરે એવી ઈચ્છા પણ દર્શાવી. એટલે ઈ. ૧૪૯૩ની ૨૫મી સપ્ટેમ્બરે એ ફરી ઊપડ્યો. આ વખતે રાજ્ય તરફથી એની સાથે હતો ફૉન્સેકા. શરૂઆતમાં તો કોણ કોના કબ્જામાં રહે એ અંગે બંને વચ્ચે વિસંવાદ જન્મ્યો. પણ આખરે ૧૭ વહાણ અને ૧૦૦૦–૧૫૦૦ માણસોના કાફલા સાથે બંનેએ હંકાર્યું. વચ્ચે 'કૅનૅરી' ટાપુઓ પરથી ખોરાક પાણી અને પ્રાણીઓનો નવો પુરવઠો લઈ ૧૩ ઑક્ટોબરે તેઓ નૈઋત્ય દિશામાં આગળ વધ્યા. પવનોએ આ વખતે સાથસહકાર આપ્યો. ત્રીજી નવેમ્બરે કેટલાક છૂટાછવાયા ટાપુ દેખાવા લાગ્યા. પણ કોલંબસ તો હિસ્પાનીઓલામાં પોતે છોડીને આવેલો તે સાથીઓને મળવા આતુર હતો. પણ તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે પેલા સાથીઓ હયાત ન હતા; એ ટાપુના વતનીઓએ એમને મિટાવી દીધા હતા!

આખરે એકાદ મહિનો એ ટાપુ પર રખડી એણે એક નવી, અનુકૂળ અને મનગમતી જગ્યાએ બીજી વસાહત સ્થાપી અને રાણી ઈઝાબેલાના નામ પરથી એને 'ઈઝાબેલા' નામ આપ્યું. ત્યાર બાદ એ સુવર્ણ માટે હાલના ક્યૂબા ટાપુ તરફ ગયો. ત્યાંથી દક્ષિણ તરફ આગળ વધતાં મેની ૧૩મીએ એણે આજના જમાઈકા ટાપુની શોધ કરી ત્યાંના વતનીઓ સાથે કેટલીક લડાઈઓ પણ કરવી પડી. ત્યાંથી નીકળ્યા બાદ રસ્તામાં હોડીઓ કાણી થઈ જતાં અને ખલાસીઓએ કટુ ફરિયાદો કરતાં એને 'હિસ્પાનીઓલા' પાછા ફરવું પડયું.

ત્યાં એણે જોયું તો સ્પેઈનવાસીઓ બેકાબૂ બની ગયા હતા. ઉનાળાની ગરમી એમના માટે અસહ્ય હતી. અહીં રોકાવા કે કામ કરવા તેઓ ઇચ્છતા ન હતા. બીજી બાજુ તેની વિરુદ્ધ સ્પેઈનમાં પણ ઘણી ફરિયાદો પહોંચી હતી. વળી, ધાર્યા પ્રમાણે તે સોનું મેળવી શકતો નહોતો એટલે સ્પેઈનનાં રાજારાણી પણ હવે એનાથી ને એની માગણીઓથી કંટાળવા લાગ્યાં હતાં. આથી સ્પેઈનના દરબારમાં પોતાની વાત રજૂ કરવા માટે જાતે જ જવા એ વિચારવા લાગ્યો. એટલામાં તો એની વિરુદ્ધની ફરિયાદો પરથી સ્પેઈનનાં રાજા-રાણીએ તપાસ માટે જુઆન દ ઍગ્યુઆડોને વાઈસરૉય બનાવીને મોકલ્યો. નવા વાઈસરૉયે જોયું કે ટાપુ પરના વતનીઓ બળવો કરવાની અણી ઉપર હતા, કારણ કે કોલંબસે એમના પર સુવર્ણ કર નાખ્યો હતો. વળી, જુઆન અને કોલંબસ વચ્ચે સત્તાની ખેંચતાણ થઈ. આથી અપમાનિત થએલો વાઈસરૉય પણ સ્પેઈન પાછો ફર્યો. હવે કોલંબસને જાતે સ્પેઈન ગયા વગર છૂટકો નહોતો. આથી ઈ. ૧૪૯૬ની ૨૦મી એપ્રિલના રોજ એણે સ્પેઈન ભણી વહાણ હંકાર્યું અને જૂનની ૧૧મીએ એણે કેડિઝના બારામાં પ્રવેશ કર્યો.

પણ આ વખતે એને અગાઉ જેટલો ઉમળકાભર્યો સત્કાર ન સાંપડ્યો. એવામાં ઈ. ૧૪૯૭માં પોર્ટુગલના રાજાએ આફ્રિકા ખંડની પ્રદક્ષિણા કરીને તેની પેલી તરફના હિંદુસ્તાન તરફ જવા વાસ્કો ડા ગામાને રવાના કર્યો, એટલે સ્પેઈનનાં રાજા રાણીને પણ લાગ્યું કે એમણે કોલંબસને પણ ફરી એક વાર સોનું શોધવા મોકલવો જોઈએ. અને એ મુજબ ૭ વહાણ અને લગભગ ૨૦૦ માણસો લઈને કોલંબસ ૩૦મી મે ૧૪૯૮ના રોજ સૅન્લુકર બંદરેથી ત્રીજીવાર દરિયો ખેડવા રવાના થયો. ગોમેરા પાસે ફ્રેન્ચ ચાંચિયાઓએ એનો પીછો કર્યો ને કોલંબસે પણ બહાદુરીથી એમનો સામનો કર્યો. ત્યાંથી એણે ત્રણ વહાણને 'હિસ્પાનીઓલા'માં પોતાના ભાઈ પાસે મોકલી આપ્યાં, જ્યારે બાકીનાં ત્રણ વહાણ લઈને એ ૨૧મી જૂને ગોમેરા છોડી નૈઋત્ય તરફ આગળ વધ્યો. ઠેઠ ૧૩મી જુલાઈ સુધી દક્ષિણ તરફ હંકાર્યા બાદ એ પશ્ચિમ ભણી વળ્યો ત્યારે ૨૮મી જુલાઈએ એને ત્રણ ટેકરીઓવાળી ભૂમિનાં દર્શન થયાં. કોલંબસે એને નામ આપ્યું 'ટ્રિનિડાડ'. આમ અજાણતાં એણે દક્ષિણ અમેરિકાની તળભૂમિ જોઈ; પણ એ ત્યાં ઊતર્યો નહોતો.

બે વર્ષ પહેલાં 'હિસ્પાનીઓલા'માં પોતાના ભાઈને વહીવટી સત્તા સોંપી એ નીકળી ગયો હતો. હવે એ એને મળવા વ્યાકુળ બન્યો, પણ ત્યાં પહોંચીને જોયું કે પોતે જે ફ્રાન્સિસ્કોને 'ઈઝાબેલા'ના નગરપતિ તરીકે મૂકેલો તેણે જ પોતાના ભાઈ સામે બંડ પોકાર્યું હતું. કોલંબસને એની સાથે સમાધાન કરવું પડ્યું. દરમિયાનમાં કોલંબસના ભાઈ વિરુદ્ધ સ્પેઈનમાં ખૂબ ફરિયાદો પહોંચેલી એટલે ત્યાંથી બોબાડિલા નામના સર્વસત્તાધીશ કમિશનરને મોકલવામાં આવ્યો. એણે કોલંબસને કેદ કર્યો અને ઈ. ૧૫૦૦ના નવેમ્બરના અંતમાં જ્યારે હાથકડી પહેરેલી હાલતમાં કોલંબસને સ્પેઈનના કૅડિઝ બંદરે ઉતાર્યો ત્યારે એ સમાચારથી રાજારાણી પણ જરા ખિન્ન થઈ ગયાં. કોલંબસે નવી ભૂમિના રાજમાં પ્રજા સાથે જે સખત વર્તાવ કર્યો હતો તેથી તેને ત્યાં વહીવટકર્તા તરીકે રાખવો તેમને ઠીક લાગ્યો નહિ. છતાં યે કોલંબસની મહત્તા એમને મન કંઈ ઓછી નહોતી. એમણે કોલંબસને બંધનમુક્ત કરાવી રાજદરબારમાં આવવા કાજે પૈસા પણ મોકલાવ્યા. આવી લાગણીથી આભારવશ બની ગદ્દગદિત થઈ કોલંબસ રાજદરબારમાં રાજા રાણી સમક્ષ ઘૂંટણિયે પડયો અને એની આંખમાંથી લાગ-

અમેરિકા કોણે શોધ્યો?

અમેરિકાની શોધ એટલી અણધારી અને એવા સમયે થઈ કે એણે સમગ્ર યુરોપ પર જ નહિ, પણ આડકતરી રીતે પૂર્વના દેશો પર પણ ઊંડી અસર પાડી. માનવ ઇતિહાસનું એ એક અતિ ઉત્તેજક પ્રકરણ છે, અને ક્રિસ્ટોફર કોલંબસ એનું મુખ્ય પાત્ર. જો કે કોલંબસ તો અકસ્માત જઈ ચડેલો. અમેરિકા જેવા કોઈ ભૂમિખંડના અસ્તિત્વની એને ખબર જ નહોતી. પણ એણે આંકેલા જલમાર્ગે એના પછી જે આવનજાવન થઈ ને યુરોપનાં રાજ્યો–ખાસ કરીને આરંભમાં સ્પેઈનને એનાથી જે લાભ થયો એનો એ સમયના ઇતિહાસ પર ઘણો પ્રભાવ રહ્યો.

જો કે કોલંબસે તો આ ખંડની તળભૂમિ પર પગ પણ નહોતો મૂક્યો, તેમ જ સમગ્ર ખંડને લક્ષમાં લઈએ તો અમેરિકા જનાર એ સૌ પ્રથમ યુરોપવાસી પણ નહોતો. ઈ. સ. પૂર્વે બીજી સદીમાં ફીનીશિયનો ત્યાં ગયાનું જણાય છે. ઉત્તર યુરોપના વાઇકિંગો પણ જેમ ફ્રાંસ, ઇંગ્લૅન્ડ, સ્કૉટલૅન્ડ ને આયર્લૅન્ડમાં જઈ વસેલા તેમ પૂર્વમાં છેક રશિયા સુધી અને પશ્ચિમમાં પ્રથમ આઈસલૅન્ડ અને પછી દસમી સદીમાં ગ્રીનલૅન્ડ સુધી જઈ વસેલા અને ત્યાંથી ઉત્તર અમેરિકાની તળભૂમિ પર ઊતરવું એમને માટે મુશ્કેલ નહોતું. ઉનાળામાં બરફ પીગળે ત્યારે તેઓ સફરો ખેડતા. બરફીલા વિસ્તારો છોડી ફળદ્રુપ જમીન પર જઈ વસવું એમને માટે અનિવાર્ય પણ હશે.

ત્યાર બાદ એરિક ધી રેડનું નામ ખ્યાત છે. ઈ. ૯૮૫માં એણે ગ્રીનલૅન્ડમાં એક વસાહત સ્થાપેલી જે ચારેક સદી સુધી ટકી હતી. ઉ. અમેરિકાની તળભૂમિ પર એ પણ ઊતર્યો હતો એમ મનાય છે. એના પુત્ર લેઈફ એરિકસને અગિયારમી સદીમાં આજના લૅબ્રાડોર કે ન્યૂ ફાઉન્ડલૅન્ડની આસપાસમાં વસાહત કરેલી. એણે એ પ્રદેશને 'વિનલૅન્ડ' નામ આપેલું. ઈ. ૧૧૨૧માં ગ્રીનલૅન્ડથી બિશપ એરિક ઑવ ગ્રીનલૅન્ડ તરીકે ઓળખાતો એક પાદરી પણ એ પ્રદેશ તરફ ગયાની નોંધ છે. ઈ. ૧૩૪૭માં ગ્રીનલૅન્ડનું એક જહાજ એ તરફ જઈને લાકડાં લઈ આઈસલૅન્ડ ગયાની નોંધ પણ મળે છે. આ પરથી આવી નાનીમોટી ખેપો પણ થતી હશે તેમ લાગે છે. કોલંબસ પોતે પણ એક ખેપમાં આઈસલૅન્ડ સુધી ગયાનું મનાય છે. ઈ. ૧૪૭૨માં ડિડ રિક પિનિંગ અને પૉટહૉર્સ્ટ નામક બે જણે પણ એ બાજુની ખેપ કર્યાની નોંધ છે.

પણ કોલંબસની પહેલી સફરમાં આટલાંટિક પાર ભૂમિ હોવાના ખબર પ્રસર્યા પછી તુરત અનેક સાહસિકો એ દિશામાં સાગરખેડ કરતા થઈ ગયા. સૌને લાલચ હતી સોનું મેળવવાની. જ્હૉન કૅબટ, અમેરિગો વેસ્પુસી વગેરે એમાં અગ્રચારી છે. જ્હૉન કૅબટના સહાયક બ્રિસ્ટલના વેપારી રિચાર્ડ અમેરિકે પરથી અમેરિકા નામ પડ્યાનું પણ મનાય છે. એક મત એવો યે છે કે કૅબટ કોલંબસની યે પહેલાં અમેરિકા પહોંચ્યો હતો; બીજી બાજુ મનાય છે એમ અમેરિકા ખંડનું નામ



વેસ્પુસી

અમેરિગો વેસ્પુસી (૧૪૫૪-૧૫૧૨) નામના એક ઈટાલિયન વેપારી નાવિકના નામ પરથી પડ્યું છે. નવા શોધાએલા એ દેશના સૌ પ્રથમ નકશા એણે તૈયાર કરેલા. અમેરિકાની, ખાસ કરીને સંયુક્ત રાજ્યોના વિસ્તારના ઍટલાંટિક કિનારા પાસેની એની શોધ-સફરોની યુરોપમાં વિસ્તૃત જાણ હતી, ને જ્યારે જર્મન ભૂગોળશાસ્ત્રી માર્ટિન વાલ્સીમુલરે ૧૫૦૭માં આ દેશને એના નામ પરથી અમેરિકા નામ આપવાનું સૂચન કર્યું ત્યારે મોટે ભાગે એનો સ્વીકાર થઈ ગયો. ભૂતકાળમાં ક્રિસ્ટોફર કોલંબસના નામ પરથી આ દેશને કોલંબિયા નામ આપવા પ્રયત્નો થએલા. —સં.

ણીનાં પૂર વહ્યાં. પોતાના દાતાઓ પ્રત્યેની વિનમ્રતા એ કદી ચૂક્યો નહોતો. એની મહાનતાનું એ લક્ષણ હતું કે રાજારાણીના ઉપકાર ભૂલી અહંકારવશ થઈને એણે વિનમ્રતાને ત્યાગી નહોતી.

પણ એનો પ્રવાસઝંખુ જીવ હજી શાંત પડ્યો નહોતો. ઈ. ૧૫૦૧માં એણે ચોથી સફરની તૈયારીઓ આદરી. પચાસ-સાઠ ટનનાં ચાર વહાણ એણે ખરીદ્યાં, ૧૪૬ માણસોને પોતાની સાથે લઈ જવા એણે પસંદ કર્યાં, અને ઈ. ૧૫૦૨ના મેની ૯મીએ એણે કૅડિઝથી એ ઊપડ્યો. કૅનેરી ટાપુઓ, સાન્ટો ડૉમિંગો, ગુઆનાજા ટાપુઓ અને પછી મધ્ય અમેરિકાના કિનારા સુધી એ પહોંચ્યો. ત્યાંથી એ ડેરિયનના અખાત સુધી આગળ વધ્યો, પણ હિંદી મહાસાગરમાં હિંદુસ્તાન તરફ લઈ જતી કોઈ સામુદ્રધુની એની નજરે ન પડી. સાગરનું તોફાન વધ્યું અને નષ્ટપ્રાય વહાણો સાથે એને એક વર્ષ સુધી જમાઈકામાં આશ્રય લેવો પડ્યો. એના સાથીઓએ આ વિષમ પરિસ્થિતિમાં બળવો કર્યો. કોલંબસે તેને કુનેહથી દાબી દીધો. વળી પાછું એણે પોતે કલ્પેલી સુવર્ણભોમની શોધમાં આગળ ઝંપલાવ્યું. માણસોએ વળી પાછું બંડ કર્યું. કોલંબસે વળી પાછા તેમને શાંત પાડ્યા. ઈ. ૧૫૦૩ની ૬ઠ્ઠી જાન્યુઆરીએ પવને એને એક ખાડીમાં હડસેલી મૂક્યો. ત્યાં સોનું હોવાનું માની પોતાના ભાઇને ત્યાં મૂકી આગળ વધવાનો એનો વિચાર ત્યાંના વતનીઓના વિરોધથી નાકામયાબ નીવડ્યો. ભંગાર થઈ ગએલાં વહાણો અને પુરવઠા વગરની દારુણ દશામાં ૭૦૦૦ માઈલની દરિયાઈ સફર કાપી સ્પેઈન ભેગા થવા હવે એણે નિર્ધાર્યું. પણ પવનના તોફાનને હજી શું ય બાકી રહી ગયું હતું તે એણે પીછો છોડ્યો જ નહિ. આખરે ઈ. ૧૫૦૪ના નવેમ્બરની ૭મીએ તે સહીસલામત સ્પેઈન પહોંચ્યો.

અવિરત સાગરખેડ અને સોના ખાતરની રઝળપાટને લઈને એ હવે તનથી તો ભાંગી જ પડ્યો હતો. એમાં વળી ૧૫૦૪ના નવેમ્બરની ૨૦મી તારીખે રાણી ઇઝાબેલાનું અવસાન થતાં એ મનથી પણ ભાંગી પડ્યો; કારણ કે પોતે શોધેલા 'ઇન્ડીઝ' ટાપુઓની માલિકી રાણીએ વસિયતનામામાં પોતાને નામે કરી હશે એવી એની માન્યતા ખોટી ઠરી. શારીરિક નબળાઈઓમાં સંધિવા ને ટાઢિયા તાવે એને ભાંગી નાખ્યો, તો રાણીના અવસાન અને હતાશાએ એના મનને નિર્બળ બનાવી દીધો અને ૧૮ માસના આવા આયુ પછી ૫૩ વર્ષની ઉંમરે તે ઈ. ૧૫૦૬ના મેની ૨૦મી તારીખે વેલેડોલિડમાં અવસાન પામ્યો.

પશ્ચિમને માર્ગે પૂર્વના સમૃદ્ધ દેશની શોધમાં નીકળેલા સાગરવીર કોલંબસે અજ્ઞાતપણે જ પશ્ચિમની નવી દુનિયા પ્રકાશમાં આણી. ઊંચો, રાતા વાળવાળો, ચમકદાર આંખોવાળો, ગૌર વદન કોલંબસ જાણે કલ્પના અને કર્મનો સુમેળ હતો. સહજ ભાવે અપનાવેલાં સાહસોને એણે અજબ આત્મવિશ્વાસથી પાર પાડ્યાં હતાં. હિમ્મત અને કુનેહથી એણે સંકટોનો સામનો કર્યો હતો. આ સાહસે જ એના દરિદ્ર જીવનમાં સંપત્તિની સોનેરી સવાર પ્રગટાવી હતી. ગરીબાઈમાં જન્મી, મામૂલી શિક્ષણ છતાં ય અપાર પુરુષાર્થ અને અમાપ આત્મવિશ્વાસથી જાનની બાજી લગાવનાર આ મહાન સાગરખેડુ કોલંબસ મૃત્યુ સમયે પોતાની ભાવિ પેઢીઓના દારિદ્રને ફેડતો ગયો તેથી ય વધારે તો આવનારી અનેક યુવાન પેઢીઓનાં હૈયામાં પોતાના જીવનથી ભવ્ય સાહસ-સંજીવની રેડતો ગયો છે. □

ભૂલ-સુધાર: મે અંકમાં (૧) ડૉ. મોતીચન્દ્રના ચરિત્રમાં પૃ. ૧૬૬ ઉપરના પહેલા કૉલમમાં આઠમી લીટીમાં કાલિદાસને બદલે ભવભૂતિ વાંચવું.
(૨) ભગવાન મહાવીરના લેખમાં પૃ. ૧૭૯ પરના પહેલા કૉલમમાં ચોથી લીટીમાં ચૈત્ર સુદ નોમને બદલે ચૈત્ર સુદ તેરશ વાંચવું.

વૃક્ષ-વેલ-પરિચય (૩૪) વાયવરણો



રૂપસુંદર ફૂલોથી શોભતું અને અનેક રીતે ઉપયોગી વાયવરણાનું પવિત્ર ગણાતું વૃક્ષ ઘણાં ધર્મસ્થાનો પાસે ઉગાડેલું જોવા મળે છે.

આ વૃક્ષ દસ-પંદર મીટર ઊંચું વધે છે.

નાની વેંત જેવડાં અને બંને છેડે સાંકડાં લાંબી દાંડીવાળાં બિલીપત્ર જેવાં એનાં ત્રિપર્ણી લીસાં પાન શિયાળામાં ખરી પડે છે.

પાનખર પછી શાખાને છેડે બે થી ચાર સે. મી. લાંબી દાંડી સાથે પીળી કે આછી ગુલાબી ઝાંયવાળાં સુંદર સફેદ ફૂલોનાં ઝૂમખાં ખીલે છે. આ ફૂલ બહાર દેખાતા જાંબલી રંગના લાંબા લાંબા નરતંતુઓને કારણે દીપી ઊઠે છે. પુષ્પોથી આચ્છાદિત વૃક્ષ પણ સુંદર દેખાતું હોઈ શોભન વૃક્ષ તરીકે પણ ઉગાડાય છે.

વાયવરણાનું ફળ આમળા જેવડું, રાતું, કઠણ ને ગોળ હોય છે. એમાં લીસાં બીજ હોય છે. ચોમાસે આ ફળ પાકે ત્યારે રસભર ને સ્વાદિષ્ટ બનતું હોઈ ખવાય છે.

આ વૃક્ષનું લાકડું પીળાશપડતું સફેદ ને સાધારણ કઠણ હોઈ સામાન્ય કામોમાં વપરાય છે.

વાયવરણાની છાલ મૂત્રાશયનાં દર્દો, પથરી ને વિષમ જ્વરમાં ક્વાથ કરી અપાય છે. પાન પગના સોજા તેમજ તળિયામાં થતી બળતરાના ઈલાજ માટે ઉપયોગી છે. નાકના હાડકામાં સડો' થતો હોય તો વાયવરણાના પાનની બીડી બનાવી એનો ધુમાડો નાક વાટે બહાર કાઢવામાં આવે છે. રંગરેજો રંગને પાકો બનાવવા વાયવરણાની છાલ પણ વાપરે છે. વાયવરણીના ફળનો ગર્ભ ચૂના-રેતીના મિશ્રણ સાથે ભેળવીને ચણતર કરવાથી એ વધુ મજબૂત બને છે એમ કહેવાય છે. □



માધુકરી

માગી હતી નહિ છતાં મળી છે જિંદગી,
વાવ્યા વિનાની બોરડી—ફળી છે જિંદગી;
ફૂટે છે કંટકો અને છું લોહીઝાણ પણ,
બતાવી બોર હું કહું: 'ગળી છે જિંદગી'.

—ચીમન પુરોહિત

સ્વ. મહેન્દ્ર ભગત

પોતાના વ્યવસાય ઉપરાંત, છેક કિશોરકાળથી, સાહિત્ય, કવિતા, રંગભૂમિ, સંગીત—કલામાત્રના મસ્ત ઉપાસક ને ચાહક રસિકજન તથા જીવતર ને જવાનીને ઝિંદાદિલીથી ભોગવી જાણનાર અનેકોના લાડકા મિત્ર ભાઈ મહેન્દ્ર ભગતનું ૮મી એપ્રિલે અવસાન થયું. એ કેવી વિશિષ્ટ વ્યક્તિ હતા તે દર્શાવતા અંજલિલેખો અહીં પ્રકટ કરીને એ ઉમદા મિત્રનું તર્પણ કરીએ છીએ.

૧ એ હતો મહેન્દ્ર

મેં કહ્યું: 'ગ—! શ્રી કૃષ્ણે અર્જુનને સુભદ્રા મળે તે માટે કાવતરું રચ્યું હતું; તને હંસા મળે તે માટે થઈને લગભગ મેં પણ એવી જ તરકીબ આચરી તો તું આટલી વયે વહુ ભેગો થયો. એનો અહેસાન માનવાને બદલે...સા—'

'ગ' અને 'સા' તે સારેગમના સ્વર તરીકે નહિ, પણ પૂરી ગાળ ન દેવી એમ મનોમન નક્કી કર્યું હતું તે કારણે; અને ગાળ દીધા વિના વાત કરવાનું મન ન થાય એવો મહેન્દ્રનો વર્તાવ, એટલે પછી એકાક્ષરી સ્વસ્તિવચન મારાથી વપરાઈ જ જાય. તારીખ હતી પહેલી મે ૧૯૬૬; સ્થળ હતું સાપુતારાનું ગેસ્ટ હાઉસ. વહેલી સવારે એ રવિવારે 'ટાઈમ્સ'માં ગુજરાત સરકારની જાહેરખબર નજરે પડી: ગુજરાત સરકારનું નવું હિલ સ્ટેશન સાપુતારા આજે ખુલ્લું મુકાય છે, સૌને સ્વાગતમ્—કે એવું કંઈક. હજી તો ચાપાણી પણ પત્યાં ન હતાં ને મહેન્દ્રનો હુકમ છૂટયો: 'હંસા, તૈયાર! ચિન્કુ નાનકુ જલદી કરો! એ ય શિકુ! (ઘણી યે વાર મને એ એના બે દીકરાઓને કરે એ જ સૂર અને ભાષામાં હુકમ કરતો) હજામત જલદી પતાવો, અસ્ત્રો મને સોંપી દો ને નવું ગરમ પાણી લઈ આવો. આપણે જઈએ છીએ સાપુતારા!'

મહેન્દ્રનું એવું જ! ગમે તે ક્ષણે એને ચળ ઊપડે કે એની પાછળ પાછળ શૉર્ટ નોટિસે સૌએ તૈયાર થવું જ પડે. કલાકમાં તો અમે પાંચે એની મોટરમાં નાસિક રસ્તે સાપુતારા તરફ.

મણિભાઈ શાહ તે વેળા ગુજરાત સરકારના માહિતી નિયામક. અમે અઢી-ત્રણ વાગ્યે સાપુ-



તારા પહોંચ્યા તે પહેલાં તો મુખ્ય પ્રધાન શ્રી હિતેન્દ્રભાઈ અને એમના રસાલાએ ઉદ્ઘાટનવિધિ પત્યા બાદ વિદાય લીધેલી.

'ઓ હો! શિવકુમાર તમે?—અરે ઓ; પેલું ગેસ્ટ હાઉસ હમણાં ખાલી ન કરશો. ફર્નિચર પણ છો રહ્યું.' હિતેન્દ્રભાઈ માટે આણવાણાં આવેલી બધી જ સામગ્રી, તે વખતે ત્યાં તૈયાર થએલા માત્ર એક જ ગેસ્ટ હાઉસમાં અકબંધ રાખવાનો મણિભાઈનો હુકમ છૂટયો. 'રાત રહી જાઓ. બધી જ સગવડ છે...અને તદ્દન નવું ગેસ્ટ હાઉસ છે. અમે તો અમદાવાદ ચાલ્યા; પણ નાનુભાઈને કહેતો જાઉં છું.'

ગેસ્ટ હાઉસના જોડિયા બ્લૉક. એકમાં બધી જ વ્યવસ્થા, જ્યારે બીજામાં નીચે ભોંય ને ઉપર છત! અમે સામાન સાથે પહોંચ્યા એટલે

ગેસ્ટ હાઉસના પગીને મહેન્દ્રે સૂચના આપી 'પેલા ખાલી બ્લૉકમાં આ શેઠનો સામાન, અને આ બાજુ હિતેન્દ્રભાઈવાળા બ્લૉકમાં અમારો—'

'અરે, પણ આ બ્લૉક તો મારે માટે છે—' મે વાંધો ઉઠાવ્યો, ને એના અનુસંધાનમાં શ્રીકૃષ્ણ અર્જુન-સુભદ્રાવાળી વાત કરી. તો કહે: 'શ્રીકૃષ્ણે પણ આ વ્યવસ્થા જ માન્ય રાખી હોત.'

એ પણ હતો મહેન્દ્ર! આ તો હસી-ખુશી ને આનંદમસ્તીની વાત હતી, ને એ કારણે વધુ સગવડ પોતાને માટે માગી લીધી, બાકી એમના જીવનમાં એથી જુદું જ બને. પોતાની પ્રિયમાં પ્રિય વસ્તુ મિત્રને કે મિત્રના કુટુંબીઓને ક્ષણનો ય વિચાર કર્યા વિના સોંપી દેતાં એ પાછો ન પડે.

આમ તો બેંતાળીસથી અમે મિત્રો. એ તો હજી હતો ઈન્ટર આર્ટ્સનો વિદ્યાર્થી, ને હું એનાથી આઠ વર્ષે 'સીનિયર'! પણ કંઈક એવું બન્યું કે અમારી વચ્ચેનું વયનું અંતર ભુંસાઈ ગયું. ઊલટાનો ઘણી યે વાર એ મારો ભા થઈ બેસે. એવું આચરવાનું એને માટે સહજ હતું, કારણ કે બહુ સ્પષ્ટપણે એ માનતો કે લોકોને કહેવા નહિ. શીખવવા જેવું એની પાસે ઘણું બે. અર્થકારણ, રાજકારણ અને સાહિત્યક્ષેત્રથી માંડીને પત્નીએ કયાં કપડાં ક્યારે પહેરવાં (માત્ર હંસા જ શા માટે? મિત્રપત્નીઓ, આડોશણ પાડોશણ કે રસ્તે જનારી મહિલાએ પણ)—એ બાબત લોકોએ એની પાસેથી જાણકારી મેળવવા જેવી છે એમ એ માનતો ને કોઈની યે સાડાબારી રાખ્યા વિના પોતાને લાગે તે કહી છૂટવાની ટેવ તો જગજાણીતી! એની હડફેટમાં નીરુભાઈ ને જયંતી દલાલ, પિનુભાઈ ને રામુ પંડિત પણ આવી જાય. 'ને સામાં મળે તો જવાહરલાલ કે ઇન્દિરાજીને પણ હું આટલું તો સંભળાવું જ—' એમ એ જાહેર કરતો હોય ત્યારે એ ડંફાસ મારે છે એવું ન લાગે.

એની આવી નિખાલસતાને કારણે, ઊંડી બુદ્ધિમત્તાને કારણે, ઉષ્માભર્યા વ્યવહારને કારણે મહેન્દ્ર સૌનો પ્યારો જ નહિ, લાડકો પણ બની ગયો હતો. હંસાની તો સતત ફરિયાદ રહેતી: 'તમે મિત્રોએ એને એટલાં લાડ લડાવ્યાં છે કે મારી પાસેથી પણ એને એવી અપેક્ષા રહે છે... ને મહેન્દ્રની અપેક્ષામાં ઊણી પડું તો તો જાણો છો ને—?'

અગિયારમી મે, એ ભાલ-ઉષા, અરવિંદ-કુમુદ અને મહેન્દ્ર હંસાની લગ્નતિથિ. ગમે ત્યાં હોય તો પણ સાલ પછી સાલ એ ત્રણે દંપતી મુંબાઈની આસપાસ કે પછી લોનાવલા કે ખંડાલા સહેલ ખાવા નીકળી પડે. બીજા કોઈ મિત્રોને ખબર ન પડવા દે. પણ એવું ઘણી વાર બન્યું હશે કે હું તે વેળા મુંબાઈમાં હોઉં ને મારે એની 'ગાળ' સાંભળવી પડે: 'હવે આ બામણને સાથે લેવો પડશે—.' હું વિવેકપૂર્વક દૂર રહેવા કરું પણ મહેન્દ્ર માને? અને પછી તો એની હેંચે શરૂ થઈ જાય. ક્યારેક તો પૂરા દિવસનો પ્રોગ્રામ. ફૅક્ટરી તે દિવસે મારી ફરે... નીકળી પડીએ ક્યાંક જવા માટે ખાવુંપીવું ને મોજમસ્તી; ને બધા જ કાર્યક્રમોના કેન્દ્રમાં મહેન્દ્ર! મોટરનું સ્ટીઅરિંગ એ ન જ છોડે. ક્યારે ય એને ડ્રાઇવિંગનો થાક ન ચડે. મુંબાઈથી નૈનિતાલને માર્ગે એણે એકધારી છ-આઠ કે ચૌદચૌદ કલાક સુધી મોટર હાંકી છે! મને યાદ છે કે હજી તો એ તાજો મોટર ચલાવતાં શીખ્યો હતો ને મારા એક મિત્રની મોટી સ્ટાન્ડર્ડ એના હાથમાં આવી—[અત્યારની સ્ટાન્ડર્ડ હેરાલ્ડની મોટી બેન]. એનો હુકમ છૂટયો: 'બેસી જાઓ, મારે પૂના જવું છે. આ મોટર ઉપર હાથ પાકો થશે—.' ને કોઈની યે ના મહેન્દ્ર સાંભળે? ગજબનો આત્મવિશ્વાસ! કોઈ પણ જાતના ગમખ્વાર બનાવ વિના બધાને એણે પૂના પહોંચાડયા ને રાત સુધીમાં હેમખેમ પાછા પણ લઈ આવ્યો!

પડકાર ફેંકવા અને પડકાર ઝીલવા એ એના લોહીમાં હતું. એને એનો નશો હતો. સરકારની બદનક્ષી થતી હોય ત્યારે ઘણી યે વાર અરધી મશ્કરી ને અરધા ગાંભીર્યથી એ મિત્રોને સંભળાવતો: 'સાલાઓ, આપણે બધા જ આને માટે જવાબદાર છીએ. બેતાળીસના નિઃસ્વાર્થી, ઝિંદાદિલ લડવૈયા ગણાતા આપણે બધાએ પોતપોતાના અમનચમન અને સુખનું સાધન મેળવી લીધું છે... દેશ કે સમાજની ઐસીતૈસી... ને હવે સેકન્ડ રેઈટ જે પાછળ બચ્યા તેઓના હાથમાં રાજ્યધુરા આવી તો ટીકા કરવા જામી પડ્યા છીએ! પહેલાં પોતાનો ગુનો કબૂલ કરો. પછી બીજાઓને સંભળાવો.'

રાજકારણનો ઊંડો અભ્યાસ અને એવો જ એમાં ઊંડો રસ. સાહિત્યનું, ખાસ કરીને કવિતાનું સારું વાચન. ગુજરાતના કવિઓમાંના તો કોણ એના દોસ્ત નહિ હોય?

ગુજરાતી સાહિત્ય પરિષદનું છેલ્લું અધિવેશન વલ્લભ વિદ્યાનગરમાં હતું. થોડા જુવાન કવિઓ ભોજન વેળા ભેગા થઈ ગયા. એમણે આમંત્રણ આપ્યું: 'રાત્રે બેઠક છે. થોડા કવિઓ પોતાની કવિતા વાંચવાના છે...જરૂર આવજો.' ઠંડી તો હતી જ. ઉપરાંત સારા યે દિવસની રઝળપાટ પછી બહાર નીકળવાનું મન થાય એમ ન હતું. પણ મહેન્દ્ર કહે, 'ના, જવું જ છે; જવું જોઈએ. આ છોકરાઓનું કોઈ કદાચ છાપતું પણ નહિ હોય. આપણે એમને સાંભળીએ તો ખરા જ. એમના ઉપર ઉપકાર કરવા માટે નહિ, કવિતા ક્યાંકયાંથી પ્રગટે છે તે જોવામાં ને અનુભવવામાં પણ મને રસ છે તે માટે.' સિતાંશુ સિવાય કોઈ પણ જાણીતા ન હતા. પણ લગભગ સાડાબાર-એક સુધી અમે ત્યાં બેઠા હતા. હું ઝોકે ચડયો હતો. પણ મહેન્દ્ર કવિતા માણતો હતો!

સ્વ. મણિલાલ દેસાઈ ને રાવજી તો એના પ્રિય કવિઓ ખરા જ. પણ સારી યે જુવાન પેઢી માટે એને અજબ પ્રેમ! થાબડે ને ટીકા પણ કરે. ને વળી પાછો કાવ્યરસ માણવાનો અધૂરો રહેતો હોય એમ કવિતા પોતે મોટેમોટેથી વાંચી સંભળાવે 'ઉમાશંકરનું "મહાપ્રસ્થાન" આમ વંચાય—' કહીને જુદાં જુદાં પાત્રોની ઉક્તિઓ જુદીજુદી લાક્ષણિકતાથી પ્રગટ કરવા એ મથતો. અમારા બન્નેમાંથી કાવ્યપાઠ કોણ વધુ સારો કરે છે એ માટે છેક સુધી અમારી વચ્ચે સમજૂતી ન થઈ. અને એ જ તો હતી અમારી મૈત્રીની મજા! બન્નેના વિચારો ઘણી યે બાબતમાં એકબીજાથી સામે છેડે બેસનારા; ને તે કારણે અમે ઝગડતા યે પુષ્કળ. ને છતાં એકબીજા વિના ચાલતું ન હતું. કામકાજ માટે મુંબાઈ જાઉં તો 'અડે હી દ્વારકા' કરીને એને ત્યાં રહી જ પડું. ને એ 'હિસાબ' જોડે: 'હંસા, આ બામણો વરસમાં પાંચ વાર પંદર પંદર દિવસ આપણે ત્યાં રહી જાય છે. વરસમાં અઢી મહિના થયા. ઘરનું ભાડું, રસોડાખર્ચ, ફોનનો ખર્ચ...સા—પાંચમાછઠ્ઠા ભાગનું ખરચ તો એને કારણે છે—! કહેજે કે ચૂકવી આપે—! ને બાકી હોય તેમ એનાં નાટકોના સંવાદો અહીંથી ચોરી જાય છે! એને લખતાં શું આવડે છે? મારી ને તારી વાતચીત ઉપરથી, મારી ને મારી આજુબાજુનાઓની સાથેની મારી જાતજાતની વાતચીત ઉપરથી તો એ પોતાનાં નાટકોના સંવાદ લખે છે ને કહે છે કે એ ઓરિજિનલ છે!' મારી કૃતિઓની કપરામાં કપરી ટીકા એ કરે—મારી સામે હોય ત્યારે! પણ મારી પીઠ ફરે ત્યારે બધાની વચમાં મારો ધજાગરો લઈને ફરે, મારું નીચું ન પડવા દે.

અજબ દોસ્ત હતો એ મહેન્દ્ર! વાત એની સાવ ખોટી પણ ન હતી. એણે ખૂબ લાડ લડાવ્યા છે, ખૂબ હેરવ્યો છે, ફેરવ્યો છે. ને એના વ્યક્તિત્વનાં કંઈક પાસાં મને નિહાળવા મળ્યાં છે! દોઢ વરસ પહેલાંની જ વાત છે. અમે બન્ને મુંબાઈમાં ફોર્ટમાં ભેગા થયા. ચાર વાગ્યાનો શો પકડવાનો હતો. કહે 'થોડો સમય હજી હાથમાં છે. એક કામ પતાવવું છે. તમે પણ ચાલો.' ઉપાડી ગયો મને બ્લડબૅન્કમાં! 'તમે પણ આપો...આટલું શરીર જમાવ્યું છે તો—'

દર ત્રણ મહિને એ બ્લડ બૅન્કની મુલાકાતે જતો—છેલ્લાં કંઈક વર્ષોથી. એના મિત્રોને કે કુટુંબીજનોને એની જાણ પણ ન હતી.

અરધી રાતે કોઈનું કશું પણ ઓચિંતાનું કામ આવી પડે, કોઈ માંદું-

લઘુકથા

વારસો

અશ્વિન મ. વસાવડા

પિતાની સારી એવી મિલકતમાંથી અપરમાએ તેને ખૂબ મોટો અન્યાય કર્યો હોવા છતાં લલિતના મન ઉપર તેની લેશમાત્ર અસર નથી તે જોઈ નીલા ગુસ્સે ભરાઈ હતી.

'હવેલી જેવડું ઘર અને સૂંડલી ભરી સોનું જિતેનભાઈને આપી દીધું' છતાં તમે કંઈ જ નહિ બોલ્યા?! તમારા પણ એ બાપ હતા. પૂરેપૂરા અર્ધા ભાગના વારસાના તમે હકદાર છો.'

'મેં તને કહ્યુંને, કે હક કરતાં પ્રેમથી જે મળે તે લઈ લેવું સારું.'

નીલા વધુ ગુસ્સે થઈ: 'ન જોયો હોય તો મોટો દાનેશ્વરી સ્વભાવ! બાપદાદાના વારસામાં તો બધાનો સરખો જ હિસ્સો હોય. તમને તો કૂતરાને બટકું ફેંકે એટલું મળ્યું.'

જેમજેમ નીલા ગુસ્સો કરતી હતી તેટલો જ લલિત સહજ ભાવે જવાબ દેતો હતો: 'નીલા, તને ખબર છે કે બાપદાદાનો બધો વારસો મને એકલાને જ મળ્યો છે? હા, જિતેનને એમાંનું કંઈ જ મળ્યું નથી.'

'આવી વાત પણ આમ મજાકમાં ન કાઢો. હું સાચું કહું છું કે તમારે કંઈક કરવું જ જોઈએ.'

'પણ હું મજાક નથી કરતો નીલા, હું પણ સાચું જ કહું છું. દાદાજીનો મોજીલો સ્વભાવ મને મળ્યો. બાપુજીની તેજસ્વિતા આપણા નરેનમાં આવતાં એ કુશળ સર્જન બન્યો. મારી માનો મધુરો કંઠ કલ્પુને મળ્યો અને તે મોટી કલાકાર બની. હવે તું જ કહે, એ ઘર અને મિલકત માટે શું હું ઝગડો કરું?'

સ્મિત વેરતા પતિના ચહેરાની એ જ પ્રસન્નતા નીલા જોઈ રહી ને અંતે બોલી: 'મને તો તમારા સ્વભાવની પણ ઈર્ષા થાય છે.' □

સાજું થાય ને એને ખબર પડે તો કોઈ જલસામાં જતો હોય એટલી જ ઝડપથી એ મિત્રને ત્યાં દોડી જાય, ને પરિસ્થિતિનો હવાલો પોતે સંભાળી લે. પ્રેમ, સ્નેહ, વાત્સલ્ય, કરુણા માત્ર આપવાની જ નહિ, લાદવાની એને ટેવ હતી. બાળકો તો એના સ્નેહના સૌથી વધુ અધિકારી! મિત્રોનાં બાળકોને મહેન્દ્રકાકાની સૌથી મોટી ખોટ પડવાની છે. અજમેરથી રુચિર એકેએક પત્રમાં એના મહેન્દ્રકાકાની તબિયતના ખબર પુછાવે જ. ને કેમ ન પુછાવે? મારી કેટલી યે ના છતાં મહેન્દ્રના કૅમેરાના મોંઘા લેન્સ જોવા વાપરવા રુચિરે માગ્યા ને કશી જ આનાકાની વિના બાર તેર વરસના અનભ્યસ્ત એ છોકરાના હાથમાં એણે બધા જ લેન્સ મૂકી દીધા! એ મહેન્દ્રે જ સૌ પહેલી રંગપેટી રુચિરની વરસગાંઠને દિવસે એના હાથમાં મૂકી હતી! એવી પાર્થિવ ભેટો પાછળ મહેન્દ્રના થનગનતા, વાત્સલ્ય નીતરતા હૈયાની એમને ભેટ મળ્યા કરતી, ને એની એ બાળકોને બરાબર સમજ પડતી હતી.

છેલ્લે હું ફેબ્રુઆરીની શરૂઆતમાં એને મળ્યો—બપોરે. હંસાબહેન બહારના ઓરડામાં થાકીપાકી આરામ કરતી હતી. અંદરના ઓરડામાં હું ગયો તો મહેન્દ્ર પણ સૂતો હતો. મેં એને ન જગાડ્યો. એની સામે ક્યાંય સુધી હું બેસી રહ્યો. ઊંઘમાં પણ એને શ્વાસ ચડતો હતો એ મેં ચિંતાપૂર્વક જોયા કર્યું. થોડી મિનિટો વીતી ને એ જાગ્યો. બોલ્યો: 'પાસે આવો, અહીં મારી બાજુમાં બેસો...સાંજે કલકત્તા જાઓ છો? સતુબેન સવારે આવીને ભજનો સંભળાવી ગયાં...સારું લાગ્યું. પણ આ બીજા લોકો મને હવે આ ઘડીએ ગીતા ને મુંડકોપનિષદની નકલો આપી જાય છે! અલ્યા, જિંદગીભર જો ગીતા-ઉપનિષદ જીવ્યો નહિ હોઉં તો છેલ્લી ક્ષણોમાં એ મારી વહારે ધાવાનાં છે?...કદાચ નહિ મળીએ. જીવવાની મઝા નથી આવતી. આમ પડ્યા રહેવું એ તે કાંઈ જિંદગી ગણાય? એ કરતાં તો—.'

ને એણે વિદાય લીધી. આઠમી એપ્રિલની રાતે હું સાન્તાક્રુઝ એરપોર્ટ પહોંચ્યું ત્યાં સુધી એણે રાહ ન જોઈ. પ્લેઈન બગડ્યું, મૂળ ફ્લાઈટ કૅન્સલ થઈ. હું મોડો પડ્યો. પણ એણે તો વેળાસર વિદાય આપી જ હતી. આઠમીની સવારની ટપાલમાં એનો છેલ્લો પત્ર મળ્યો હતો: 'આ લખું છું ત્યારે શબ્દે શબ્દે શ્વાસ ઊપડે છે!...આમંત્રણ આવ્યું જ છે તો જરૂર યુરોપ જઈ આવો...'

એ હતો મહેન્દ્ર! હા, 'હતો!'—'છે' નહિ. ને છતાં યે આવી અનેક સ્મૃતિઓમાં એ જીવ્યે જવાનો, અધિકારપૂર્વક ને આપણી વચ્ચે કેન્દ્રસ્થાને.

—શિવકુમાર જોષી

૨ કલાકારની મસ્તીથી ચિરવિદાય

આખરે મહેન્દ્રે આ સંસારની ચિર વિદાય લીધી...પૃથ્વી પરના મિત્રોની મહેફિલ અધૂરી છોડી એ નવી મહેફિલ જમાવવા નવી સૃષ્ટિમાં પહોંચી ગયો છે. માર્ચના બીજા સપ્તાહમાં તો એ સૌ મિત્રોને મળવા અને છેલ્લી મહેફિલ જમાવવા અમદાવાદ આવ્યો હતો. છાતીમાં શ્વાસ ઘૂંટાતો હતો, બોલતાં હાંફ ચડતી હતી, છતાં એણે મહેફિલો જમાવ્યે જ રાખી. ટોકનારને એ કહેતો: 'છેલ્લું બોલવાનું છે યાર! બોલી લેવા દો...' કે 'આખી જિંદગી મહેફિલમાં ગાળી છે યાર! છેલ્લી વિદાય પણ મહેફિલમાંથી જ લેવી છે...' એક રાત્રે નાટકની દુનિયાનાં ટોળાટપ્પાં અને ટીખળની જબરી રંગત જામી. અરુણ ઠાકોરે, સરસ્વતી દેસાઈએ, ક્ષેમુભાઈ અને સુધાબહેને રંગમંડળના અને નાટકની આલમના વર્ષો જૂના પ્રસંગો અને રમૂજી બનાવોને યાદ કર્યા. બધાં કલાકો સુધી ધૂમ હસ્યાં. સુધાબહેન, ક્ષેમુભાઈ અને ભાર્ગવીબહેન દેસાઈએ ગીતો ગાયાં અને મહેન્દ્રે તે માણ્યાં.

મહેન્દ્રે એનાં એક સ્નેહી બહેનને કહ્યું હતું: 'એક મિત્રની શોકસભામાંથી બહાર નીકળતાં મને એક મિત્રે કહેલું: "સાલા! તું મરીશ ત્યારે હું તારી હર્ષસભા ગોઠવીશ, અને તેમાં સૌથી વધુ હાજરી હશે" એ મિત્ર મારી "હર્ષસભા" ગોઠવે ત્યારે તમે ચોક્કસ જજો; નહિતો વધુ હાજરીની એની આશા ખોટી ઠરશે.' વિમળભાઈએ અમેરિકા ઊપડતાં એને કહ્યું હતું: 'ઊપડી જવાની ઉતાવળ ન કરતો, હું પાછો આવું ત્યાં લગી રહેજે.' મહેન્દ્રે કહેલું: 'ઉતાવળે ઊપડી જાઉં તો પણ આ મુલાકાત છેલ્લી ઘડીએ પણ યાદ કરીશ.' અને મહેન્દ્રે છેલ્લી ક્ષણોમાં એક એક કરી તમામ મિત્રોને યાદ કર્યા હતા.

હૃષીકેશ મુખર્જીના 'આનંદ'ના આનંદબાબુના છેલ્લા દિવસો અને તેના અંત અને ભાઈ મહેન્દ્ર ભગતના છેલ્લા દિવસો વચ્ચેનું સામ્ય એક મિત્રે ઉલ્લેખ્યું હતું. પણ આનંદબાબુ ને મહેન્દ્ર વચ્ચે આભ-જમીનનો એક ફેર હતો: મહેન્દ્રને પ્રેમાળ પત્ની અને કિશોર પુત્રો છે. અને છતાં આવીરહેલા અંતને ઉત્સવ લેખી એણે એની હસતા મોંએ એની આગવી એવી મસ્તીથી જે તેયારી કરી એ તો કેવળ મહેન્દ્ર જ કરી શકે. હૃષીદાના આનંદબાબુની પણ એ તાકાત નહિ!

ફેફસાનું કૅન્સર થયાનું જાણ્યું ત્યારથી મહેન્દ્રે કેવળ પોતાની જાતને જ નહિ પણ પત્ની હંસાબહેનને અને બાળકોને પણ માનસિક રીતે સંપૂર્ણ તૈયાર કરી રાખ્યાં હતાં. જીવનના જે કાંઈ ૪–૬ મહિના બાકી છે, તે મસ્તીની મોજથી અને હસતાં-હસાવતાં વિતાવવા એણે પોતાના સમગ્ર કુટુંબને તૈયાર કરી નાખ્યું હતું.

યુવાન પેઢીના કલાકારો કદાચ મહેન્દ્રને નહિ ઓળખી શકે, કારણ કે વર્ષોથી એ મુંબાઈ જઈ વસ્યો હતો, પણ '૪૨ની લોકક્રાંતિના સાથીઓ તે પછીના વિદ્યાર્થીમંડળના કાર્યકરો અને યુવકપ્રવૃત્તિ સાથે સંકળાએલા સહુ કોઈ મહેન્દ્રને ક્રાંતિકારી, અતિ બુદ્ધિવંત ને ભારે સાહસિક જુવાન

તરીકે જાણે છે. રંગમંડળના સુવર્ણકાળના નાટ્યરસિકો ને કલાકારો તથા તે ગાળાની સાંસ્કૃતિક પ્રવૃત્તિ સાથે સંકળાએલા સહુકોઈ જેને અલગારી, મસ્તરંગી કલાકાર તરીકે ઓળખે છે. અમદાવાદની કલાપ્રવૃત્તિને પાર્શ્વ કંઠધ્વનિપણાનું મહત્ત્વ સમજાવ્યું મહેન્દ્રે. રંગમંડળની નૃત્ય નાટિકાઓ 'દિવાસ્વપ્ન', 'કાલભૈરવ' અને 'હિંદી હૈ હમ ચાલીસ કરોડ'માં અતિ સંસ્કારી રણકતો, સમૃદ્ધ કંઠ કેટલું સબળ ચિત્ર સર્જી શકે છે, તે ભાઈ મહેન્દ્રે તેના કંઠ દ્વારા ગુજરાતમાં પહેલીવાર સિદ્ધ કર્યું ત્યારે મહેન્દ્રના કંઠની એ સમૃદ્ધિમાં હજારો શ્રોતાઓ મંત્રમુગ્ધ બની ડોલી ઊઠ્યા હતા. લગભગ ૩૧ વર્ષ ઉપર સાંભળેલો એ અવાજ આજે પણ વિસરાયો નથી. અરુણ ઠાકોર, રજની લાખિયા, નિરંજન ભગત, કૃપાબેન અને સુધાબેન લાખિયા (હવે મલજી અને દિવેટિયા) અને બાલ મલજીની ત્યારે સાંસ્કૃતિક ક્ષેત્રે બોલબાલા હતી. રંગમંડળના ચોતરે આ મિત્રવૃંદ કંઈ કંઈ નવાનવા પ્રયોગો વિચારતું અને અમલમાં મૂકતું. જયંતી દલાલ, નીરુભાઈ દેસાઈ, હીરાલાલ ભગવતી, વિનોદિનીબહેન નીલકંઠ વગેરે પ્રવૃત્તિના રાહબરોની આ વૃંદને માથે પ્રેરણાની છાયા હતી. આ મિત્રવૃંદે એ સમયે જે સર્જન કર્યાં તેની તોલે તે પછીના સમયનું એક પણ સર્જન ઊભું રહી શકે તેમ નથી. રંગમંડળની નાટિકાઓ 'સોયનું નાકું', 'માની દીકરી', 'ઉપાધ્યાયને આટો', 'સરાઈ કી બહાર' વગેરેમાં એણે પણ પાત્રો ભજવેલાં; પણ ભાઈ મહેન્દ્રની સાચી સેવા તો હંમેશાં પડદા પાછળ રહેલી.

કાવ્યવાચનની વિશિષ્ટ કલાનો મહેન્દ્ર સ્વામી હતો. એ કાવ્ય વાંચતો ત્યારે સાંભળનારને ગુજરાતી ભાષાની સમૃદ્ધિ, શક્તિ અને સંસ્કારિતાનો નવો જ પરિચય થતો. શબ્દો પર સુયોગ્ય અર્થભાર અને એનો રણકો શબ્દમાંથી તાદૃશ ચિત્ર સર્જતો. છેલ્લી વિદાય લેવા અમદાવાદ આવેલા મહેન્દ્રે શ્રી સુરેશ જોષીના કાવ્ય 'મૃણાલ'નું પોતાની કમજોર બની ગએલી અને હાંફતી છાતીએ વાચન ટેઈપરેકર્ડ કરેલું. છતાં આ ટેઇપ મહેન્દ્રની કંઠસમૃદ્ધિની અંતિમ યાદ છે.

રાજકારણમાં વિમળભાઈ શાહ, રમણિકભાઈ શાહ, પદ્યુમ્ન ભટ્ટ, સૂર્યકાન્ત પરીખ, બ્રહ્મકુમાર ભટ્ટ, લીલાધર ભટ વગેરે સાથે મહેન્દ્ર સંકળાએલો, પણ 'ખરડાએલો' નહિ. મહેન્દ્ર અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાએલો હોવા છતાં એનો આત્મા તો સાચા કલાકારનો હતો. મુંબઈ સ્થાયી થવા છતાં અમદાવાદની સાંસ્કૃતિક પ્રવૃત્તિ સાથે જીવનના છેલ્લા શ્વાસ લગી તે જીવંત રીતે સંકળાએલો હતો. મહેન્દ્રનો આત્મા કલાકારનો હતો, અને તેણે પ્રાણ ત્યાગ્યો ત્યારે તેને છેલ્લી વિદાય આપનાર પણ હતા કલાકાર શ્રી કનુ દેસાઈ. કનુભાઈ હૉસ્પિટલમાં ગયા, મહેન્દ્રે તેમનો હાથ થાબડ્યો, સલામ કરી વિદાય લીધી અને પછી ભાન ગુમાવ્યું!

મહેન્દ્રે તેના મૃત્યુ પછી શું કરવું અને શું ન કરાવું તેની લેખિત સૂચનાઓ મૂકી છે. તેમાં એક સૂચના છે: '...મારા મૃત્યુ પછી બેસણું ન રાખવું. પણ મળવા આવે તેમને ગુલાબનાં ફૂલ આપવાં.' આ સૂચનાપત્રના અંતે તેણે ગાલિબનો એક શેર લખ્યો છે.

'હમ ખુશી સે આયે હૈં,
ખુશી સે જા રહે હૈં—'

મહેન્દ્ર કલાકાર તરીકે જીવ્યો અને મૃત્યુની મૈત્રી પણ કલાકારની અલગારી મસ્તીથી જ કરી! (ગુજ. સમાચાર) —શશિકાન્ત નાણાવટી

૩ તું યે એક વાર પાછો ફર

મહેન્દ્ર ભગતનો જીવનરંગ પૂર્ણપણે ઊઘડ્યો, તો કવિતાની ઉપાસના-આરાધનામાં. એના ઘૂંટાએલા અવાજમાં સ્વરભાર, આરોહ અને અવરોહ સાથે કવિના કાવ્યપાઠનો આસ્વાદ કરવો, એ ઘણાને મન એક લહાવો હતો. ગુજરાતમાં કાવ્યના આંતરસત્ત્વને, કવિના હૃદયની સંવેદના, ઊર્મિ અને વિચારને વાચક-શ્રોતાના હૃદય સાથે પ્રતીત કરવાની શૈલી કદાચ મહેન્દ્ર સિવાય ભાગ્યે જ કોઈને સાધ્ય હશે.

નાની વયે અમારી અમદાવાદની કાળુપુર વ્યાયામશાળામાં એ જોડાયા. તેના ઘરમાં જ અમારા બૌદ્ધિક વર્ગો ચાલતા. પછી અમારા 'ગતિ રેખા' વર્તુળમાં આવ્યો અને સાહિત્યની ચર્ચાઓ સાંભળતો. ઈ. ૧૯૪૨ની લડતમાં અમારા આખા જૂથ સાથે તેણે પણ ઝુકાવ્યું હતું. પત્રિકાઓ વહેંચવી, સભા સરઘસોમાં હાજરી આપવી, પોલીસને પજવવી ને તેના હાથે ઝડપાઈ ને જેલમાં જવું એવી બધી પ્રવૃત્તિઓમાં એ રસ લેતો.

સંસ્કાર અને સાહિત્ય, ગીત અને લયના જીવને પ્રસન્ન હરિયાળી સાંપડી. અને રંગમંડળ તરફથી 'હિંદી હમ હૈ ચાળીસ કરોડ'ની નૃત્યનાટિકાના પ્રયોગ વેળાએ મહેન્દ્રએ એની રનિંગ કૉમેન્ટરી આપી. આવો પ્રયોગ પહેલવહેલો હતો. વિદેશી સરકાર સામે બંડનું આવાહન કરતી એ તીખી વાણીમાં શહીદના સામર્થ્ય અને પ્રેરણાએ પ્રચંડ પરામર્શ એણે કરાવ્યો. પછી તો બધી જ નૃત્ય-નાટિકાઓમાં મહેન્દ્ર આવા કંઠઘોષ સાથે એક અનિવાર્ય અંગ બની ગયો. રાષ્ટ્રીય વિદ્યાર્થીમંડળ, વ્યાયામશાળા, રંગમંડળ અને રાષ્ટ્રીય પ્રવૃત્તિનો મહેન્દ્ર અંગભૂત બની રહ્યો. તખ્તા પર ઘૂંટાએલા અવાજનો એ કસબી બની રહ્યો. એ અદાકાર નહોતો છતાં માત્ર અવાજ દ્વારા તખ્તો તેણે સજીવન કરી દીધો. મુંબઈમાં પણ તેની યાત્રા ચાલુ રહી. કવિઓ, તેમનાં કાવ્યો એના જીવનકાર્યનાં કદમો સમાન બની રહ્યાં. મિત્રોએ તેનામાં નવું દર્શન કર્યું. અવાજ ઘડાએલો હતો, કાવ્યનું મુખરિત રૂપ તે દ્વારા પ્રગટ થતું હતું કારણ કે કળા અંગે તેને ઊંડી સૂઝ હતી. ચર્ચાઓમાં પ્રત્યેક કવિલેખકનાં લક્ષણો ને ભાવો તે વિશદતાથી સ્ફુટ કરતો. કવિસભાઓ, મિજલસો, 'કવિલોક' જેવાં સામયિકો એ સર્વમાં તેના જીવનનું છાંદસ ગેય રૂપ કોળી ઊઠતું હતું.

જીવનના છેલ્લા સમયમાં કદાચ આ કાવ્યપ્રીતિએ જ તેને અદમ્ય, વિરલ પ્રતિકારશક્તિ અર્પી. મૃત્યુ સામે ઊભું હતું: ડૉક્ટરોએ કૅન્સરને મૃત્યુનું નિશ્ચિત નિદાન કર્યું હતું. તે દિવસથી મહેન્દ્રની જીવન-કવન-વસંત ગુલમહોરના વૃક્ષ સમી મહોરી ઊઠી. મિત્રોને મળવું, આનંદનો આસ્વાદ કરાવવો, કવિતા-નાટકના પ્રદેશમાં કલ્પના અને ઊર્મિની નૌકામાં વિહાર કરાવવો, એ જાણે તેનો જીવન પ્રતિનો ધર્મ થઈ પડ્યો.

હાંફ ચડતી હતી, થાક કેડો મૂકતો નહોતો, એવા જીવનના છેલ્લા દિવસોમાં એ અમારી સહુની વિદાય લેવા અમદાવાદ આવ્યો ત્યારે તેણે પ્રાધ્યાપક સુરેશ જોશીનું સુદીર્ઘ કાવ્ય 'મૃણાલ' પોતાના અવાજમાં ટેઈપ કરાવ્યું. આ સુંદર કાવ્યનાં તમામ સ્પંદનો એણે એવી આત્મવિભોર આર્દ્ર વાણીમાં વ્યક્ત કર્યાં કે સુરેશ જોશીની 'મૃણાલ' આપણી દૃષ્ટિ સન્મુખ સજીવ થઈ રહે. મૃણાલ! તું એક વાર આવ' એ શબ્દોના શ્રવણ સ્મરણ સાથે મહેન્દ્રને પણ કહેવાનું મન થાય છે: આ વાસંતી સમીરની લહેરમાં તું ય એક વાર પાછો ફર.

(જનશક્તિ) —નીરુ દેસાઈ

૪ મૃત્યુને પોતાને ઓશીકે બેસાડી રાખનાર

મહેન્દ્રે તો મૃત્યુને પોતાના ઓશીકાની પાસે છેવટ સુધી બેસાડી રાખ્યું: મૃત્યુને પણ જીવન શું છે એનો પરિચય કરાવ્યો! મૃત્યુને જાણે કે મહેન્દ્રએ સતત કહ્યા કર્યું કે હું કંઈ તારાથી એમ હારી જાઉં એવો નથી. તારો કે કૅન્સરનો મને ભય નથી, હું તો મારી રીતે જીવવાનો. અને મૃત્યુને બહારગામથી લાંબા સમય માટે ઘેરે રહેવા આવેલા મિત્રની જેમ પોતાના ઘરમાં ઉતારો આપ્યો! આ ગાળામાં એણે મહેફિલો યોજી, ગીતો સાંભળ્યાં, ઠઠ્ઠામશ્કરીઓ કરી. પોતાને વતન અમદાવાદ પણ જઈ આવ્યો. સ્વજનોના ચહેરાઓને આંખ ભરીભરીને જોયા કર્યા, મિત્રોના અવાજને હૃદય ભરાય ત્યાં સુધી સાંભળ્યા કર્યા. શ્વાસ દાદ ન આપતો હોય તો પણ પોતાની વાણીને વહેતી કરી. મહેન્દ્રની સાથે રહીને મૃત્યુને પણ થોડીક કલાદૃષ્ટિ મળી હશે! છેલ્લામાં છેલ્લા કાવ્ય-

સંગ્રહોનાં પાનાં ઉથલાવી જવાં, કોઈક કવિની કવિતા સાંભળવી, રેડિયો કલાકાર પાસેથી ગીતો સાંભળવાં, 'યુસિસ'માં યોજાઈ ગએલા રૉબર્ટ ફ્રૉસ્ટના કાર્યક્રમની ફિલ્મ જોવી અને છેલ્લી ઘડી સુધી મિત્રોને મળતા રહેવું—જાણે કે માંદગી છે જ નહિ, મૃત્યુ છે જ નહિ!

મૃત્યુના બે દિવસ પહેલાં મહેન્દ્રને ઑસ્પિટલમાં દાખલ કર્યો. ઑસ્પિટલમાં જવું એને માટે આઘાતજનક રહ્યું નહોતું. એ જાણતો હતો કે વીતતી એક એક પળ પોતાને જીવનથી ઉખેડી નાખે છે અને થોડા જ કલાકોમાં હતો ન હતો થઈ જઈશ. એની ખબર પૂછવા ગએલા મિત્રને એણે કહ્યું: 'આ તો ઑસ્પિટલમાં મારાં ચોથી વારનાં લગ્ન છે. હવે તો જાન ઊપડે એટલી જ વાર!' એક મિત્રદંપતીને કહ્યું: 'તમે બન્ને ઊભાં રહો'—અને આંખ ભરીને એમણે મિત્રદંપતીને જોયા કર્યાં.

માણસને પ્રેમ કરવાની મહેન્દ્રમાં પારાવાર શક્તિ હતી. મૃત્યુનો પણ એણે માણસ તરીકે સ્વીકાર કર્યો, અને મૃત્યુ જાણે કે એનું સ્વજન હોય એમ એણે પ્રેમ કર્યો. કોઈ વલોપાત નહોતો. ભીતરમાં ક્યાંક વ્યથા હતી પણ એ વ્યથા માનવસહજ હતી. એક અંગત મિત્રને એણે કહ્યું હતું કે 'મરવાનું તો છે જ, પણ જો થોડું દુઃખ હોય તો એ વાતનું કે મારા દીકરાઓને જે ઘડીએ બાપની ખાસ જરૂર હશે ત્યારે જ હું નહિ હોઉં.' આટલી ક્રૂરતાથી મૃત્યુ મહેન્દ્રને ઉઠાવી તો ગયું. પણ મૃત્યુમાં પણ હવે એટલો વિવેક આવે તો સારું કે માણસને આમ અકાળે ઉઠાવી ન લેવાય. ('પ્રબુદ્ધ જીવન') —સુરેશ દલાલ

મરકારા

પશ્ચિમ ઘાટના ઢોળાવ પર, મૈસુરથી એક સો ઓગણત્રીસ કિલોમીટર દૂર સમુદ્રની સપાટીથી સવાસો દોઢસો મીટર ઊંચા કૂર્ગના પ્રદેશમાં મરકારા નામે ત્યાંનું મુખ્ય શહેર આવેલું છે. વિમાની અડ્ડા કે રેલવે સ્ટેશનથી દૂર અને એ હજી જમાનાની અસરથી અભડાયું ન હોઈ ત્યાંનું સૃષ્ટિસૌંદર્ય અકબંધ રહી આજે યે ખરા પ્રકૃતિપ્રેમીને આકર્ષે છે. ગિરિમાળાના ખડકાળ મુશ્કેલ માર્ગે મૈસુરથી બસ કે ખાનગી મોટરમાં જતાં ગીચ જંગલ, કૉફીના વાવેતર અને મબલખ નાનાવિધ વનફૂલો વચ્ચેથી પસાર થવાનો પણ એક લહાવો મળે છે. ઊંચાઈ પર આવેલું હોવા છતાં અહીં નથી હિમવર્ષા પડતી કે નથી કાતીલ ઠંડી પડતી એટલે બારે માસનું અહીંનું સમશીતોષ્ણ સમું ખુશનુમા હવામાન સહેલાણીઓને ઘણું ગમી જાય છે. છતાં, હવાફેર માટે માર્ચથી મે માસનો ગાળો ઉત્તમ છે. આ ગાળામાં અહીં લગ્નસરા ચાલતી હોઈ ત્યાંના કોન્ડવા લોકો ઓર રંગતમાં જોવા મળે છે. ફેંટા સાથે કમરેથી પાતળો લાંબો કાળો કોટ ને કેડે કટારી ભેરવી રાખતા પુરુષો ને આગવી જ રીતે સાડી પહેરેલી કૂર્ગ મહિલાઓના શૃંગાર આપણા દેશની પ્રજાના વૈવિધ્યનું એક અનોખું પાસું દર્શાવે છે. ભારતના સેનાનાયક સ્વ. જનરલ થીમૈયા ને જન. કરીઅપ્પા અહીંના જ વતની હતા. મોકળે મને પસરેલી અહીંની સૌંદર્યશ્રી વચ્ચે પાકતી કૉફી, પીપર, નારંગી, મધ વગેરેએ પણ મરકારાને આગવું ગૌરવ અને વ્યાપાર આપ્યાં છે.

મરકારાનું મૂળ નામ તો માડીકેરી, એટલે કે સ્વચ્છ શહેર. કૂર્ગમાં કેન્દ્રવર્તી સ્થાને હોવાથી અને ગિરિમાળા વચ્ચેથી ત્યાં પહોંચવું કઠિન હોવાથી ઈ. ૧૬૮૧માં મુદ્દુરાજે હાલેરીથી પોતાની રાજધાની ફેરવીને મરકારામાં રાખી ને ત્યાં ગઢ ચણાવ્યો. પણ આજે અહીં જે ગઢ છે તે તો ટીપુ સુલતાને બાંધેલો અને આ સ્થાનને જાફરાબાદ નામ આપેલું. ઈ. ૧૭૯૦માં શ્રી રંગપટ્ટમ્ પર બ્રિટિશ સૈન્યે ચડાઈ કરી ત્યારે ટીપુએ શસ્ત્રસરંજામ સાથે એ ગઢ કૂર્ગના રાજાને આપી દીધેલો. ઈ. ૧૮૩૪માં બ્રિટિશોએ બહુ સરળતાથી એ પોતાને હાથ કરી લીધો. આજુબાજુની ટેકરીઓને કારણે ગઢ પર ગોલંદાજી માટે સારી સગવડ મળતી હોઈ વ્યૂહાત્મક દૃષ્ટિએ એનું બહુ મહત્ત્વ રહ્યું નહોઈ. છતાં ટેકરીની ટોચને અનુરૂપ રહી અનિયમિત ષટ્કોણાકારે, ખાઈ સાથે બાંધેલો એ ગઢ એક કાળે જરૂર રક્ષણ આપતો હશે. ઈ. ૧૮૧૨માં લિંગરાજે એમાં ઈંટના ચણતરવાળો રાજમહેલ બનાવેલો. એની તળરચના તો કૂર્ગની લાક્ષણિકતાવાળી હતી, પણ ઉપરનું બાંધકામ પશ્ચિમી ઢબે થએલું. એની મધ્યમાં વિશાળ ખુલ્લો ચોક પણ જોવા મળે છે. આગળ જતાં અહીં કમિશનરનું રહેઠાણ અને કેટલાંક દફતરો બેસતાં થયાં. અંદરની એક ગઢીમાં ઇ. ૧૮૫૫માં ખસેડી નાખેલા વીરભદ્રના મંદિરના સ્થાને એક ખ્રિસ્તી દેવળ પણ બન્યું. કહે છે કે એ મંદિર સામેના ખુલ્લા વિસ્તારમાં એક હાથી ચણેલો હતો. મોતની સજા પામેલા કેદીઓને આ વિશાળ ચોકમાં છૂટા મૂકી એ હાથી સુધી દોડી જવાનું કહેવાતું, અને એ દોડતા ત્યારે મહેલના ઝરૂખામાંથી રાજા એમના પર ગોળીબાર કરતો. આમાંથી બચી જઈને જે હાથી સુધી પહોંચી જતા એમની સજા માફ થતી!

મરકારાના ગઢની પાસે જ મહાદેવ પેઠ છે. ત્રણ મુખ્ય શેરીઓમાં વહેંચાએલા એ ગામને છેડે કૂર્ગ રાજાએ.ના સુંદર સમાધિઓ છે. ગઢની પૂર્વમાં ઓમકારેશ્વરનું મંદિર છે. દક્ષિણે કવાયતનું મેદાન અને એથી થોડે દૂર રાજાની બેઠક તથા સુંદર બાગ છે.

હજી મરકારામાં માનવ કીડીઆરું ઉભરાયું નથી એટલે બેઠા ઘાટનાં વિશાળ ને ગઢ જેવા લાગતા કૂર્ગનાં લાક્ષણિક મકાનો, ચોપાસ ડુંગર, કૉફી ને નારંગીનાં વાવેતરો સાથે મોકળે મને ખીલી રહેલી સૌંદર્યશ્રી સાથેનો ફળદ્રુપ પ્રદેશ, નિખાલસ પ્રજા વગેરે વચ્ચે જઈને થોડો સમય રહેવું એ એક અનેરો લહાવ છે.

રજૂર ('કુમાર' અંક ૬૧૮)

ઉંદર મારવાની નવી દવા

વોર્ફીરીન નામની ઉંદર મારવાની ઝેરી દવાની પણ જે ઉંદરો ઉપર અસર થતી નથી એવા ઉંદરોને મારવા વિસ્કૉન્સિન વિશ્વવિદ્યાલયના એક જીવરસાયણશાસ્ત્રી જે. ડબ્લ્યુ સુટીએ 'ક્લોરો–કે' નામના ઝેરી રસાયણમાંથી એક નવી દવા બનાવી છે 'ક્લોરો–કે' રસાયણ વિટામિન–કેનું શત્રુ છે. ઉંદરોના પેટમાં આ દવા જાય છે કે તરત લોહીને થીજતાં રોકે છે, જેને પરિણામે તેમના પેટમાં રક્તસ્રાવ થવા માંડે છે અને તે મરી જાય છે. કદાચ બીજાં પ્રાણીઓ ભૂલેચૂકે આ ખાઈ જાય તો વિટામિન–કે આપવાથી આ દવાની માઠી અસર દૂર કરી શકાય.

કાર્બન ડાયૉક્સાઈડનો પુનર્વપરાશ

શિકાગોની વાયુ-તંત્ર વિજ્ઞાન સંસ્થાના સંશોધકો રોજિંદા બળતણમાંથી નીકળીને નકામા બની જતા કાર્બન ડાયૉક્સાઈડને ફરી ઉપયોગમાં લેવા વિષે અભ્યાસ કરી રહ્યા છે. વ્યાપારિક પાક્ષિક 'કેમિકલ અને એંજિનીઅરિંગ ન્યુસ' લખે છે કે દુનિયામાં બળતણની જે કટોકટી ઊભી થઈ છે તેનો સામનો કરવા ઢગલાબંધ ઉકેલો રજૂ થઈ રહ્યા છે. પરંતુ ખરી અછત તો કોલસા, તેલ કે ગૅસની નથી, પણ કાર્બનની છે, જે આ ત્રણે પ્રકારના બળતણમાં હોય છે.

એક વિમાન-વૈજ્ઞાનિકે અવકાશયાત્રીઓને કામમાં આવે એ માટે ઑક્સિજન (પ્રાણવાયુ) ઉત્પન્ન કરવામાં કાર્બન ડાયૉક્સાઈડને પુનઃ રૂપાંતર કરી વાપરવાની પદ્ધતિનો અભ્યાસ હાથ ધર્યો હતો. ફ્રૅન્ક કેસ્ટર નામના આ વૈજ્ઞાનિક કહે છે કે અદ્રાવ્યનો ઉપયોગ કરી કાર્બન ડાયૉક્સાઈડમાંથી કાર્બન મૉનૉક્સાઈડ ને મિથેન વાયુ મેળવી શકાય છે.

આ બન્ને વાયુઓનો બળતણ તરીકે ઉપયોગ થઈ શકે છે અથવા તેનું બીજા કોઈ ગૅસમાં પરિવર્તન કરી શકાય છે. મોટર ગાડીઓ અને વિમાનોમાંથી નીકળતા અને નકામા જતા કાર્બન ડાયૉક્સાઈડને પણ એકઠો કરી શકાય છે. તાંત્રિક દૃષ્ટિએ આ પરિવર્તન શક્ય છે અને બળતણની વધતી જતી કિંમત જોતાં આ પ્રમાણે પાછા મેળવેલા કાર્બન ડાયૉક્સાઈડનો ઉપયોગ આર્થિક દૃષ્ટિએ પણ ફાયદાકારક હશે.

કેરડા

પ્રસૂતાના ભાણામાં કેરડાનું અથાણું જોઈને આજનાં નર્સ-દાક્તરો ભલે મજાક ઉડાવે પણ ઉનાળાનું આ ક્ષુલ્લક ફળ ખરેખર ગુણકારી છે. મોટે ભાગે ખારા પાણીમાં આથીને એ ખવાય છે.

કેરડાને 'કેરાં' પણ કહે છે. આયુર્વેદમાં એને કફહર, વાતહર, ઉષ્ણ, તૂરા, તીખા, રુચિકર, ભેદક અને સ્વાદુ કહેલા હોઈ આમ, સોજા, વ્રણ-શોધ, કૃમિ, ખરજ, અરુચિ, સર્વશૂળ ને શ્વાસ મટાડનાર ગણ્યા છે.

કેરડાનાં ફૂલનું શાક થાય છે તેમજ કઢીમાં પણ વપરાય છે. કેરડાનો રસ કાનમાં નાખવાથી જીવડાં મરી જાય છે. કેરડાને ઘીમાં ચોડવીને બનાવેલું શાક આંખના રોગ મટાડે છે. તડકે સૂકવેલાં કેરડાંનું ચૂર્ણ દિવસમાં બેત્રણ વાર પાણી સાથે પાવલીભાર લેવાથી સોજા ઊતરે છે. બંધ વાસણમાં કેરડાને બાફી સિંધવ, જવખાર, અજમો, હિંગ, સૂંઠ, મરી અને પીપરનું થોડું ચૂર્ણ ભેળવી દહીંમાં રગદોળીને તડકે સૂકવી દઈને હવા બંધ બરણીમાં સંઘરવા. રાત્રે સૂતી વખતે આવા પાંચ છ કેરડા ખાવાથી ખોરાક પચીને દસ્ત સાફ આવે છે.

કેરડાનાં મૂળ ચાવવાથી દાંતનું શૂળ મટે છે.

(ગુજરાત મિત્ર) —જ. ઓ. કાનગા

ગુરુત્વાકર્ષણ હળવું થઈ રહ્યું છે અને ચંદ્ર પાછળ હટી રહ્યો છે

અમેરિકાની સમુદ્રી વેધશાળાના એક ખગોળશાસ્ત્રીનું કહેવું છે કે સૂર્યમંડળમાં ગુરુત્વાકર્ષણ નબળું પડી રહ્યું છે, અને ચંદ્ર પૃથ્વી આસપાસની પોતાની અત્યારની કક્ષામાંથી દૂર ખસતો જાય છે. પુરાતન કાળના અને અત્યારના ખગોળશાસ્ત્રીઓના અભ્યાસ પરથી અને તેઓએ એકઠી કરેલી માહિતી પરથી જાણવા મળે છે કે ચંદ્ર દર વર્ષે ચાર સેન્ટીમીટર જેટલો પાછળ હટી રહ્યો છે, ત્યારે પૃથ્વી, મંગળ અને શુક્રના ગ્રહો સૂર્યથી દૂર જઈ રહ્યા છે. પૃથ્વી દર વર્ષે પંદર મીટર જેટલી દૂર ખસતી જાય છે. ડૉ. ચાર્લ્સ વાન ફ્લાન્ડર્ન કહે છે કે આ બધાંનો એકસાથે હિસાબ કાઢતાં એમ માલૂમ પડે છે કે સૂર્ય અને સૂર્યમંડળના અંદરના ગ્રહો એકબીજાથી દૂર જતા જાય છે. વળી આ વિધાન એટલેથી જ અટકતું નથી. ડૉ. ફ્લાન્ડર્નનું કહેવું છે કે દૂરબીનથી જોઈ શકાય છે કે સમગ્ર ભૂમંડળમાં આ પ્રમાણે ગુરુત્વાકર્ષણ નબળું પડી રહ્યું છે.

કલેજા (લીવર)ની બીમારી અને દારૂનો સંબંધ

ન્યૂ યૉર્કની માઉન્ટ સાયથાય હૉસ્પિટલના સંશોધકોએ છવ્વીસ વાંદરાઓ ઉપર એક પ્રયોગ કર્યો હતો. તેમણે તેર વાંદરાઓને રોજ એક બાટલી દારૂ અને તેની સાથે સારો પ્રવાહી ખોરાક આપ્યો હતો. જ્યારે બીજા તેર વાંદરાને દારૂ વિના કેવળ પ્રવાહી ખોરાક અપાતો. ચાર વર્ષ સુધી જારી રાખેલા આ પ્રયોગમાં દારૂ સાથે ખોરાક લેનારા વાંદરાઓને લીવરની બીમારી લાગુ પડી હતી, જ્યારે દારૂ નહિ લેનારા વાંદરાઓને કોઈ બીમારી થઈ નહોતી. મતલબ કે સારો ખોરાક પણ દારૂ સામે લીવરને રક્ષણ આપી શકતો નથી એમ સાબિત થયું છે.

અથાણું

એક વાર પં. મોતીલાલ નેહરુને સખત શરદી થઈ આવી. ખાદીના રૂમાલથી લૂછતાં લૂછતાં નાક લાલ લાલ થઈ ગયું. એવામાં એક મિત્ર આવ્યા. એમણે નાકના હાલ જોઈને પૂછ્યુ: 'શરદી થઈ છે?'

રૂમાલથી નાક લૂછતાં પંડિતજીએ કહ્યું: 'હા; પણ એ હવે થોડા દિવસની જ મહેમાન છે!' મિત્રે પ્રશ્નસૂચક નજરે એમની સામે જોયું એટલે મંદ હસીને મોતીલાલજી બોલ્યા: 'ગાંધીજીના રાજમાં કોઈને ય શરદી કેમ થઈ શકે? ખાદીના રૂમાલથી લૂછતાં લૂછતાં આખું નાક જ ગાયબ થઈ જવાનું! પછી શરદી ક્યાંથી થાય?'

કાશીમાં ગંગાઘાટે સ્નાન કરતાં એક વૃદ્ધનો પગ સરક્યો અને એ ડૂબવા લાગ્યા. એક યુવકે તરત જ નદીમાં કૂદી પડીને એમને બચાવી લીધા. પણ વૃદ્ધના આગ્રહ છતાં કંઈ પણ ઈનામ લેવાની ના પાડી. છેવટે વૃદ્ધે કહ્યું: 'મારે લાયક કંઈ કામ હોય તો કલકત્તા આવજો. હું તમને સહાય કરીશ.' કેટલાક સમય બાદ એ યુવકે પેલા વૃદ્ધને મળી થોડી કવિતાઓ એમની સામે મૂકી કહ્યું: 'આ આપના માસિકમાં છાપો તો સારું.' કવિતાઓ વાંચી વૃદ્ધે કહ્યું: 'ખોટું ના લગાડશો ભાઈ, આ કવિતાઓ હું છાપી નહિ શકું. તમે ચાહો તો પેલા ઉપકાર બદલ મને ફરી પાછો ગંગામાં ધકેલી શકો છો.'

એ વૃદ્ધ હતા 'પ્રવાસી'ના તંત્રી સ્વ. રામાનંદ ચટ્ટોપાધ્યાય.

બાના વાળ


'મારી બાના વાળ તો આખા મહોલ્લામાં વખણાય છે.'
'મારી બાના વાળ તો આખા રાયપુરમાં સરસ ગણાય છે.'
'મારી બાના વાળ તો વધુમાં વધુ સુંવાળા છે.'
'મારી બાના વાળ તો વધુમાં વધુ ચળકતા છે.'
'મારી બાના વાળ તો વધુમાં વધુ લાંબા છે.'
'મારી બાના વાળ તો વધુમાં વધુ ઘટ્ટ છે.'
'મારી બા તો પોતાના લાંબા વાળ ઉપર જ બેસી શકે છે.'
'મારી બા તો બેસતી વેળા એ ઉતારીને ટેબલ પર મૂકી દે છે.'

'અનિલ' લહરી

પ્લાસ્ટિકની બંગડીને ચૂપ રહેતાં તો આવડે જ.
કસોટીના પથરા તો બધે જ કાળા હોવાના.
ખંધો કસાઈ બકરાની યે દાઢીમાં હાથ નાખે છે.
વિધાતાની પેનમાં ઘણી વાર ઈંક જ નથી હોતી.
બેટ યોજનામાં જે ન હોય છતાં જે મળે તે શિખામણ કે ગરીબી.

રતિલાલ 'અનિલ'

આ માસ (જૂન-જુલાઈ)ના આકાશમાં



તારામંડળોમાં એકમાત્ર 'વૃશ્ચિક' તારામંડળ જ એવું છે જેનો નામ પ્રમાણે આકાર છે. એક વાર ઓળખી લીધા પછી એ કદી ભુલાય નહિ એવું સુંદર મોટું તારામંડળ છે. આ મહિને તેનાથી જ (નીચે જમણી બાજુ) આરંભ કરીને કેટલાંક મંડળો જોઈએ.

વૃશ્ચિક (Scorpius)ના મુખ પાસેના ત્રણ સાધારણ અને એક ઝાંખો મળીને ચાર તારા 'અનુરાધા' નક્ષત્રના ગણાય છે. તે પછી આ વીંછીના પેટ-પીઠ પર પણ ત્રણ તારાનું એક જૂથ છે. જેની ગણના જ્યેષ્ઠા નક્ષત્રમાં છે. એમાંનો વચ્ચેનો લાલ દેખાતો તારો 'પારિજાત' (Antares) એક અતિ વિરાટ તારો છે. સૂર્ય કરતાં સાડા ત્રણ કરોડ ગણો એ મોટો છે. પણ છતાં એનું વજન સૂર્ય કરતાં ૩૦ ગણું જ વધુ છે. એટલે કે એના દ્રવ્યનું ઘટત્વ એટલું ઓછું છે. આપણા વાતાવરણમાં એક ઘનફૂટ જેટલી જગ્યામાં જેટલું વાયુદ્રવ્ય સમાય એટલું દ્રવ્ય પારિજાત પર ૧૫૦૦ ઘન માઈલમાંથી મળે. પારિજાત સૂર્ય કરતાં ૧૯૦૦ ગણો તેજસ્વી છે. આપણાથી ૫૨૦ પ્રકાશવર્ષ દૂરના આ પારિજાતને એક ઝાંખો લીલો સાથીદાર પણ છે.

વૃશ્ચિકની પૂછડી પાસેનો ભાગ 'મૂળ' નક્ષત્રનો ગણાય છે. એની પાસે 'એમ(મેસીઅર)-૬' અને 'એમ.-૭' નામક બે તારાગુચ્છ છે. એમ-૭ નરી આંખે પણ કળી શકાય છે. એમ-૬ દૂરબીનમાં 'પતંગિયાની પાંખ' જેવું દેખાય છે. વૃશ્ચિકના મુખ પાસે પણ તારાગુચ્છો છે ને ત્યાંની એક નિહારિકા પણ નોંધનીય છે.

વૃશ્ચિકની ઉત્તરે 'સર્પધર' (Ophiuchus) અને 'સર્પ' (Serpens)ના બે અલગ વિસ્તાર આવેલા છે. 'સર્પ'નો અગ્રભાગ (અને સર્પમુખ) આપણે જોયો છે. આગળ જઈ 'સર્પધર' (ગારુડી)ના પગ તળે ચંપાતા આ સર્પના પુચ્છનો ભાગ જોવા મળે છે. આ મંડળોમાં પણ એક બે નિહારિકા નોંધનીય છે. અન્યથા આ બંને અનાકર્ષક તારામંડળો છે.

સર્પપુચ્છની બાજુમાં છે 'ઢાલ' (Scutum). નાનકડું આ મંડળ છે; પણ એમાંનું 'એમ-૧૧' નામક તેજસ્વી તારાગુચ્છ નોંધનીય છે.

સર્પધરની ઉત્તરે છે 'શૌરી' (Hercules). ગ્રીક પુરાણોના એક મહાવીર હર્ક્યુલિસના નામે ઓળખાતા આ મંડળને આપણે કાલીય નાગને નાથતા કૃષ્ણ તરીકે ઓળખીએ છીએ. આપણું સૂર્યમંડળ એક સેકંડના બાર માઈલ (૧૯.૩૨ કિ. મી.)ના વેગે આ મંડળની દિશામાં ધસી રહ્યું છે. શૌરીમાં 'મે-૧૩' નામનું નરીઆંખે યે કળી શકાતું એક મોટું તારાગુચ્છ છે જેમાં ૫૦,૦૦૦થી ૧,૦૦,૦૦૦ તારા છે. આપણાથી એ ૨૩,૦૦૦ પ્રકાશવર્ષ દૂર છે.

શૌરીના માથા પરનો તારો એક અતિ વિરાટ તારો છે. એનું કદ એટલું તો મોટું છે કે, પૃથ્વીથી તેર લાખ ગણા મોટા આપણા સૂર્ય જેવડા ૫૧ કરોડ સૂર્યો એના દળમાંથી બની શકે. સૂર્ય કરતાં ૧૯૦૦ ગણો એ તેજસ્વી તારો છે.

શૌરીની બાજુમાં 'વીણા' (Lyra)નું નાનકડું મંડળ તેના, સૂર્ય કરતાં દોઢસો ગણા તેજસ્વી તારા 'અભિજિત' (Vega)ના કારણે વિખ્યાત છે. નીલશ્વેત અભિજિત આપણાથી ૨૬ પ્રકાશવર્ષ દૂરનો અને આ સમયના આકાશમાં સૌથી વધુ તેજસ્વી દેખાતો તારો છે. એની બાજુમાં એક યુગ્મ તારો છે એ યુગ્મના બંને તારા પણ યુગ્મ હોઈ આ જોડકામાં કુલ ચાર તારા છે. એ એકબીજાને આડે આવવાથી દર તેર દિવસે એના તેજની વધઘટ જોવા મળે છે. વીણામાં 'એમ-૫૭' નિહારિકા એના કંકણ કે વીંટી જેવા આકારને કારણે 'રિંગ' નિહારિકા તરીકે જ ઓળખાય છે. આપણાથી એ ૫૪૦૦ પ્રકાશવર્ષ દૂર છે. વૃશ્ચિકના મુખ પાસેની નિહારિકા પણ આ આકારની છે. બંને નિહારિકા 'પ્લેનેટરી' છે. કોઈ તારાનો વિસ્ફોટ થઈ ફેંકાતા વાયુમય તત્ત્વો વડે એ રચાય છે. સામાન્યતઃ આવી નિહારિકાઓ દૂરબીનમાં પણ બહુ ઝાંખી દેખાય છે, પણ વીણાની આ નિહારિકા તો દૂરબીનમાં અતિ પ્રેક્ષણીય છે. □

ગણિતગમ્મત

૧થી શરૂ થતા થોડીક ક્રમિક સંખ્યાઓના જૂથ વચ્ચેનો એક રસમય સંબંધ અહીં જોઈએ.

$$\frac{૧^૨+૨^૨}{૧+૨} = \frac{૧+૨}{૧} \cdot \frac{૧+૨+૩+૪}{૧+૨+૩}$$

$$\frac{૧^૨+૨^૨+૩^૨}{૧^૨+૨^૨} = \frac{૧+૨+૩}{૧+૨} \cdot \frac{૧+૨+૩+૪+૫+૬}{૧+૨+૩+૪+૫}$$

એ પ્રમાણે આગે ત્યાં સુધી.

—રાજેન્દ્ર શાહ

પરદેશનાં પત્રમિત્રો

(1) Zarie Laurentia, Soseaua Catelu No. 62, Block G 14. Scara A Etaj 6, Apartment 25, Sector 4, Bucarest, Rumania. (M–17) Pop music, general interests. (2) Muhammad Alam Siddiqi, 1–D Cottage, Block B., Samanabad, Lahore, Pakistan (M–17) Pop music, art, photography. (3) Irfan Mazhar, Darns–Salam Bldg; 7 Main Market, Samanabad, Lahore–Pakistan. (M–19) Stamps, view-cards, music. (ચાલુ)


આ માસ (જૂન) ઇતિહાસમાં

તા. ૧ (૧૮૭૬) લેડી વિદ્યાગૌરી નીલકંઠનો જન્મ. ગુજરાતના અગ્રણી નાગરિક સરદાર ભોળાનાથ સારાભાઈનાં એ દૌહિત્રી અને જાણીતા સમાજસુધારક મહીપતરામ રૂપરામ નીલકંઠના સૌથી નાના પુત્ર અને જાણીતા વકીલ તથા લેખક રમણભાઈનાં પત્ની. સ્ત્રીશિક્ષણનાં અભાવના એ જમાનામાં પરણ્યા પછી યે અભ્યાસ જારી રાખી ઈ. ૧૯૦૧માં તેઓ ગુજરાતનાં પ્રથમ સ્ત્રીસ્નાતક થયાં. ઈ. ૧૯૦૦માં છપ્પનિયા દુકાળ વખતથી સ્ત્રીઓ અને બાળકોની સેવા સાથે આરંભેલી સમાજસેવામાં એમણે ગુજરાતનાં સમાજજીવન, શિક્ષણ, સાહિત્ય, સંસારસુધારા ને નારીપ્રતિષ્ઠાનાં અનેકવિધ ક્ષેત્રો જીવનની છેલ્લી ઘડી સુધી પોતાની સંગીન કાર્યપદ્ધતિ ને દક્ષતાથી સીંચ્યાં હતાં. શ્રી રમણભાઈના 'જ્ઞાનસુધા'ના સંપાદનમાં તથા એમની સાથે લખેલા 'હાસ્યમંદિર'માંના લેખો ઉપરાંત 'સુબોધહાસિની' (રમેશચંદ્ર દત્તની નવલકથાનું અવતરણ), 'નારીકુંજ', 'ગૃહદીપિકા', 'ફોરમ' વગેરે એમની જાણીતી કૃતિઓ છે. ગુજરાતી સાહિત્ય પરિષદના વડોદરાના અધિવેશનનું પ્રમુખપદ ને ૧૯૩૨ની અખિલ હિંદ મહિલા પરિષદનું પ્રમુખપદ એમણે સંભાળેલું. ગુજરાત વિદ્યાસભાનાં ૩૦ વર્ષ સુધી તેઓ મંત્રી હતાં અને આખર સુધી ગુજરાત સાહિત્યસભાનાં પ્રમુખ. બ્રિટિશ સરકારે એમને 'એમ. બી. ઈ.' અને 'કૈસરે હિંદ'ના ખિતાબથી નવાજેલાં. કર્વે વિદ્યાપીઠે એમને ડી. લિટ.ની ઉપાધિ આપેલી. ઈ. ૧૯૫૮ની ૭મી ડિસેમ્બરે એમનું અવસાન થયું.

તા. ૨ (૧૯૫૩) બ્રિટનનાં હાલનાં મહારાણી ઇલિઝાબેથ બીજાનો રાજ્યાભિષેક. આઠમા એડવર્ડે મિસિસ વૉલિસ વૉરફિલ્ડ સાથે ઈ. ૧૯૩૭માં આ જ માસની ૩જી તારીખે લગ્ન કર્યાં. આ લગ્ન ખાતર એમણે રાજગાદીનો ત્યાગ કર્યો. પરિણામે ઇલિઝાબેથ બીજાના પિતાને ગાદી મળી હતી, અને એથી જ તેમને આ મહારાણીપદ મળ્યું. બ્રિટનનાં મહારાણી વિક્ટોરિયા પણ ઈ. ૧૮૩૭માં આ જ માસની ૨૦મી તારીખે ગાદીનશીન થયેલાં.

તા. ૩ (૧૯૧૬) સ્ત્રી-કેળવણીના પુરોધા ધોંડો કેશવ કર્વેએ મહિલા વિદ્યાપીઠની સ્થાપના કરી.

તા. ૫ (૧૭૮૩) તાપણામાંથી નીકળતા ધુમાડાને રેશમની કોથળીમાં ભરીને ઉડાડવાના પ્રયાસથી આરંભી ઉત્તરોત્તર પ્રયોગો વધારતા જઈને અંતે ફ્રાંસના ઍનોની ગામના જૉસેફ અને ઍન્ટની મૉન્ટગોલ્ફર ભાઈ-



ઓએ ૩૮ ફૂટના વ્યાસના એક જંગી ગુબ્બારાને ઉડાડીને બલૂનના ઉડ્ડયનક્ષેત્રનાં દ્વાર ખોલ્યાં. એમનું અને જગતનું એ પ્રથમ બલૂન ૬૦૦૦ ફૂટ ઊંચે જઈ દસેક મિનિટમાં પાછું નીચે આવેલું. એ જ દિશામાં પ્રયોગો જારી રાખી એમણે પછી બલૂન સાથે કેટલાંક પ્રાણીઓ, અને તે પછી એક માણસને પણ અધ્ધર ચડાવ્યો. દરમિયાન એ પણ જાણવા મળ્યું કે ઊંચે જવામાં ધુમાડો નહિ પણ અગ્નિથી પાતળી ને હળવી બનતી હવા કારણભૂત હતી. એટલે હવા કરતાં હળવો કોઈ પણ વાયુ એમાં ચાલી શકે. પ્રો. ચાર્લ્સ રૉબર્ટ નામના માણસે હાઈડ્રોજન ભરીને રબ્બર ચડાવેલા રેશમનું બલૂન ઉડાડી બે કલાકમાં ૨૦ માઈલનું ઉડ્ડયન કરી બતાવ્યું. ઈ. ૧૭૮૫માં બલૂન વડે ઇંગ્લિશ ખાડી પાર કરાઈ. એ જ વર્ષમાં એક ઉડ્ડયનમાં બલૂન સળગી ઊઠતાં બે માણસો માર્યા ગયા. બલૂનની એ પ્રથમ જીવલેણ હોનારત હતી.

વાયુ ભરેલાં બલૂનોના અનુભવોને આધારે અને મોટરગાડીના યંત્રની શોધને સાંકળી લઈને જર્મનીના કાઉન્ટ ઝેપલિને ઈ. ૧૯૦૦માં એક જંગી હવાઈ જહાજ (ઍરશિપ) બનાવ્યું. હવા કરતાં હળવા વાયુ—બહુધા હાઇડ્રોજનને આધારે



હવામાં અધ્ધર જતાં એ હવાઈજહાજો ખરે જ જંગી જહાજો જેવાં હતાં. ઈ. ૧૯૧૦ની ૧૯મી જૂને આવાં હવાઈજહાજોનો એક નિયમિત વહેવાર સ્થપાયો અને બર્લિનથી લેઈક કૉન્સ્ટન્ટ સુધીની અવરજવર આરંભાઈ. પરંતુ આ પ્રથમ એરલાઈનર ડૉઈશલૅન્ડ પહેલી જ સફરમાં તા. ૨૮મીએ અકસ્માતમાં નાશ પામ્યું.

યાંત્રિક વિમાનોનો એ હજી ઉગમકાળ હતો. વાયુ ભરેલાં હવાઈજહાજોમાં ઓછી સલામતી જણાતાં યાંત્રિક વિમાનો પ્રતિ વધુ લક્ષ અપાવા લાગ્યું અને એનો વિકાસ ઝડપી બન્યો છે. ૧૯૨૮ની ૧૮મી જૂને આવા એક યાંત્રિકવિમાનમાં પ્રથમ સ્ત્રી વિમાની અમેરિકાની એમિલીઆ એર હાર્ટે આટલાંટિક મહાસાગર પાર કર્યો.

આજે હવે ગ્લાઈડિંગની પેઠે એક રમત તરીકે બલૂનનું ઉડ્ડયન લોકપ્રિય બન્યું છે; જ્યારે બળતણની ખેંચ તથા સલામત હળવા વાયુઓ પ્રાપ્ય બનતાં અમુક પ્રકારની ખેપ માટે ફરી હવાઇજહાજનો ઉપયોગ કરવાનું વિચારાઈ રહ્યું છે.

તા. ૮ (૧૭૫૮) પિતા શાહજહાંને આગ્રાના કિલ્લામાં કેદ કરીને ઔરંગઝેબ ગાદીએ બેઠો.

તા. ૧૨ (૧૮૭૨) જાપાનમાં રેલવે-વ્યવહારનો પ્રારંભ થયો. આ જ માસમાં તા. ૨૨/૧૯૦૪માં કેપથી કાઈરો સુધીની લાંબી રેલવે પણ ખુલ્લી મુકાઈ હતી.

તા. ૧૮ (૧૮૫૮) સ્વાતંત્ર્યસંગ્રામ દરમિયાન અંગ્રેજો સામેની બહાદુરી ભરી લડતમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનું અવસાન.

તા. ૨૫ (૧૯૩૯) બાળશિક્ષણના આચાર્ય ગિજુભાઈ બધેકાનું અવસાન.

તા. ૨૬ (૧૮૯૩) હિંદમાં સોનાનું ચલણ શરૂ થયું હતું. અને—

તા. ૨૮ (૧૮૭૯) હિંદમાં એક પૈસાની કિંમતનાં ટપાલનાં પોસ્ટકાર્ડ ચાલુ થયાં હતાં.

તા. ૨૬ (૧૫૩૯) બાદશાહ હુમાયૂંને બક્સર નજીક છપ્પરઘાટ મુકામે શેરશાહે હરાવ્યો. આ શિકસ્તથી આશ્રય માટે સિંધ-રાજસ્થાનના રણમાં છુપાતો-ભટકતો હુમાયૂં છેક ઈરાન નાસી ગયો. બીજી તરફ ઉત્તમ છતાં એકહથ્થુ રાજવહીવટનો કર્તાહર્તા શેરશાહ યુદ્ધમાં માર્યો જતાં પાછળ એની રાજ્યવ્યવસ્થા ભાંગી પડી અને આ તકનો લાભ લઈ હુમાયૂંએ ચઢાઇ કરી ફરી દિલ્હી હાથ કર્યું એ પણ આ માસની ૨૩મીએ ઈ. ૧૫૫૫માં. અને ત્યારથી હિંદની જાહોજલાલ મુઘલાઈનાં બીજ રોપાયાં.

ઠોકર અસંખ્ય મારી હું સીધું કરી દઈશ,
હદથી વધુ નસીબ જો મુજને સતાવશે.

—જલન માતરી

ગ્રીક તત્ત્વવેત્તા ડાયોજિનીસને ત્યાં કામ કરતો ગુલામ ચુપકીદીથી નાસી ગયો ત્યારે ડાયોજિનીસે તેની પરવા કર્યા વિના તેનું કામ પોતે કરવા માંડયું. એ જોઈ એક મિત્રે સૂચવ્યું કે તમે મહેનત કરો છો તેના કરતાં આપણે જઈને એને શોધી લાવીએ. એ સાંભળીને ડાયોજિનીસે કહ્યું: 'મારા સેવક મારા વિના ચલાવી શકે, તો હું એના વિના ચલાવી ન શકું? મારે મારા ગુલામના પણ ગુલામ બનવું નથી.'

કહેવતોના અર્થ: 'હું પહોળી ને શેરી સાંકડી.'—પોતે ડાહ્યો, હોશિયાર, સર્વ શક્તિવાળો છે અને બીજા બધા તુચ્છ છે એવા ભાવનાં બણગાં ફૂંકનાર માટે વપરાતી સચોટ દૃષ્ટાંતવાળી (કે મારા જેવીને ચાલવા માટે આ શેરી સાંકડી પડશે.) કહેવત.

અનેકાર્થી શબ્દ: **તારા** = આકાશમાં ચમકતો તેજસ્વી ગોળો, તારો; આંખની કીકી; બૌદ્ધોની એક દેવી; હરિશ્ચન્દ્રની સ્ત્રી, વાલીની સ્ત્રી, એમ પુરાણકથાઓમાં આવતાં સ્ત્રીપાત્રો; પિંગળમાં એક છંદ; ચિડા નામનું એક ગંધદ્રવ્ય; દસ વિદ્યાઓ માંહેની એક; પ્રયાણ વખતે ડાબી બાજુથી ઊડી જમણી તરફ જતી દેવચકલી; વાસ્તુશાસ્ત્રના કામમાં ગણિતનો એક આંકડો; હોશિયાર તરનારા.

ટિકિટ-કથા



ઑસ્ટ્રેલિયાની સૌથી જૂની વસાહત ન્યૂ સાઉથ વેલ્સની પ્રથમ ટપાલ-ટિકિટોમાંની આ એક ટિકિટ 'સિડની વ્યૂ' નામે ઓળખાય છે. જોકે એના પર ત્યાંની રાજધાની સિડનીનું દૃશ્ય નથી. મૂળ તો હોપ (આશા) દેવી આ નવા પ્રદેશમાં શાંતિ, કલા ને પુરુષાર્થને આવકારે છે એવું આલેખન એમાં છે. વિખ્યાત પૉટરી કલાકાર વેજવૂડે એ સંજ્ઞાચિત્ર કરેલું, પણ ટિકિટ છાપવા માટે ત્રણ જુદાજુદા એન્ગ્રેવરોએ જે આકૃતિઓ કોરી તે કંઈ ઓર જ બની. ત્યાંના લોકો તો એમાં સોનું ખોળતા 'ગોલ્ડ ડિગર્સ' આદિ વસાહતીઓનું આલેખન સમજતા હતા! પણ આ ગોટાળા ઉપરાંત ઑસ્ટ્રેલિયાની પ્રથમ ટિકિટ તરીકે પણ એની મોટી માગ છે.

રમણ ('કુમાર' અંક ૬૧૮)

એક અદ્દભુત ચીજ છે. દુનિયાનો તવંગરમાં તવંગર માણસ પણ એ મેળવી શકતો નથી, પણ તમે ધારો તો એ મફત મેળવી શકો. એનું નામ સંતોષ.

મિસરનો વિખ્યાત મોટો ચિયોપ્સનો પિરામિડ આજથી ૪૬૦૦ વર્ષ પહેલાં બંધાયો ત્યારે તેની રચનામાં ૧,૦૦,૦૦૦ માણસોને ત્રીસ વર્ષ લાગ્યાં હતાં, હવે આજની અદ્યતન પદ્ધતિઓ અને સાધનો વડે બાંધવો હોય તો ૪૦૫ માણસો છ વર્ષમાં તે ઊભો કરી શકે અને તેની પાછળ ૯,૬૦,૦૦,૦૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ થાય એવો અંદાજ કાઢવામાં આવ્યો છે.

દુશ્મનાવટની હદ સુધી પહોંચેલા બે હરીફો એક સ્થળે સામસામા થઈ ગયા. એક અંદર જતો હતો અને બીજો બહાર આવતો હતો. એકે બીજાને જોઈને ગુસ્સાથી કહ્યું: 'હું બદમાસોનું મોં જોતો નથી.'

'હું તો જોઉં છું.' બીજાએ ઠંડકથી કહ્યું.

ચાંદીની ચીજો તથા વાસણો સાથે કપૂરનો કટકો રાખી મૂકવાથી રૂપું ઝાંખું નહિ પડે અને વળી ચીજો સુગંધિત રહેશે. કરી જોજો.



કલાકણિકા: બસ્તર પ્રદેશના મુરિયા જાતિના આદિવાસીઓની ખાવાની તમાકુ રાખવા માટેની કેરી ઘાટની કલાત્મક દાબડી



હીરો એ દુનિયાનો સખતમાં સખત ખનિજ પદાર્થ છે, જ્યારે પેન્સિલમાં વપરાતો ગ્રેફાઈટ વધુમાં વધુ પોચું ખનિજ છે. આ બંને પદાર્થો ચોખ્ખા કાર્બન પદાર્થો છે. પણ એ બંને વચ્ચેના આટલા બધા તફાવતનું કારણ એમની અણુરચનાના ફર્કમાં સમાએલું છે.

આંખ આવીને બહુ દુખતી હોય તેના ઉપર લીંબોઈનાં પાનને સાફ કરી, ઘી ચોપડીને ગરમ કરી દરેક આંખે ચારચાર પાંચપાંચ પાનની થોકડી મૂકી પાટો બાંધી દેવાથી આંખમાંથી ગરમ પાણી રૂપે ગરમી ઝમી જઈને સવારે આંખ ચોખ્ખી થઈ જશે.

અત્યંત બારીક મસ્લિન જેવા કપડામાં સલામત રીતે પિન ભરાવવી હોય તો કાપડની તળેના ભાગમાં કૉટનવૂલ (રૂ)નો ટુકડો રાખી, તેમાં ભરાવવાથી તેને ટેકે પિન અક્કડ રહેશે અને કપડું ફાટશે નહિ.

